CMYK CMYK

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : ૨૪ ઓક્ટોબર ૨૦૨૪, ગુરુવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, આસો વદ ૮ | અંક : ૧૧૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### રાજ્યના કૃષિમંત્રી દ્વારા સહાય પેકેજ જાહેર કરવામાં આવ્યું

# રાજ્યના ખેડૂતો માટે ૧૪૧૯.૬૨ કરોડનું સહાય પેકેજ જાહેર કરાયું


**33 ટકાથી વધુ નુકસાન હશે તેમને નિયમ પ્રમાણે મળશે મદદ : ૨૦ જિલ્લાના ૧૩૬ તાલુકાના ખેડૂતોનો આ રાહત પેકેજમાં સમાવેશ કરવામાં આવ્યો છે**

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૩ ।

ગુજરાતમાં છેલ્લા ઘણાં સમયથી કમોસમી વરસાદ વરસી રહ્યો છે અને હાલ ખેડૂતોનો પકવેલો પાક સંપૂર્ણ નાશ પામ્યો છે, ગત વર્ષે પણ આવી જ પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. ખેડૂતોને આજીવિકાનો અન્ય કોઈ સ્ત્રોત ન હોવાથી ખેડૂતો આર્થિક રીતે પાયમાલ થયા છે અને દેવાના બોજ તળે દબાયા છે. ત્યારે હવે રાજ્યના કૃષિમંત્રી દ્વારા ખેડૂતો માટે ૧૪૧૯.૬૨ કરોડનું સહાય પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં રાજ્ય સરકારના બજેટમાંથી ૩૬૨ કરોડની સહાય આપવામાં આવશે. ઋષિકેશ પટેલ દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરીને ઓગસ્ટમાં વરસેલા વરસાદના કારણે જે ખેડૂતોનો મુખ્ય પાક જેવા કે ડાંગર, સોયાબીન, મગફળી જેવા પાક બગડી જતાં ભારે નુકસાનનો સામનો કરવો પડ્યો, તેવા ખેડૂતો માટે સહાય ૧૪૧૯.૬૨ કરોડનું પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ૨૦ જિલ્લાના ૧૩૬ તાલુકાના ખેડૂતોનો આ રાહત પેકેજમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પિયત વિસ્તારમાં હેક્ટર દીઠ ૨૨ હજાર રૂપિયાની સહાય અને બિન પિયત વિસ્તારમાં હેક્ટર દીઠ ૧૧ હજારની સહાય આપવામાં આવશે. કૃષિમંત્રીના જણાવ્યા અનુસાર, ૬ હજારથી વધુ ગામોના આશરે ૭લાખ ખેડૂતોને આ સહાય પેકેજનો લાભ મળી શકશે. નોંધનીય છે કે, ૮ લાખ હેક્ટર જેટલા વિસ્તારમાં ૩૩ ટકાથી વધુ નુકસાન થયું હોય તેમાં નિયમો હેઠળ સહાય ચુકવવામાં આવશે. આ સહાય પેકેજ ફક્ત ઓગસ્ટ મહિનામાં વરસેલા વરસાદમાં થયેલાં નુકસાન માટે જ જાહેર કરવામાં આવ્યું છે. આ સિવાય પાછોતરા વરસાદને લઈને થયેલાં પાક નુકસાન વિશે પણ સર્વે કરવામાં આવશે. તેમજ તે અંગે પણ ખેડૂતોને સહાય માટે રાજય સરકાર વિચાર કરશે. કૃષિ મંત્રી રાઘવજી પટેલના જણાવ્યા અનુસાર, રાહત મેળવવા માટે ખેડૂતોએ ડિજીટલ ગુજરાત પોર્ટલ પર ખેડૂતની સાતબાર, બેન્ક એકાઉન્ટની વિગત, અને આધાર નંબર સાથે ખેડૂતોએ અરજી કરવાની રહેશે. ઓગસ્ટ મહિનામાં થયેલા વરસાદના નુકસાન માટે રાજ્યના અમદાવાદ, રાજકોટ, જૂનાગઢ, સુરત, વડોદરા, પંચમહાલ, નવસારી, સુરેન્દ્રનગર, દ્વારકા, ખેડા, આણંદ, મોરબી, જામનગર, કચ્છ, તાપી, દાહોદ, ડાંગ, ભરૂચ, પાટણ અને છોટા ઉદેપુર જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો છે. દિવાળી બાદ ખેડૂતોને આ સહાય પહોંચાડવામાં આવશે. આ સહાયનો ૪ લાખ ૧૯ હજાર જેટલા ખેડૂતોને લાભ મળશે. SDRF સહિત ટોપઅપ રકમની રાજ્ય સરકારે જાહેરાત કરી છે. ઓગસ્ટ માસમાં પડેલા વરસાદથી થયેલ નુકસાનીને રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી છે. નોંધનિય છે કે, પાછોતરા વરસાદમાં થયેલ પાક નુકસાનીનો પણ સર્વે કરાશે. તૈયાર પાકો પર પડેલા વરસાદના કારણે થયેલ નુકસાનીનો સર્વે પણ કરવામાં આવશે. જે તાલુકામાં પાછોતરો વરસાદ થયો છે ત્યા ફાઈનલ સર્વે કરવામાં આવશે.

### ડિનર ટેબલ પર પુતિનની બાજુમાં વડાપ્રધાન મોદી

# આખી દુનિયાએ જોઈ ભારત-રશિયાની મિત્રતા



। (એજન્સી) કઝાન, તા.૨૩ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૬માં બ્રિક્સ શિખર સંમેલનમાં સામેલ થવા માટે ૨ દિવસના રશિયા પ્રવાસે છે. રશિયામાં કઝાનમાં થનારા સંમેલનમાં અલગથી પીએમ મોદીએ મંગળવારે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિન સાથે મુલાકાત કરી. આ દરમિયાન બંને વચ્ચે ખાસ બોન્ડિંગ જોવા મળ્યું. પુતિને આ વખતે એવી વાત કરી કે ત્યાં હજાર પીએમ મોદી સહિત તમામ લોકો ખડખડાટ હસી પડ્યા. BRICS નેતાઓ માટે આયોજિત ડિનરમાં પણ પુતિન અને પીએમ મોદીની મિત્રતા નજરે ચડી.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિન અને પીએમ મોદી વચ્ચે રશિયાના કઝાન શહેરમાં થયેલી દ્વિપક્ષીય બેઠકમાં બંને નેતાઓ વચ્ચે ગાઢ મિત્રતાની ઝલક જોવા મળી. દ્વિપક્ષીય બેઠકમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિને કહ્યું કે આપણા સંબંધ એટલા મજબૂત છે કે તમે (પીએમ મોદી) કોઈ પણ અનુવાદ વગર મારી વાત સમજી જશે. જેના પર ગવર્નર પેલેસના રૂમમાં હાસ્ય છલકાઈ ગયું.

આ સાથે રશિયન રાષ્ટ્રપતિએ જુલાઈમાં પ્રધાનમંત્રી મોદીની મોસ્કો યાત્રા દરમિયાન થયેલી સાર્થક વાર્તાને યાદ કરી. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિનની વાત સાંભળીને પીએમ મોદી પણ હાસ્ય રોકી શક્યા નહીં. આ સાથે જ તેમની સાથે બાજુમાં બેઠેલા વિદેશમંત્રી એસ જયશંકર પણ હસવા લાગ્યા હતા. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિને BRICS નેતાઓ માટે આયોજિત ડિનરમાં પણ પુતિન અને મોદીની મિત્રતા નજરે ચડી. પીએમ મોદી ડિનર ટેબલ પર પુતિનની બાજુમાં બેઠા અને આ દરમિયાન બંને વાત કરતા જોવા મળ્યા. રાષ્ટ્રપતિ પુતિનની ડિનર પાર્ટીમાં પીએમ મોદી બ્લ્યુ-બ્લેક કોટમાં પહોંચ્યા હતા. આ સાથે તેમણે લાલ રંગનું મફલર પણ પહેર્યું હતું. પુતિનના ડિનરમાં પીએમ મોદી ઉપરાંત શી જિનપિંગ સહિત અન્ય બ્રિક્સ દેશોના રાષ્ટ્રાધ્યક્ષો પણ સામેલ થયા હતા. વ્લાદિમિર પુતિન અને ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગ જ્યારે એકબીજા સાથે વાત કરતા હતા ત્યારે પીએમ મોદી થમ્સ અપનો ઈશારો કરતા જોવા મળ્યા. આ દરમિયાન પુતિન કઈક કહી રહ્યા હતા અને તેમની વાત પર ચીની રાષ્ટ્રપતિ પણ હસતાં જોવા મળ્યા.

## ન્યૂઝ બ્રિફ

### પ્રિયંકા ગાંધીનો રોડ શો, દિગ્ગજોની હાજરીમાં ઉમેદવારી નોંધાવી



। (એજન્સી) વાયનાડ, તા.૨૩ ।

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કેરળના વાયનાડથી ઉમેદવારી પત્ર ભર્યું છે. આ દરમિયાન પ્રિયંકાની સાથે તેમની માતા સોનિયા ગાંધી, ભાઈ રાહુલ ગાંધી અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પણ હતા. નોમિનેશન ફાઈલ કરતી વખતે પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાડ્રા અને પુત્ર પણ તેમની સાથે હતા. આ પહેલા પ્રિયંકાએ એક રોડ શો અને જનસભાને સંબોધિત કરી હતી. રાહુલ ગાંધીએ અમેઠી અને વાયનાડ એમ બે લોકસભા બેઠકોમાંથી વાયનાડની બેઠક ખાલી કર્યા બાદ હવે આ બેઠક પર પેટા ચૂંટણી યોજાઈ રહી છે.

### બોમ્બે હાઈકોર્ટે છોટા રાજનના જામીન મંજૂર કર્યા

। (એજન્સી) મુંબઈ, તા.૨૩ ।

બોમ્બે હાઈકોર્ટે ગેંગસ્ટર છોટા રાજનના શરતી જામીન મંજૂર કર્યા છે. ૨૦૦૧માં જયા શેટ્ટી હત્યા કેસમાં દોષિત છોટા રાજનને આજીવન કારાવાસની સજા ફટકારવામાં આવી હતી. જસ્ટિસ રેવતી મોહિત ડેરે અને જસ્ટિસ પૃથ્વીરાજ ચવ્હાણની ડિવિઝનલ બેન્ચે રૂ. ૧ લાખના બોન્ડ પર રાજનના જામીન મંજૂર કર્યા છે. અંડરવર્લ્ડ ડૉન છોટા રાજને ૨૦૦૧માં હોટલ માલિક જય શેટ્ટીની હત્યાકાંડમાં સજા રદ કરવા અને જામીનની માંગ કરતા બોમ્બે હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો.

### બાબા હમાસ જે કાશ્મીરમાં ફેલાવી રહ્યું છે આતંકવાદ

। (એજન્સી) મુંબઈ, તા.૨૩ ।

છેલ્લા કેટલાક મહિનાઓમાં જમ્મુ અને કાશ્મીરમાં એક પછી એક થયેલા હુમલાઓનો સીધો સંબંધ પાકિસ્તાન સાથે હોવાનું જણાય છે, તાજેતરમાં જ ગાંદરબલમાં થયેલા એક હુમલામાં એક નવા આતંકવાદી સંગઠનનો હાથ હોવાનું સામે આવ્યું છે. સંગઠનનું નામ તારિક લબૈક કે મુસ્લિમ સામે આવ્યું છે. અહેવાલો અનુસાર, આ નવું આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાનો જ એક ભાગ છે.

### વિવાદિત નેતાનું પત્તું કપાયું

# અજિત પવારની એનસીપીએ ૩૮ ઉમેદવારના નામ જાહેર કર્યા

। (એજન્સી) મુંબઈ, તા.૨૩ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે દ્રઊઁ અજિત પવાર જૂથે ૩૮ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી દીધી છે. આ યાદીમાં સૌથી ખાસ વાત સામે આવી તે એ છે કે, તેમાં ૯૫% વર્તમાન ધારાસભ્યોને ફરીથી ટિકિટ આપવામાં આવી છે. આ યાદીમાં નવાબ મલિક અને તેમના પુત્રી સના મલિકના નામ સામેલ નથી. અજિત પવાર પોતે બારામતી વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે. નોંધનીય છે કે, નવાબ મલિક પર દાઉદ ઈબ્રાહિમ સાથે કનેક્શન હોવાના આરોપ છે, જેથી ભાજપ તેમનો વિરોધ કરી રહ્યો હતો. આ ઉપરાંત યેવલાથી છગન ભુજબલ, આંબેગાંવથી દિલીપ વલસે પાટીલ, કાગલથી હસન મુશ્રીફ, પરલીથી ધનંજય મુંડેને ઉમેદવાર બનાવ્યા છે. અમરાવતી શહેરથી સુલભા ખોડકે, નવાપૂર ભરતથી ગાવિત, પાથરીથી નિર્મલા ઉત્તમરાવ વિટેકર અને મુંબ્રા કલવાથી નજીબ મુલ્લાને ટિકિટ મળી છે.

### આ ઘટના કલ્યાણ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૨ પર બની હતી

# નાગપુર નજીક શાલીમાર એક્સપ્રેસના બે ડબ્બા પાટા પરથી ઉતરી ગયા

। (એજન્સી) નાગપુર, તા.૨૩ ।

નાગપુરમાં એક ટ્રેન અચાનક પાટા પરથી ઉતરી ગઈ. આ અકસ્માત નાગપુરના ઈટવારી રેલવે સ્ટેશન પાસે થયો હતો. જણાવવામાં આવી રહ્યું છે કે મુંબઈથી આવી રહેલી શાલીમાર એક્સપ્રેસ ટ્રેન ઈટવારી રેલવે સ્ટેશન પર પહોંચતા જ અચાનક પાટા પરથી ઉતરી ગઈ હતી. અત્યાર સુધી પ્રાપ્ત માહિતી અનુસાર, ટ્રેનના જી૧ અને જી૨ કોચ પાટા પરથી ઉતરી ગયા છે. આ ઘટનામાં હજુ સુધી કોઈના ઘાયલ થયા હોવાની માહિતી નથી. અકસ્માત બાદ રાહત અને બચાવ કાર્ય ઉપરાંત રેલવે ટ્રેકને રિપેર કરવાની કામગીરી પણ કરવામાં આવી રહી છે. દુર્ઘટના વિશે માહિતી આપતા મધ્ય રેલવેના પ્રવક્તાએ કહ્યું કે, 'આ ઘટના કલ્યાણ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૨ પર બની હતી, જ્યારે એક કોચ પાટા પરથી ઉતરી ગયો હતો. ટ્રેન CSMT તરફ જઈ રહી હતી ત્યારે એક કોચ પાટા પરથી ઉતરી ગયો હતો. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. આ ઘટના બાદ ચર્ચગેટથી મુંબઈ સેન્ટ્રલ તરફ ધીમી ગતિનો ટ્રેક બંધ કરી દેવામાં આવ્યો હતો. જેના કારણે ઘણી ટ્રેનોને ચર્ચગેટ અને મુંબઈ સેન્ટ્રલ વચ્ચે ડાયવર્ટ કરવામાં આવી હતી. જેના કારણે લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ પહેલા આસામના ડિબ્લોંગ સ્ટેશન પાસે એક ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ હતી.

### ભારત સાથે 'ક્લાઇમેટ ડિપ્લોમસી'ની જરૂરિયાતઃ મરિયમ

# લાહોર વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર : કૃત્રિમ વરસાદની તૈયારી

। (એજન્સી) લાહોર, તા.૨૩ ।

લાહોરને વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર જાહેર કરાયા પછી પાકિસ્તાન ધુમ્મસની અસર ઘટાડવા શહેરમાં કૃત્રિમ વરસાદ વરસાવવાની યોજના ધરાવે છે. પાકિસ્તાનના પંજાબ પ્રાંતે મંગળવારે જણાવ્યું હતું કે, લાહોરનો એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ૩૯૪ના સ્તરે પહોંચ્યો છે ત્યારે લાહોરમાં બીજી વખત કૃત્રિમ વરસાદનો પ્રયાસ કરાશે. પાકિસ્તાનની સાંસ્કૃતિક રાજધાની ગણાતા લાહોરમાં નિયમિત રીતે પ્રદૂષણનું સ્તર ચેતવણીના સ્તરને પાર કરતું હોય છે. ૩૯૪ના AQI સાથે લાહોરને વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર જાહેર કરવામાં આવ્યું હતું. AQIનું ૧૦૦થી ઉપરનું સ્તર 'બિનઆરોગ્યપ્રદ' અને ૧૫૦થી ઊંચું સ્તર 'બહુ બિનઆરોગ્યપ્રદ' ગણાય છે. પંજાબના મુખ્યમંત્રી મરિયમ નવાઝે ધુમ્મસની અસર ઘટાડવા માટે ભારત સાથે 'ક્લાઈમેટ ડિપ્લોમસી'ની જરૂરિયાત જણાવી હતી.

# કોંગ્રેસ ૧૦૫ બેઠકો પરથી પોતાના ઉમેદવારો ચૂંટણીના મેદાનમાં ઉતારશે

। (એજન્સી) મુંબઈ, તા.૨૩ ।

મહારાષ્ટ્રમાં મહાવિકાસ આઘાડી ગઠબંધન વચ્ચે સીટ શેરિંગને લઈને સમજૂતિ છેલ્લા તબક્કામાં હોવાનું કહેવાય છે. સૂત્રોનું કહેવું છે કે કોંગ્રેસ, ઉદ્ધવ સેના અને શરદ પવારની એનસીપી વચ્ચે સીટ શેરિંગ અંગે જે સમજૂતિ થઈ છે તેમાં ઉદ્ધવ ઠાકરે જૂથે ત્યાગ કરવાનો વારો આવ્યો છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ કોંગ્રેસ ૧૦૫ બેઠકો પરથી પોતાના ઉમેદવારો ચૂંટણીના મેદાનમાં ઉતારશે. જ્યારે ઉદ્ધવ સેનાને ૯૬થી ૧૦૦ સુધીની સીટો મળી શકે છે. એનસીપી-શરદ પવારને ૮૫ની આસપાસ બેઠક મળી શકે છે. આ રીતે સ્પષ્ટ થઈ ગયું છે કે ઉદ્ધવ સેના કોંગ્રેસ કરતા ઓછી બેઠકો મેળવશે. આ સમગ્ર સમજૂતિ ઉદ્ધવ સેનાના ત્યાગના કારણે શક્ય બની શકે છે. જેની સતત માંગણી હતી કે તે ૧૨૫ બેઠકો પર ઉમેદવારોને ચૂંટણી લડાવશે. તો પછી અચાનક આખરે એવું તે શું થયું કે ઉદ્ધવ સેનાએ ૧૨૫ બેઠકો તો જવા દો કોંગ્રેસથી પણ ઓછી બેઠકો પર રાજી થવું પડ્યું. લોકસભામાં તેના કરતા ઉલ્ટી સ્થિતિ હતી. જ્યારે ઉદ્ધવ સેનાએ ૨૧ બેઠકો પર ચૂંટણી લડી હતી અને ૯ સીટો જીતી હતી. જ્યારે કોંગ્રેસે ૧૭ બેઠકો પર ચૂંટણી લડીને ૧૩ બેઠકો જીતી હતી. એવું મનાય છે કે આ સ્ટ્રાઈક રેટને સામે રાખીને જ કોંગ્રેસે ઉદ્ધવ સેનાને રાજી કરી અને તેઓ ઓછી બેઠક લેવા તૈયાર થયા. કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ નાના પટોળે અને ઉદ્ધવ સેનાના સંજય રાઉત વચ્ચે લાંબી વાતચીત પણ ચાલી. એટલે સુધી કે સંજય રાઉતે કહ્યું કે નાના પટોળે જે બેઠકમાં હાજર હશે ત્યાં જવા નહીં ઈચ્છે.

# પીડિતાને પણ રજૂઆતની પુરતી તક આપવામાં આવે : HC

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

જસદણના ચકચારી ગેંગરેપના આરોપી અને ભાજપના કાર્યકર પરેશ રાદડિયાના જામીન રદ કરવા માટે પીડિતા તરફથી થયેલી અરજીમાં હાઈકોર્ટના જસ્ટિસ એમ.આર. મેંગડેએ મહત્ત્વનો આદેશ કર્યો છે. જસ્ટિસ મેંગડેએ ઠરાવ્યું છે કે,'૨૩મી ઓક્ટોબરના રોજ ટ્રાયલ કોર્ટ સમક્ષ જામીન અરજીની સુનાવણી પેન્ડિંગ છે, ત્યારે એ સુનાવણી વખતે અરજદાર પીડિતાને પણ રજૂઆતની પુરતી અને ન્યાયી તક આપવામાં આવે.'હાઈકોર્ટે આદેશમાં નોંધ્યું છે કે,'પીડિતાને સાંભળ્યા બાદ અને પુરતી સુનાવણીના અંતે ટ્રાયલ કોર્ટ કાયદા મુજબનો આદેશ કરે. ટ્રાયલ કોર્ટે એ પણ સુનિશ્ચિત કરવાનું રહેશે કે જામીન અરજીનો શક્ય એટલી ઝડપે નિર્ણય કરવામાં આવે. આ કેસના વિશિષ્ટ સંજોગેને ધ્યાનમાં લેતાં હાલના તબક્કે હાઈકોર્ટ કોઈ અવલોકન કરવાનું ટાળે છે, પરંતુ એટલું તો કહેવું જ રહ્યું કે ટ્રાયલ કોર્ટની ફરજ છે કે તે તેની સમક્ષની પેન્ડિંગ કાર્યવાહી ગુણદોષના આધારે, સ્વતંત્ર રીતે અને કાયદા મુજબ નિકાલ કરે.' પ્રસ્તુત કેસમાં પીડિતા વતી એડવોકેટ આનંદ યાજ્ઞિક હાજર રહ્યા હતા. જેમણે અગાઉ સુનાવણી દરમિયાન કોર્ટને જણાવ્યું હતું કે, દેશની સર્વોચ્ચ અદાલતના ચુકાદા મુજબ પીડિતાને પણ જામીનના કેસમાં ભાગ લેવાનો અધિકાર છે, પરંતુ રાજકોટ સેશન્સ જજે પીડિતાને એ માટે વાજબી તક આપી ન હતી. કોર્ટની કાર્યવાહીના એક દિવસ પહેલા જ આટકોટ પોલીસ તરફથી પીડિતાને એક સૂચના મળી હતી. એટલું જ નહીં, વર્ષ ૨૦૧૩ પછી 'બળાત્કાર'ની વ્યાખ્યા બદલાઈ ગઈ છે અને યૌન ગુનાઓમાં સમાન રીતે ભાગ લેતા અન્ય આરોપીઓને પણ મદદ કરવી બળાત્કાર સમાન છે.




CMYK CMYK

# અમદાવાદ RTOમાં હેલ્મેટ વગર આવનારા લોકો સામે કાર્યવાહી કરાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

હવે અમદાવાદ RTO કચેરી ખાતે કોઈ કામકાજ માટે જવાનું થાય તો ટુ વ્હીલર પર ફરજિયાત હેલ્મેટ પહેરીને જજો. જો હેલ્મેટ વગર RTOમાં ગયા તો તમારી સામે દંડની કાર્યવાહી કરાશે. અમદાવાદ RTOએ આ અંગે કાર્યવાહી કરવા તમામ અધિકારીઓને સૂચના આપી છે. માત્ર અજદારો જ નહીં, પરંતુ RTO કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓ પણ હેલ્મેટ વગર કચેરી ખાતે આવશે તો તેમની સામે પણ કાર્યવાહી કરાશે. આમ, હવે રાજ્યની અન્ય કચેરીઓની જેમ અમદાવાદ RTO કચેરીએ પણ હેલ્મેટના કાયદાનો કડકાઈથી અમલ કરવાનો નિર્ણય કર્યો છે. અમદાવાદ શહેર અને રાજ્યમાં વધતા જતાં માર્ગ અકસ્માતો અને તેનાથી ગંભીર ઈજા તથા મૃત્યુના બનાવોને ધ્યાનમાં લેતા માર્ગ સલામતી લોકજાગૃતિ તથા ટ્રાફિક નિયમોનું પાલન જરૂરી છે. ટુવ્હીલર વાહનચાલકો માટે હેલ્મેટનો ઉપયોગના કાયદાનું પાલન ઉપરાંત વ્યક્તિની સુરક્ષા નિશ્ચિત કરે છે. જેના પરિણામે માર્ગ અકસ્માતો વખતે માથામાં થતી ગંભીર ઈજાઓ અને મૃત્યુની શક્યતામાં નોંધપાત્ર ઘટાડો કરી શકાય તેમ છે. હેલ્મેટના કાયદાને લઈને હાઈકોર્ટ દ્વારા સરકારને કડક ટકોર કરી હતી. જેના પગલે રાજ્ય સરકાર દ્વારા પણ હવે આ કાયદાનો કડકાઈથી અમલ કરવા માટે કાર્યરત છે. જેના પગલે રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી તાકીદને પગલે અમદાવાદ RTO કચેરીના તમામ કર્મચારીઓ અને અરજદારોને કાયદાનું પાલન કરવા આદેશ કરાયો છે. RTOના તમામ કર્મચારીઓ અને અધિકારીઓ તથા RTO અમદાવાદ કચેરીની મુલાકાતે આવતા દરેક પ્રકારના અરજદારોએ પોતાના ટુ વ્હીલર સાથે હેલ્મેટ પહેરવી જરૂરી છે. આ નિયમનો ભંગ કરવામાં આવશે તો તે બદલ વાહનમાલિકો સામે કાયદેસરની કાર્યવાહી અથવા દંડની કાર્યવાહી હાથ ધરાશે. આ અંગે અમદાવાદ RTO દ્વારા તમામ અધિકારીઓને પરિપત્ર કરી સૂચના આપી છે. નોંધનીય છે કે, અમદાવાદ RTO કચેરી ખાતે રોજના મોટી સંખ્યામાં અરજદારો લાઈસન્સ, વાહનોના ફિટનેસ, આર.સી. બુક સહિતના અનેક કામો માટે આવતા હોય છે. જેમાં ઘણા અરજદારો હેલ્મેટ વગર જ વાહનો લઈને આવતા હોવાથી હવે તેમની સામે કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આમ, હવે બુધવારથી અમદાવાદ RTO કચેરી ખાતે આવતા અરજદારો હેલ્મેટ પહેરેલા જોવા મળશે. અરજદારો ઉપરાંત કર્મચારીઓ અને અધિકારીઓ પણ હેલ્મેટ પહેરીને આવતા થશે.




### ખેડૂતોની દિવાળી પર પાણી ફરી વળ્યુ

## અમરેલી-જૂનાગઢ જિલ્લામાં મગફળીના તૈયાર પાકને નુકસાન

। (માહિતી) અમરેલી, તા.૨૩ ।

સૌરાષ્ટ્રમાં છેલ્લા સપ્તાહથી પડી રહેલા કમોસમી વરસાદથી અનેક ઠેકાણે મગફળીના તૈયાર પાથરા પર પાણી ફરી વળ્યા છે. જેના કારણે ખેડૂતોના તૈયાર થયેલા પાકને હાનિ પહોંચી છે અને તેઓને મોટું નુકસાન થઈ રહ્યું છે. અમરેલી તથા જૂનાગઢ જિલ્લામાં વ્યાપક નુકસાની પહોંચ્યાનું કહેવાય છે, ત્યારે સરકાર પાસે પાક નુકસાનીની સહાયની માગ થઈ રહી છે. અમરેલી જિલ્લાના ખેડૂતોના જણાવ્યા પ્રમાણે, વરસાદ છેલ્લા ૧૦ દિવસથી પડે છે પારાવાર નુકસાન છે સહાય આપે એવી અમારી માંગણી છે. કપાસ, તલ, સોયાબીન સહિત બધામાં નુકસાન છે કોઈ પ્રકારનો પાક હાથમાં આવે તેમ નથી. છેલ્લા ૧૦ દિવસથી ખેડૂતો પોતાના ખેતરમાં જઈ શક્યા નથી.જૂનાગઢ જિલ્લાના વિસાવદર ભેસાણ કેશોદ માંગરોળ મેંદરડા સહિતના અનેક વિસ્તારોમાં અણધાર્યો વરસાદ આફત બની વરસી રહ્યો છે. ગઈકાલે મેંદરડા પંથકમાં ખેડૂતોના તૈયાર પાક પર વરસાદ પડતાં ખેડૂતોને મોટું આર્થિક નુકસાન થયું છે.મગફળીની સિઝન પૂરી થતાં ખેડૂતો ખેતરમાં જ મગફળીની ચુકવણી કરી છોડમાંથી મગફળી છૂટી કરી વહેંચવા માટે બજારમાં મૂકે છે. પરંતુ આ વર્ષે ખેડૂતોએ પોતાના ખેતરમાં તૈયાર થયેલ પાકને સુકવણી માટે મૂક્યો હતો. તે સમયે જ અણધાર્યો વરસાદ ખાવકતા તમામ પાકને નુકસાન થયું છે.મગફળીના પાથરાઓ પાણી ભરાઈ જવાના કારણે સડી ગયા હતા તો બીજી તરફ કપાસના પાક પર રહેલા જીંડવા પણ ઢળી પડ્યા હતા. જૂનાગઢ પંથકના ખેડૂતોના જણાવ્યા પ્રમાણે, જુનાગઢ જિલ્લાના તાલુકાઓમાં વધુ વરસાદ પડવાના કારણે ખેડૂતોનો પાક ધોવાઈ ગયો છે. જેમાં ખેડૂતોએ ખેતરમાં વાવેલ સોયાબીન, મગફળી, કપાસનો પાકો નિષ્ફળ જતા ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવાયો છે.

### દિવાળીના તહેવારો ટાણેજ ધંધા-રોજગાર છીનવાઇ

## રાજકોટમાં જૂની બજારમાંથી ફેરિયાઓને હટાવાતી વખતે મ્યુનિ. સ્ટાફ સાથે ઘર્ષણ

### વેપારીઓને ભાડા વસૂલવા સારા લાગતા હતા હવે ધંધા છીનવતા હોવાનો આક્ષેપ

। (એજન્સી) રાજકોટ, તા.૨૩ ।

રાજકોટ શહેરના લાખાજી રોજ પર પાથરણાવાળા ધંધાર્થીઓને હટાવવા ગયેલા મનપાના સ્ટાફ અને ધંધાર્થીઓ વચ્ચે ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા. દિવાળીના તહેવારો ટાણેજ ધંધા-રોજગાર છીનવાઇ ગયાનો ધંધાર્થીઓમાં રોષ જોવા મળ્યો હતો. વૈકલ્પિક વ્યવસ્થાની ખાતરી આપ્યા પછી પણ તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ન થતા પાથરણાવાળાઓમાં રોષ વ્યાપ્યો છે.

રાજકોટમાં તંત્રની દબાણ હટાવની ગઈકાલની કાર્યવાહી દરમિયાન ગરીબ ધંધાર્થીઓએ કાકલુદી કરી દિવાળી સુધી ધંધો કરવા દેવાની માંગણી કરી હતી. અનેક પાથરણાવાળા ધંધાર્થીઓએ છીનવાતી રોજીરોટી બચાવવા તંત્રને રીતસરની કાકલુદી કરી હતી પણ તંત્રએ કાયદાનો ધોકો પછાડવાનું ચાલુ જ રાખતા ધંધાર્થીઓમાં રોષ ફેલાયો હતો. અત્યાર સુધી બધું મુંગા મોએ સહન કરનાર અમુક જાગૃત પાથરણાવાળા ધંધાર્થીઓ હવે મેદાનમાં આવ્યા છે અને લાખાજી રોડ પરના વેપારીઓ સો આંગળી ચીંધી આક્ષેપો કર્યા છે કે સાહેબ, મફતમાં નથી બેસતા, જે વેપારીની દુકાનો સામે બેસીએ છીએ તે વેપારીઓને મહીને હપ્તારૂપી નાની મોટી રકમ



અપાય છે અને તોજ બેસવા દયે છે!!પાથરણાવાળા ધંધાર્થીઓએ કહ્યું કે લાખાજીરોડ પરથી જયારે તેઓને હટાવવાની કાર્યવાહી શરૂ કરાઇ ત્યારે મનપાએ વૈકલ્પિક વ્યવસ્થા રૂપે આ રોડ પર આવલી શાળામાં બેસવાની વ્યવસ્થા કરી આપવા તંત્રએ ખાતરી આપી હતી. પણ આ બાબતે તંત્રએ કોઈ નિર્ણય ન લેતા ગુજરાન ચલાવવા ના છુટકે રોડ પર જ બેસવું પડે તેવી સ્થિતિ છે.

### વાહન ચાલકો કલાકો સુધી ટ્રાફિકમાં ફસાયેલા રહે છે

## અમદાવાદ શહેરના રોડ પર બનશે ૧૦ નવા બ્રિજ, એક હજાર કરોડથી વધુનો કરાશે ખર્ચ

### ભારે ટ્રાફિકના કારણે રાહદારીઓને રોડ ક્રોસ કરવામાં મુશ્કેલી પડી રહી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

અમદાવાદમાં દિન પ્રતિદિન ટ્રાફિકની સમસ્યા વધી રહી છે. વાહન ચાલકો કલાકો સુધી ટ્રાફિકમાં ફસાયેલા રહે છે. આ દરમિયાન અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા રિંગ રોડ પરથી રોજ પસાર થતાં વાહન ચાલકો માટે ટ્રાફિક અને સિંગ્નલ મુક્ત બનશે ૧૦ નવા ઓવરબ્રિજ અને એક અન્ડરબ્રિજ બનાવાશે. મળતી માહિતી અનુસાર, રિંગ રોડ પર કમોડ, બાકરોલ, હાથીજણ, રામોલ, પાંજરાપોળ, નિકોલ, દાસ્તાન, તપોવન, શિલજ, સિંધુભવન પર ૬ માર્ગીય ઓવરબ્રિજ સહિત ઓગણજ જંકશન મળી ૧૦ જંકશન પર અંદાજિત ૧૧૦૦ કરોડ રૂપિયા ખર્ચે નવા ૧૦ ઓવરબ્રિજ અને એક અન્ડરબ્રિજ બની રહ્યો છે. જે શહેરના પૂર્વ અને પશ્ચિમને જોડતો રિંગ રોડ નવા વિકસિત વિસ્તારો માટે મહત્ત્વપૂર્ણ રહેશે. નોંધનિય છે કે, રિંગ રોડ પરથી ઉત્તર અને મધ્ય ગુજરાત સહિત સૌરાષ્ટ્રને અમદાવાદ સાથે જોડે છે. જેથી અમદાવાદ અને બહારના વાહન ચાલકો માટે રિંગ રોડની મહત્ત્વતા વધુ છે. ઉલ્લેખનીય છે કે, ભારે ટ્રાફિકના કારણે રાહદારીઓને રોડ ક્રોસ કરવામાં મુશ્કેલી પડી રહી છે. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને નેશનલ હાઈવે ઓથોરિટીએ એસ.જી. હાઈવે પર ૨૦ કરોડ રૂપિયાના ખર્ચે ૫ ફૂટ ઓવર બ્રિજ બનાવવાનો નિર્ણય લીધો હતો.

## વડોદરામાં આવકવેરા વિભાગના ૨૦થી વધુ સ્થળે સામૂહિક દરોડા

। (એજન્સી) વડોદરા, તા.૨૩ ।

દિવાળીના તહેવાર પૂર્વે જ વડોદરા શહેરના ચાર બિલ્ડર ગ્રૂપને ત્યાં વહેલી સવારે ૧૫૦થી વધુ આવકવેરા વિભાગના અધિકારીઓની ટીમોએ ૨૦થી વધુ સ્થળે સામૂહિક દરોડા પાડી કાર્યવાહી હાથ ધરી છે. આ કાર્યવાહીથી કોર્પોરેટ જગતમાં સોપો પડી ગયો છે. વડોદરા શહેરના જાણીતા એવા ચાર બિલ્ડર ગ્રૂપને ત્યાં આવકવેરાના અધિકારીઓની અલગ અલગ ટીમોએ સામૂહિક દરોડાની કામગીરી આજે વહેલી સવારથી શરૂ કરી હતી. વડોદરા શહેરના હરણી મોટનાથ મંદિર પાસે શરૂ કરવામાં આવેલી રત્નમ ગ્રૂપની સ્કીમના સંચાલક નિલેશ શેઠ તેના ભાઈ પ્રકાશ શેઠ સહિત તેમના ભાગીદારોના નિવાસ્થાન તેમજ ઓફિસો પર આજે સવારથી આવકવેરા દરોડાની કામગીરી ચાલી રહી છે.

રત્નમ ગ્રૂપ સાથે સંકળાયેલા આર્કિટેક તેમજ અન્ય ફાઈનાન્સરને ત્યાં પણ આવકવેરા વિભાગે તપાસ હાથ ધરી છે. આ ઉપરાંત વડોદરા શહેરના હાઈવે બાય પાસની આજુબાજુમાં સ્કીમો કરનાર બે બિલ્ડર ગ્રૂપને ત્યાં પણ હાલમાં આવકવેરાની કામગીરી ચાલુ હોવાની પ્રાથમિક માહિતી મળી છે. આવકવેરા વિભાગે વહેલી સવારથી શરૂ કરેલી કામગીરીમાં ૧૫૦થી વધુ અમદાવાદ સુરત અને વડોદરાના આવકવેરાના અધિકારીઓની અલગ અલગ ટીમો કામગીરી કરી રહી છે. આ દરોડામાં આવકવેરા વિભાગે ચાર બિલ્ડર ગ્રૂપના ભાગીદારો તેમજ તેમની સાથે સંકળાયેલા ફાઈનાન્સરોની ઓફિસે તેમજ તેમના નિવાસ્થાને મળી ૨૦થી વધુ જગ્યાઓ પર સામૂહિક દરોડાની કામગીરી ચાલી રહી છે.

## શાકભાજીના ભાવ આસમાને પહોંચતા ઘરનું બજેટ ખોરવાયું

। (એજન્સી) વડોદરા, તા.૨૩ ।

દિવાળી-નવા વર્ષના તહેવારોના પ્રારંભિક દિવસોમાં જ શાકભાજીના ભાવ આસમાને પહોંચતા ગૃહિણીઓના ઘરનું બજેટ ખોરવાયું છે. આવા દિવસોમાં સામાન્ય રીતે શાકભાજીના ભાવ પ્રમાણમાં ખૂબ ઓછા હોય છે પરંતુ ભારે વરસાદ અને કોલ્ડ સ્ટોરેજની વ્યવસ્થા ન હોવાના કારણે સપ્લાય ચેનને ભારે અસર થઈ છે. સામાન્ય રીતે આ સિઝનમાં રૂ.૨૦થી ૨૫ કિલોના ભાવે મળતા અને મોટાભાગના તમામ શાકમાં વપરાતા ટમેટા છૂટક બજારમાં હાલ રૂ.૧૨૦ના ભાવે વેચાઈ રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે દિવાળી-નવા વર્ષના તહેવારો અગાઉ શાકભાજીના ભાવ પ્રમાણમા ખૂબ ઓછા હોય છે. પરંતુ ચોમાસામાં સિઝન કરતા પડેલો દોઢ ગણો વરસાદ તથા હવામાન મુખ્ય કારણભૂત છે તેવી જ રીતે શાકભાજીના સંગ્રહ કરવાની સમસ્યાનું પણ કોઈ નિવારણ નથી. આવી જ રીતે પુરવઠાની સમસ્યા પણ જવાબદાર છે. ઘણીવાર ભારે હવામાનના કારણે શાકભાજી ઝડપથી બગડી જાય છે. પરિણામે ફેંકી દેવાનો વખત વેપારીઓને આવે છે. આવી જ રીતે કોલ્ડ સ્ટોરેજની પણ સમસ્યા શાકભાજી વાળાને નડી રહી છે. આવી અનેક સમસ્યાઓ શાકભાજીના ભાવ વધવા માટે કારણભૂત છે.

હાલ બટાકાના ભાવ જે સામાન્ય રીતે કિલોના ૨૫ થી ૩૦રૂપિયા, જ્યારે ડુંગળીના ભાવ રૂ.૨૦ના બદલે રૂ.૧૦૦ પર પહોંચ્યો છે. આવી જ રીતે તમામ શાકભાજીમાં વપરાતા ટમેટા પણ છૂટક બજારમાં કિલોના રૂપિયા ૧૨૦ જેવા થયા છે. ઉપરાંત સપ્લાય ચેઈનની પણ ખૂબ મોટી અસર શાકભાજીના ભાવ પર પડતી હોય છે.

સિઝનમાં આવા જ સમયે શાકભાજીની ઉપજ વધી જતા ભાવ એકદમ તળિયે આવી જાય છે. પરિણામે ઘણીવાર ખરીદનાર કોઈ નહીં હોવાથી વેપારીઓને શાકભાજી ફેંકી દેવાનો પણ વખત આવતો હોય છે. જોકે શાકભાજી માટે સંગ્રહ બિલકુલ શક્ય નથી. પરિણામે હાલ શાકભાજીના ભાવ પર ભારે અસર પડી છે. આગામી દિવાળી અને નવા વર્ષના તહેવારોમાં પણ શાકભાજીના ભાવ ઘટવાની કોઈ શક્યતા જણાતી નથી.

**વિશેષ** વડાપ્રધાનના ૧૦ વર્ષના સુશાસનના ટ્રેક રેકોર્ડમાં બજેટમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેના કેપિટલ એક્સપેન્ડીચરની વાર્ષિક ૧૮ ટકાના દરે વૃદ્ધિ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝ આગામી ૨૮ ઓક્ટોબરના રોજ વડોદરા ખાતે ભારતના પ્રથમ C-295 એરક્રાફ્ટ ફાઇનલ એસેમ્બલી લાઇનનું ઉદ્ઘાટન કરશે

। (માહિતી) ગાંધીનગર ।

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને સ્પેનના વડાપ્રધાન શ્રી પેડ્રો સાંચેઝ આગામી ૨૮ ઓક્ટોબરના રોજ ગુજરાતના વડોદરા ખાતે ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિ. ની ફાઈનલ એસેમ્બલી લાઈન (FAL), જે એક C-295 એરક્રાફ્ટ ફેસિલિટી છે, તેનું ઉદ્ઘાટન કરશે. ભારતની એરોસ્પેસ ઈન્ડસ્ટ્રી માટે આ એક ઐતિહાસિક ક્ષણ છે. આ મહત્વપૂર્ણ કાર્યક્રમ, ભારતના ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ (સંરક્ષણ સંસાધનોનું ઉત્પાદન) ક્ષેત્ર માટે એક સીમાચિહ્નરૂપ છે. વધુમાં, આ કાર્યક્રમ ભારત અને સ્પેન વચ્ચેના સંબંધોને પણ વધુ મજબૂત બનાવે છે. ઉલ્લેખનીય છે કે, ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ ફેસિલિટીનું ભૂમિપૂજન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઓક્ટોબર, ૨૦૨૨માં કરવામાં આવ્યું હતું, અને હવે ૨૪ મહિનાના સમયગાળામાં તેઓ આ ફેસિલિટીનું ઉદ્ઘાટન કરી રહ્યા છે.

સપ્ટેમ્બર ૨૦૨૧માં ભારતે ભારતીય વાયુસેના (IAF) ના જૂના AVRO કાફલાને બદલવા માટે ૫૬ C-295 એરક્રાફ્ટ્સના અધિગ્રહણ માટેની ઔપચારિકતા હાથ ધરી હતી. કોન્ટ્રાક્ચ્યુઅલ એગ્રીમેન્ટ હેઠળ, એરબસ પ્રથમ ૧૬ એરક્રાફ્ટ્સને



'ફ્લાય-અવે' સ્થિતિમાં ડિલિવર કરશે. C-295 પ્રોગ્રામ એ 'મેક ઈન ઈન્ડિયા' પહેલ હેઠળ ભારતના ખાનગી ક્ષેત્રનો પ્રથમ એરોસ્પેસ પ્રોજેક્ટ છે. ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ ફેસિલિટી ભારતીય વાયુસેના (IAF) માટે સ્વદેશી ઈલેક્ટ્રોનિક વૉરફેર સ્યુટ્સથી સજ્જ 40 C-295 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટનું ઉત્પાદન કરશે અને તેમને એસેમ્બલ કરશે. આમાંનું પ્રથમ મેડ-ઈન ઈન્ડિયા એરક્રાફ્ટ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં બનીને તૈયાર થઈ જશે તેવો અંદાજ છે, જ્યારે ફાઈનલ એરક્રાફ્ટની ડિલિવરી ઓગસ્ટ ૨૦૩૧ સુધીમાં થવાનો અંદાજ છે.

આ ઉદ્ઘાટન સમારોહ વડોદરાના ન્યુ વીઆઈપી રોડ વિસ્તારમાં યોજાશે, જ્યાં બંને વડાપ્રધાનશ્રીએ એસેમ્બ્લી લાઈન તેમજ હેંગરની ટુર કરશે, જ્યાં આ એરક્રાફ્ટનું નિર્માણ થનાર છે. કાર્યક્રમ પહેલા વડોદરા એરપોર્ટથી મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી સુધી એક ભવ્ય રોડ શૉ પણ આયોજિત કરવામાં આવ્યો છે, જેમાં ગુજરાતની વાયબ્રન્ટ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ તેમજ વડોદરાની સ્થાનિક સંસ્કૃતિને પ્રદર્શિત કરવામાં આવશે. આ રોડ શૉ ભારત અને સ્પેન વચ્ચેના ગાઢ સંબંધોને ઉજાગર કરશે, જેમાં સ્થાનિક વિદ્યાર્થીઓ અને કલાકારો આ ઉત્સવના વાતાવરણમાં ઉમેરો કરશે. એરોસ્પેસ અને વિદેશી રોકાણના કેન્દ્ર તરીકે વડોદરાએ પોતાનું સ્થાન મજબૂત બનાવ્યું છે એ દર્શાવતાં આ કાર્યક્રમ શહેરની આર્થિક ક્ષમતાને તો ઉજાગર કરશે જ, સાથે જ સ્થાનિક વ્યવસાયોને સ્પેનિશ કંપનીઓ સાથે જોડાવાની તક પૂરી પાડશે અને નવી ભાગીદારીને પ્રોત્સાહન આપશે. આ કાર્યક્રમ દ્વારા વડોદરા ભારતના સંરક્ષણ અને એરોસ્પેસ પરિદ્રશ્યમાં એક મહત્વપૂર્ણ ખેલાડી તરીકે સ્થાપિત થશે. ઉદ્ઘાટન બાદ બંને નેતાઓ ઐતિહાસિક લક્ષ્મી વિલાસ પેલેસની મુલાકાત લેશે, જ્યાં તેઓ વિદેશ મંત્રાલય દ્વારા આયોજિત દ્વિપક્ષીય બેઠકમાં ભાગ લેશે. આ દરમિયાન ભારત અને સ્પેન વચ્ચે સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર થવાની શક્યતા છે, જે બંને દેશોના વ્યૂહાત્મક સંબંધોને વધુ ગાઢ બનાવશે. ત્યારબાદ બંને દેશોના સફળ સહયોગની ઉજવણી કરવામાં આવશે અને પેલેસમાં બપોરના ભોજન સાથે કાર્યક્રમનું સમાપન થશે. વડોદરામાં જે C-295 એરક્રાફ્ટનું ઉત્પાદન કરવામાં આવશે, તે ૫-૧૦ ટનની ક્ષમતા ધરાવતું બહુમુખી મિલિટરી ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ (સૈન્ય પરિવહન વિમાન) છે, જે ૭૧ ટૂપ્સ અથવા ૪૯-૫૦ પેરાટ્રુપર્સને લઈ જવા માટે સક્ષમ છે. આ એરક્રાફ્ટની વ્યૂહાત્મક ડિઝાઈન અને રિયર રેમ્પ દરવાજાના કારણે ટુકડી અને કાર્ગો ઝડપથી તહેનાત થઈ શકે છે, જે તેને ભારતીય વાયુસેના માટે ખૂબ મહત્વૂર્ણ બનાવે છે. આ 'મેક ઈન ઈન્ડિયા' પહેલ ભારતના એરોસ્પેસ ક્ષેત્રમાં એક નવો અધ્યાય સાબિત થશે, કારણ કે પ્રથમ વખત કોઈ એરક્રાફ્ટનું સંપૂર્ણ ઉત્પાદન ભારતીય ખાનગી ક્ષેત્રમાં કરવામાં આવશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને વડાપ્રધાન શ્રી સાંચેઝની મુલાકાત ભારત અને સ્પેન વચ્ચે સહયોગના નવા યુગને સુનિશ્ચિત કરશે, જેથી એરોસ્પેસ ક્ષેત્રમાં નવીનતા, વેપાર અને રોકાણને પ્રોત્સાહન મળશે. વડોદરા આ અભૂતપૂર્વ પરિવર્તનનું કેન્દ્ર બનવા જઈ રહ્યું છે ત્યારે શહેરીજનો આ મહત્ત્વ પૂર્ણ પ્રસંગની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

**ન્યૂઝ બ્રિફ**

## સુનિતા વિલિયમ્સ-બુચ વિલ્મોરને નડ્યું ફ્લોરિડાનું ભીષણ વાવાઝોડું

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૩ ।

સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરને આઈએસએસ પરથી પૃથ્વી પર પરત લાવવામાં ફરી એકવાર અડચણ આવી છે. નાસા અને સ્પેસએક્સ દ્વારા આ બંને અંતરિક્ષ યાત્રીઓને પૃથ્વી પર લાવવા સ્પેસ એક્સ ક્રૂ-૮ મિશન શરૂ કરાયું હતું, પરંતુ ફ્લોરિડામાં ભીષણ વાવાઝોડાના કારણે આ કામગીરી બુધવાર સુધી પાછી ઠેલાઈ છે. નાસાના જણાવ્યાનુસાર, ખરાબ હવામાનના કારણે અનડોકિંગનો પ્રયાસ ન કરવા નિર્ણય લેવાયો છે. સ્પેસ એક્સ ક્રૂ-૮ મિશનમાં સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર અંતરિક્ષમાં જ ફસાઈ ગયા છે. આ મિશનના અધિકારી કોઈપણ અંતિમ નિર્ણય લેતાં પહેલાં હવામાનની સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. નાસા અને સ્પેસ એક્સનું ક્રૂ-૮ મિશનનો હેતુ અંતરિક્ષ યાત્રીઓ સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પરથી સલામત રીતે પાછા લાવવાનો છે. તેઓ બંને જૂનમાં બિંગના સ્ટાઈલાઈનર અંતરિક્ષ યાન પર આઠ દિવસના મિશન પર ગયા હતા, પરંતુ આજે ચાર મહિલા પછીયે અંતરિક્ષમાં જ છે. સ્ટારલાઈનરમાં ટેકનિકલ ખામીને કારણે આ અવકાશયાનને તે બંનેને લીધા વિના જ પૃથ્વી પર પાછા ફરવું પડ્યું હતું. ક્રૂ-૮ મિશન ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીમાં તેઓને પરત કરવાનો લક્ષ્યાંક ધરાવે છે.

## મારા પરિવારને ફક્ત ૧ કરોડ મળ્યા હતા : બબીતાનો દાવો

। (એજન્સી) મુંબઈ, તા.૨૩ ।

પૂર્વ મહિલા પહેલવાન બબીતા ફોગાટે એક મોટો દાવો દંગલ ફિલ્મને લઈને કર્યો છે જે તેમના અને તેમના પરિવાર પર બની. આ ફિલ્મનું મુખ્ય પાત્ર સુપર સ્ટાર આમિર ખાને નિભાવ્યું હતું. આ ફિલ્મમાં ગીતા અને બબીતાની સિદ્ધિઓનો પણ ઉલ્લેખ છે. આ ફિલ્મ બ્લોકબસ્ટર રહી હતી અને લગભગ ૨૦૦૦ કરોડ રૂપિયા કમાયા હતા. જોકે, તમને જાણીને નવાઈ લાગશે કે વર્ષ ૨૦૧૬માં રિલીઝ થયેલી આ સુપરહિટ ફિલ્મ માટે ફોગાટ પરિવારને માત્ર એક કરોડ રૂપિયા જ મળ્યા. તેનો ખુલાસો પોતે પહેલવાન બબીતા ફોગાટે કર્યો છે. બબીતા ફોગાટે જણાવ્યું કે ફિલ્મે વર્લ્ડવાઈડ ૨૦૦૦ કરોડ રૂપિયા કમાયા અને તેમાંથી એક કરોડ જ ફોગાટ ફેમિલીને મળ્યા તો આ જાણીને સૌ ચોંકી ગયા. ૨૩ ડિસેમ્બર ૨૦૨૬એ આ ફિલ્મ રિલીઝ થઈ હતી. તેનું ડાયરેક્શન નિતેશ તિવારીએ કર્યુ હતુ, જેમાં આમિર ખાને મહાવીર ફોગાટની મુખ્ય ભૂમિકા નિભાવી હતી અને તે કો-પ્રોડ્યુસર પણ હતો.

### બોલર બુમરાહ ટોપ પર

# ICC જાહેર કરેલી ટેસ્ટ રેન્કિંગમાં રિષભ પંતે વિરાટ કોહલીને પણ પાછળ છોડ્યો

### રિષભ પંતે પોઈન્ટ ટેબલમાં ૩ સ્થાનની છલાંગ લગાવી છે અને બેટરોની યાદીમાં છઠ્ઠું સ્થાન હાંસલ કરી લીધું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।



તાજેતરમાં ICCએ જાહેર કરેલી ટેસ્ટ રેન્કિંગમાં ભારતીય ક્રિકેટ ટીમનો બેટર અને વિકેટકીપર રિષભ પંતે દિગ્ગજ ખેલાડી વિરાટ કોહલીને પાછળ છોડી દીધો છે. પંતે કોહલીને પાછળ છોડીને ટેસ્ટ ક્રિકેટના બેટરોની યાદીમાં છઠ્ઠું સ્થાન હાંસલ કરી લીધું હતું. પંતે પોઈન્ટ ટેબલમાં ૩ સ્થાનની છલાંગ લગાવી છે. ન્યૂઝીલેન્ડ સામેની પહેલી ટેસ્ટ મેચમાં ૭૦ રન કરનાર વિરાટ કોહલીએ બેટરોની રેન્કિંગમાં હવે આઠમાં સ્થાને આવી ગયો છે. ભારતીય ક્રિકેટ ટીમનો ઓપનર યશસ્વી જયસ્વાલ ટેસ્ટ બેટરોની રેન્કિંગમાં ચોથા સ્થાને છે. ભારતીય ટીમનો કેપ્ટન રોહિત શર્મા બે સ્થાન બદલીને શ્રીલંકાના દુમીથ કરુણારત્ને સાથે સયુંકત રીતે ૧૫માં સ્થાન પર છે. હાલમાં શાનદાર ફોર્મમાં ચાલી રહેલો ઈંગ્લેન્ડ ટીમનો બેટર જો યાદીમાં ટોચના સ્થાને રહીને પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે. આ યાદીમાં ન્યૂઝીલેન્ડના રચિન રવિન્દ્ર અને ડેવોન કોન્વેએ અદ્ભુત છલાંગ લગાવી છે. રચિને ૩૬માં સ્થાનથી છલાંગ લગાવીને ૧૮મુ સ્થાન અને કોન્વેએ ૧૨ સ્થાનની છલાંગ લગાવીને ૩૬મું સ્થાન હાંસલ કર્યુ હતું. જયારે બોલરોની વર્ગમાં ન્યૂઝીલેન્ડના મેટ હેનરી ૯માં સ્થાને પહોંચી ગયો છે. જે તેના કારકિર્દીનું અત્યાર સુધીનું સૌથી શ્રેષ્ઠ પ્રદર્શન છે.

### ન્યૂઝીલેન્ડને પુણે ટેસ્ટ પહેલા મોટો ઝટકો

# સ્ટાર બેટ્સમેન કેન વિલિયમ્સન પુણે ટેસ્ટમાંથી બહાર થઈ ચૂક્યો છે

### બોર્ડે આશા સેવી છે કે ભારત-ન્યૂઝીલેન્ડની વચ્ચે ત્રીજી ટેસ્ટમાં કેન વિલિયમ્સન ટીમનો હિસ્સો હશે

। (એજન્સી) પુણે, તા.૨૩ ।



ન્યૂઝીલેન્ડે ભારત વિરુદ્ધ ટેસ્ટ સીરિઝની પહેલી મેચમાં શાનદાર જીત મેળવી છે. બીજી ટેસ્ટ પુણેમાં ૨૪ ઓક્ટોબરથી પુણેમાં રમાશે, પરંતુ તેના પહેલા ન્યૂઝીલેન્ડ ટીમને મોટો ઝટકો લાગ્યો. ટીમના સ્ટાર બેટ્સમેન કેન વિલિયમ્સન પુણે ટેસ્ટમાંથી બહાર થઈ ચૂક્યો છે. ન્યૂઝીલેન્ડ ક્રિકેટ બોર્ડે આ ખેલાડી બહાર થવાના અપડેટ આપ્યો છે. પુણે ટેસ્ટ કીવી ટીમ માટે ખુબ જ ચેલેન્જિંગ થનાર છે. કેન વિલિયમ્સન બેંગ્લુરુમાં પણ ટીમનો ભાગ નહોતો. વિલિયમ્સન ટીમની સાથે ભારત પ્રવાસ પર નથી. બોર્ડ દ્વારા જાણકારી આપવામાં આવી હતી કે વિલિયમ્સન ઈજાના કારણે પહેલી ટેસ્ટનો ભાગ નહીં રહે. પરંતુ બીજી ટેસ્ટમાં ઉપલબ્ધ રહેશે. પરંતુ હવે અનુભવી બેટ્સમેન બીજી ટેસ્ટમાં પણ ટીમનો ભાગ નહીં હોય. જોકે, બોર્ડે આશા સેવી છે કે ભારત-ન્યૂઝીલેન્ડની વચ્ચે ત્રીજી ટેસ્ટમાં વિલિયમ્સન ટીમનો હિસ્સો હશે. કેન વિલિયમ્સન ન્યૂઝીલેન્ડ માટે ખુબ જ મહત્વપૂર્ણ છે. જોકે વિલિયમ્સન વિના પણ કીવી ટીમે શાનદાર પ્રદર્શન કર્યું. પરંતુ બીજી ટેસ્ટમાં જીતની લય જાળવી રાખવી મહેમાનો માટે ખુબ જ મુશ્કેલ હશે. હવે જોવાનું એ હશે કે કીવી ટીમ બીજી ટેસ્ટમાં ફેરફાર કરે છે કે નહીં.



નવી દિલ્હીમાં સિક્કિમના રાજ્યપાલ ઓમ પ્રકાશ માથુરે કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહ સાથે મુલાકાત કરી.

### કોંગ્રેસના દિગ્ગજ સાંસદ ફસાયા

## કોંગ્રેસના સાંસદ ઈમરાન મસૂદ વિરુદ્ધ આરોપો ઘડાયા

। (એજન્સી) સહારનપુર, તા.૨૩ ।

ઉત્તર પ્રદેશના સહારનપુરના કોંગ્રેસના સાંસદ ઈમરાન મસૂદ વિરુદ્ધ કોર્ટમાં આરોપ લગાવવામાં આવ્યો છે. ૧૦ વર્ષ પહેલા ૨૦૧૪માં તેમણે ગુજરાતના તત્કાલિન સીએમ અને વર્તમાન પીએમ નરેન્દ્ર મોદી વિરુદ્ધ 'બોટી-બોટી' નિવેદન આપવા બદલ આરોપો ઘડવામાં આવ્યા હતા. જે કલમો હેઠળ આરોપો ઘડવામાં આવ્યા છે તેમાં ૫ થી ૭ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. એવા જો તે દોષિત સાબિત થાય છે તો કોંગ્રેસના સાંસદને સંસદનું સભ્યપદ પણ ગુમાવવું પડી શકે છે. ૧૦ વર્ષ પહેલા સહારનપુરના સાંસદ ઈમરાન મસૂદે ૨૦૧૪ની લોકસભા ચૂંટણી દરમિયાન દેવબંદના ગામ લબકરીમાં આયોજિત એક જાહેર સભા દરમિયાન નિવેદન આપ્યું હતું કે, 'ગુજરાતમાં ૪% મુસ્લિમો છે, જ્યારે સહારનપુરમાં ૪૨% મુસ્લિમ છે. જો નરેન્દ્ર મોદી સહારનપુર આવશે, તો તેમના ટુકડા કરી નાખવામાં આવશે.' આ ઉપરાંત સાંસદે સહારનપુરમાં બસપાના બે ધારાસભ્યો પર પણ વાંધાજનક ટિપ્પણી કરી હતી.

### ભયાનક ચુકાદાનું ઠીકરું ભગવાનના માથે ફોડ્યું...

# અભિનેત્રી સ્વરા ભાસ્કરનો સુપ્રીમ કોર્ટના CJI પર કટાક્ષ

### સ્વરા ભાસ્કરે એક પોસ્ટ કરીને કહ્યું છે કે, 'દેશના ચીફ જસ્ટિસે ભયાનક ચુકાદા માટે ભગવાનને પણ જવાબદાર ઠેરવ્યા છે

। (એજન્સી) મુંબઈ, તા.૨૩ ।



બોલિવૂડ એક્ટ્રેસ સ્વરા ભાસ્કરે ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડે આપેલા ચુકાદા સામે સવાલો ઉઠાવતા રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે. સ્વરા ભાસ્કરે નામ લીધા વિના અયોધ્યા રામ મંદિરને લઈને આપવામાં આવેલા ચુકાદાને ભયાનક કહ્યો છે. સ્વરા ભાસ્કરે સોશિયલ મીડિયામાં એક પોસ્ટ કરીને કહ્યું છે કે, 'દેશના ચીફ જસ્ટિસે ભયાનક ચુકાદા માટે ભગવાનને જવાબદાર ઠેરવ્યા છે.' હાલમાં જ ચીફ જસ્ટિસ ચંદ્રચૂડે રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ વિવાદના સમાધાન માટે ઈશ્વરને પ્રાર્થના કરી હોવાનું નિવેદન કર્યું હતું. આ વાત સામે સ્વરા ભાસ્કરે વાંધો ઉઠાવીને આ પોસ્ટ કરી છે. સ્વરા ભાસ્કરે લખ્યું છે કે, 'દેશના ટોચના ન્યાયાધીશ પોતાના ભયાનક ચુકાદા માટે કેટલી સહજતાથી ભગવાનને જવાબદાર ગણાવી રહ્યા છે!' આ પહેલાં શિવસેના (UBT) પણ ચીફ જસ્ટિસના ઉપરોક્ત નિવેદન સામે સવાલ ઉઠાવી ચૂકી છે.

### નેતન્યાહૂ બરાબરના ફસાયા

# ઈઝરાયલના સૈનિકોએ યુદ્ધ લડવા મૂકી મોટી શરત

। (એજન્સી) જેરૂસાલેમ, તા.૨૩ ।



ઈઝરાયલનો બદલો હજી પૂર્ણ થયો નથી. હમાસ અને ગાઝા પર ઈઝરાયલ સતત હુમલાઓ કરી રહ્યું છે. સામે પક્ષે ઈરાન, હમાસ દ્વારા પણ ઈઝરાયલ પર હુમલાઓ થઈ રહ્યા છે. બંને દેશોમાં તબાહીનું ભયાવહ દ્રશ્ય સર્જાયુ છે. જેને રિકવર થતાં પચાસ વર્ષ લાગી શકે છે. અત્યારસુધી મજબૂત ગણાતી ઈઝરાયલની સેના પણ હવે હિંમત હારી હોય તેવુ જણાઈ રહ્યું છે. તેમની ધીરજ હવે ખૂટી રહી હોવાનો સંકેત ઈઝરાયલના સૈનિકો દ્વારા સરકાર સમક્ષ રજૂ કરવામાં આવેલી માંગણીઓ પરથી મળ્યા છે. ઈઝરાયલ સરકાર માટે યુદ્ધનો નવો મોરચો ખુલ્યો છે. ગાઝા, પછી લેબનોન અને હવે ઈઝરાયલની ધરતી પર પોતાના જ પ્રિયજનોનું મનોબળ જાળવી રાખવાની લડાઈ. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઈઝરાયલના સૈનિક જે ઈઝરાયલ માટે વિદેશી જમીન પર લડી રહ્યા છે. તેઓ માગ કરી રહ્યા છે કે, ઈઝરાયલ હમાસના કબજામાં રહેલા ઈઝરાયલી બંધકોને ઝડપથી મુક્ત કરાવે. જેના માટે ઈઝરાયલ સરકાર ઝડપથી સમાધાન પર મહોર લગાવે. ઈઝરાયલમાં એક અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત જાહેર મેમોરેન્ડમ તૈયાર કરવામાં આવ્યું છે. આ મેમોરેન્ડમ પર હસ્તાક્ષર કરવા માટે સૈનિકોને આમંત્રણ આપવામાં આવ્યું છે. હવે ધીમે ધીમે ઘણા સૈનિકો આ અભિયાનમાં જોડાઈ રહ્યા છે. અત્યાર સુધીમાં ૧૫૦થી વધુ જવાનો આ અભિયાનનો હિસ્સો બની ચૂક્યા છે. આ સૈનિકોનું કહેવું છે કે જો બંધકોની મુક્તિ માટે કોઈ સોદો નહીં કરવામાં આવે તો તેઓ લડશે નહીં. આ સૈનિકોમાં કેટલીક મહિલા સૈનિકો પણ સામેલ છે. આમાંથી કેટલાક લોકોનું કહેવું છે કે આ નિશાની સાથે તેમનો સૈનિક તરીકેનો કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે.

### નિતેશ તિવારી નિર્દેશિત ફિલ્મમાં જોવા મળી શકે

# ફિલ્મ રામાયણમાં સાઉથના સુપર સ્ટાર રોકી ભાઈ જોવા મળી શકે

### રામાયણમાં યશ રાવણનું પાત્ર ભજવી શકે છે : હું આ ફિલ્મને લઈને ખૂબ જ ઉત્સાહિત: ફિલ્મ અભિનેતા યશ

। (એજન્સી) મુંબઈ, તા.૨૩ ।

ચાહકો નિતેશ તિવારી નિર્દેશિત ફિલ્મ રામાયણની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ફિલ્મની ઘોષણા થયા પછી તેની કાસ્ટ અને અન્ય માહિતી ધીમે ધીમે બહાર આવી રહી છે. અત્યાર સુધીમાં માત્ર રણબીર કપૂર અને સાઈ પલ્લવીના પાત્રોની પુષ્ટિ થઈ હતી. અને બીજા નામો પર માત્ર અનુમાન જ લગાવવામાં આવી રહ્યું હતું. હવે અન્ય એક અભિનેતાએ પોતાના પાત્રની પુષ્ટિ કરી છે. ઘણાં સમયથી સમાચાર આવી રહ્યા હતા કે સાઉથનો એક્ટર યશ આ ફિલ્મમાં રાવણનું પાત્ર ભજવી શકે છે. હવે અભિનેતાએ પણ આ વાતની પુષ્ટિ કરી દીધી છે. આ દરમિયાન તેણે KGFના ત્રીજા ભાગ વિશે પણ વાત કરી હતી. એક ઈન્ટરવ્યૂમાં યશે જણાવ્યું હતું કે, 'KGF 3 ચોક્કસપણે બનશે, 'હું વચન આપું છું. પરંતુ અત્યારે હું બે પ્રોજેક્ટ્સ 'ટોક્સિક' અને 'રામાયણ' પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છું. KGFના નિર્દેશક પ્રશાંત નીલ સાથે મારી ચર્ચા ચાલી રહી છે. પરંતુ સમય યોગ્ય હોવો જોઈએ. અમે તેના વિશે વાત કરતા રહીએ છીએ. અમારી પાસે એક શાનદાર આઈડિયા છે. અમારે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. ફ્રેન્ચાઈઝી ત્રીજી ફિલ્મને ચાહકો માટે વધુ વિશેષ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. દર્શકોએ અમને ઘણું બધું આપ્યું છે. અમે એવી ફિલ્મ બનાવવા માંગીએ છીએ જેના પર તેઓ ગર્વ કરી શકે. રોકી ભાઈનું પાત્ર ખૂબ લોકપ્રિય બન્યું હતું. રામાયણ ફિલ્મમાં પોતાની ભૂમિકા વિશે વાત કરતાં યશે કહ્યુ કે,' હું આ ફિલ્મને લઈને ખૂબ જ ઉત્સાહિત છે. પાત્રને એક પાત્રની જેમ ટ્રીટ કરવામાં આવે એ જરૂરી છે. જો આજે આવું નહીં થાય તો ફિલ્મ નહીં બને. આ પ્રકારના બજેટ સાથે ફિલ્મ બનાવવા માટે તમારે તે પ્રકારના કલાકારોને સાથે લાવવાની જરૂર છે.'

### ફિનટેક ફર્મ Paytm માટે સારા સમાચાર સામે આવ્યા

# NPCI એ નવા UPI યુઝર્સને ઉમેરવા માટે Paytmને મંજૂરી આપી દીધી

### Paytmના જણાવ્યા અનુસાર, તમામ દિશાનિર્દેશો અને પરિપત્રોનું પાલન કર્યા બાદ તેને આ મંજૂરી મળી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।



ઓનલાઈન પેમેન્ટ સેવાઓ પૂરી પાડતી ફિનટેક ફર્મ Paytm માટે સારા સમાચાર સામે આવ્યા છે. ગઈકાલે તેણે તેના સપ્ટેમ્બર ક્વાર્ટર માટે ઉત્તમ પરિણામોની જાહેરાત કરી હતી. જે પછી કંપની માટે વધુ એક સારા સમાચાર આવ્યા છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા એટલે કે NPCI એ નવા UPI યુઝર્સને ઉમેરવા માટે Paytm ને તેની મંજૂરી આપી દીધી છે. આ વર્ષની શરૂઆતમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના આંચકા બાદ Paytm કંપનીને મોટી રાહત મળી છે. નેશનલ પેમેન્ટ્સ કોપ ૉરેશન ઓફ ઈન્ડિયા (NPCI) દ્વારા નવા UPI વપરાશકર્તાઓને ઉમેરવા માટે Paytm માટે મળેલી આ મંજૂરીની પુષ્ટિ છેલ્લા કામકાજના દિવસે, ૨૨ ઓક્ટોબરના રોજ એક પત્ર જાહેર કરીને કરી હતી. Paytm ના જણાવ્યા અનુસાર, તમામ દિશાનિર્દેશો અને પરિપત્રોનું પાલન કર્યા બાદ તેને આ મંજૂરી મળી છે. રિપોર્ટ અનુસાર, Paytm એ ઓગસ્ટ મહિનામાં NPCIને નવા UPI યુઝર્સ ઉમેરવાની પરવાનગી માટે વિનંતી કરી હતી. જે RBI દ્વારા Paytm પેમેન્ટ્સ બેંક પર લેવામાં આવેલી કાર્યવાહી બાદ રોકી દેવામાં આવી હતી. આપણે NPCIના મંજૂરી પત્રને જોઈએ તો, નિયમનકારે ભારપૂર્વક જણાવ્યું હતુ કે Paytm એ જોખમ વ્યવસ્થાપન, મલ્ટી-બેંક માર્ગદર્શિકા અને ડેટા સુરક્ષા નિયમો સહિત અન્ય જરૂરી પાલનનું પાલન કરવું પડશે. આ પછી, Paytm એ રેગ્યુલેટરી ફાઈલિંગમાં કહ્યું કે અમને એ જણાવતા આનંદ થાય છે કે NPCI એ તમામ સંબંધિત દિશાનિર્દેશો અનુસાર અમારા UPI પ્લેટફોર્મ પર નવા વપરાશકર્તાઓ ઉમેરવાની પરવાનગી આપી છે. પહેલા ઓનલાઈન પેમેન્ટ સર્વિસ ફર્મ Paytm એ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના બીજા ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા હતા, જેમાં તેણે મજબૂત નફો કર્યો હતો અને કંપની તેના સપ્ટેમ્બર ક્વાર્ટરના પરિણામો (Paytm ઊર પરિણામો) પછી પ્રથમ વખત નફાકારક બની હતી. જો આપણે જોઈએ તો કંપનીએ રૂ. ૯૨૮.૩ કરોડનો મજબૂત નફો મેળવ્યો છે, જ્યારે અગાઉના ક્વાર્ટરમાં કંપનીને રૂ. ૮૩૮.૯ કરોડનું રેકોર્ડ નુકસાન થયું હતું. Paytm એ સ્ટોક એક્સચેન્જ ફાઈલિંગમાં જણાવ્યું હતું કે સપ્ટેમ્બર ક્વાર્ટર દરમિયાન, તેણે તેના મનોરંજન ટિકિટિંગ બિઝનેસને ઓનલાઈન ફૂડ ડિલિવરી પ્લેટફોર્મ ઝોમેટોને વેચવાનો સોદો પૂર્ણ કર્યો હતો.

### ઘરેણાં-સિક્કા ખરીદવા થયા મોંઘા

# ચાંદી ૧ લાખને પાર, સોનું હવે ૮૧ હજારએ પહોંચ્યું

### તહેવારો દરમિયાન જ્વેલરી અને સિલ્વરવેર સેગમેન્ટમાં વધતી ખરીદીને કારણે પણ ભાવમાં વૃદ્ધિ જોવા મળી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।



સોનું અને ચાંદી સતત નવા રેકોર્ડ બનાવી રહ્યાં છે અને ક્યારેક સોનું તો ક્યારેક ચાંદી ગ્રાહકોની ખરીદ શક્તિની કસોટી લઈ રહ્યાં છે. જોકે ગઈકાલે સોનું અને ચાંદી મળીને ઓલ ટાઈમ હાઈ પર પહોંચી ગયા હતા, અને ચાંદી રૂ.૧ લાખને પાર કરી ગઈ હતી. ચાંદીનો ભાવ રૂ. ૧૫૦૦ના ઉછાળા સાથે રૂ. ૧ લાખ પ્રતિ કિલોગ્રામને પાર કરી ગયો હતો. ચાંદીના ભાવમાં સતત પાંચમા દિવસે વધારો યથાવત રહ્યો હતો અને રૂ. ૧૫૦૦ના ઉછાળા સાથે રૂ. ૧.૦૧ લાખ પ્રતિ કિલોના નવા રેકોર્ડ સ્તરે પહોંચી ગયો હતો. શુક્રવારે ચાંદીની કિંમત ૯૯,૫૦૦ રૂપિયા પ્રતિ કિલો પર બંધ થઈ હતી. ચાંદીના ભાવ સતત પાંચમા દિવસે વધ્યા હતા અને રૂ. ૧,૫૦૦ વધીને રૂ. ૧.૦૧ લાખ પ્રતિ કિલોના નવા રેકોર્ડ સ્તરે પહોંચી ગયા હતા. શુક્રવારે ચાંદીની કિંમત ૯૯,૫૦૦ રૂપિયા પ્રતિ કિલો પર બંધ થઈ હતી. આ સિવાય ૯૯.૫ ટકા શુદ્ધતાનું સોનું રૂ. ૩૫૦ વધીને રૂ. ૮૦,૬૦૦ પ્રતિ ૧૦ ગ્રામના નવા રેકોર્ડ સ્તરે પહોંચી ગયું છે. રાષ્ટ્રીય રાજધાનીના બૂલિયન માર્કેટમાં મંગળવારે સોનું ૩૫૦ રૂપિયા વધીને ૮૧,૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના નવા રેકોર્ડ સ્તરે પહોંચી ગયું છે. અખિલ ભારતીય બૂલિયન એસોસિએશને આ માહિતી આપી છે. ચાંદીમાં સતત વધારો થવાનું મુખ્ય કારણ ઔદ્યોગિક માંગમાં વધારો છે. આ સિવાય જ્વેલરી અને સિલ્વરવેર સેગમેન્ટમાં વધતી ખરીદીને કારણે પણ વૃદ્ધિ જોવા મળી છે. બૂલિયન ટ્રેડર્સે તહેવારો અને લગ્નની સિઝન દરમિયાન વધેલી માંગને પહોંચી વળવા સ્થાનિક જ્વેલર્સ દ્વારા ખરીદીમાં વધારો થવાને કારણે સોનાના ભાવમાં વધારો થયો હોવાનું કારણભૂત છે. મલ્ટી કોમૉડિટી એક્સચેન્જ (MCX) ના ફ્યૂચર્સ ટ્રેડિંગમાં, ડિસેમ્બર ડિલિવરી માટેનો સોનાનો કૉન્ટ્રાક્ટ રૂ. ૨૦૮ વધીને રૂ. ૭૮,૨૪૭ પ્રતિ ૧૦ ગ્રામ થયો છે.

## તંત્રી લેખ...

# ભારતે સીમાની રક્ષા માટે સતર્ક રહેવાની જરૂર

ચીન સાથે સીમા વિવાદને લઈને કોઈ સમજ સ્થપાશે તેવા અણસાર ઘણા પહેલાં જ ઉભરી આવ્યા હતા, પરંતુ એની રાહ જોવાતી હતી કે તે સમજૂતીમાં ક્યારે બદલાય છે અને બંને દેશોની સેનાઓ એપ્રિલ ૨૦૨૦વાળી સ્થિતિમાં ક્યારે પાછી ફરે છે. અંતે આ સમજૂતી થઈ ગઈ. આ સમજૂતીનું એક કારણ રશિયામાં થવા જઈ રહેલ બ્રિક્સ દેશોનું શિખર સંમેલન તો છે જ, ભારતની એ પ્રતિબદ્ધતા પણ છે કે જ્યાં સુધી સીમા પર પહેલાં જેવી સ્થિતિ બહાલ ન થાય, ત્યાં સુધી ચીન સાથે સંબંધ સામાન્ય નહીં થઈ શકે. જૂન ૨૦૨૦માં ગલવાન ઘાટીમાં ભારતીય સૈનિકોની ચીની સેના સાથે લોહિયાળ અથડામણ બાદ બંને દેશોના સંબંધો પાટા પરથી ઉતરી ગયા હતા. ત્યારે ભારતે ચીનાઓને જડબાતોડ જવાબ આપી દીધો હતો, જે તેમણે કલ્પ્યું નહીં હોય. ભારતના અડગ વલણને કારણે ચીની સેના ગલવાન ઘાટીમાં તો જૂની સ્થિતિમાં પાછી ફરી હતી, પરંતુ તેણે દેપસાંગ અને ડેમચોકમાં યથાસ્થિતિમાં બદલાવના ઈરાદાને લઈને આક્રમક વલણ અપનાવી લીધું હતું. તેના જવાબમાં ભારતીય સેનાએ પણ ચીન સાથે જોડાતી સીમા પર પોતાની ચોકસાઈ વધારી દીધી હતી. ત્યારબાદ બંને દેશો વચ્ચે મંત્રણાનો દોર ચાલ્યો હતો. ચીનની ચેષ્ટા એ હતી કે ભારત સીમા પર તણાવની અવગણના કરીને સંબંધ સામાન્ય કરવા માટે તૈયાર થઈ જાય. જોકે હવે ભારત પહેલાં જેવું ઢીલુંપોચું નથી રહ્યું એટલે તે જરાય ટસથી મસ ન થયું. આખરે ચીનને ભાન થયું કે તેની દાદાગીરી અને ચાલાકી અહીં કામ આવવાની નથી. હાલનાં વર્ષોમાં ભારતે પોતાના અડગ વલણથી ચીનને બીજી વખત ઝૂકવા માટે મજબૂર કર્યું છે. તેના પહેલાં ડોકલામમાં તેણે ચીની સેનાના દબાણકારી વલણ વિરુદ્ધ પોતાની સેનાઓને તૈનાત કરી દીધી હતી. ત્યારે પણ ચીને બહુ ગર્જન-તર્જન કર્યું હતું, પરંતુ ભારતીય સેનાઓ મોરચે અડગ રહી હતી. ત્યારે પણ ચીન પાછળ હટવા માટે મજબૂર થયું હતું અને અત્યારે પણ તેણે પીછેહઠ કરવી પડી. એ સારી વાત છે કે તેને એ ભાન પડ્યું કે ભારતને દબાવી નહીં શકાય અને આ ૧૯૬૨વાળો સમય નથી, પરંતુ પ્રશ્ન એ છે કે શું તેના પર ભરોસો કરી શકાય? તેનો સીધો જવાબ છે - ના. તે હજુ પણ ભરોસાને લાયક તો નથી જ. તે અરુણાચલ, લદાખ અને કાશ્મીરને લઈને જે રીતે ખોટાં નિવેદનો કરતું રહે છે અને સીમા વિવાદના સ્થાયી હલની ઈચ્છા નથી વ્યક્ત કરતું, તેને જોતાં તેનાથી સતર્ક રહેવામાં જ ભલાઈ છે. ભારતે એ સ્પષ્ટ કરવું જોઈએ કે ચીને ભરોસેમંદ બનવા માટે સીમા વિવાદને સ્થાયી રૂપે હલ કરવો પડશે.

## પહેલાં રેલવે યાત્રીઓમાં ડર, હવે વિમાન યાત્રીઓમાં ડર, આ ડર એક આતંકવાદ છે




આ સમયે ભારતીય વિમાન ક્ષેત્રને ડરના આતંકનો સામનો કરવો પડે છે. વિમાનોને બોમ્બથી ઉડાવવાની ખોટી ધમકીઓ અપાઈ રહી છે. ૧૪ ઓક્ટોબરથી અત્યાર સુધી ૯૦ વિમાનોને બનાવટી ધમકી અપાઈ ચૂકી છે. દરેક ધમકીથી એરલાઈન્સને ત્રણ કરોડ રૂપિયાનું નુક્સાન ઉઠાવવું પડે છે. ભારતીય વિમાન ક્ષેત્ર ઝડપથી વધતું ક્ષેત્ર છે, હજારો યાત્રી વિમાન પરિચાલનમાં છે. ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું ઘરેલુ વિમાન બજાર છે. હવે આ ધમકી રોજ આપવામાં આવે છે, તેમાં વિમાનોની સંખ્યા વધી રહી છે તેથી આ કોઈ માથાફરેલનું જ કામ ન હોઈ શકે. આ એક ચોક્કસ પેટર્ન છે, જેના પર સુનિયોજિત રીતે કામ થઈ રહ્યું છે. એવા જ થોડા દિવસ પહેલાં રોજ કોઈને કોઈ ટ્રેન રૂટને બાધિત કરવામાં આવતો હતો. કેટલીય વખત એવું થયું કે ટ્રેન દુર્ઘટના થતાં થતાં બચી. ભારતીય રેલવે વિશાળ નેટવર્ક છે અને રોજના બે કરોડથી વધુ લોકો ટ્રેનમાં સફર કરે છે, તેથી રેલવે યાત્રીના મનમાં અસુરક્ષાનો ડર પેદા કરીને રેલવેને નુક્સાન પહોંચાડવાની કોશિશો થઈ રહી છે. પહેલાં રેલવે યાત્રીઓમાં ડર, હવે વિમાન યાત્રીઓમાં ડર. આ ડર એક આતંકવાદ છે, જેનો હેતુ ભારતીય અર્થવ્યવસ્થાને નુક્સાન પહોંચાડવાનો છે. રેલવે અને વિમાન ક્ષેત્રને અસુરિક્ષત કરી દેવાથી એના પર ભારે આર્થિક પ્રભાવ પડશે.ભર્રતીય સુરક્ષા એજન્સીઓ અને ગુપ્તચર એજન્સીઓને આ ફિયર ટેરરને ગંભીરતાથી લેવો જોઈએ. આ આતંકનું નવું મોડ્યુલ હોઈ શકે છે. વિમાનોને ધમકી પર ગૃહ મંત્રાલયે રિપોર્ટ માગ્યો છે, સરકાર સખ્તાઈની તૈયારી કરી રહી છે, પરંતુ વાસ્તવિકતામાં વિમાનોને બોમ્બથી ઉડાવવાની ખોટી ધમકીઓ કેન્દ્ર સરકાર માટે મોટો પડકાર બનતી જાય છે. તાત્કાલિક એકશનથી કંઇ ખાસ પ્રાપ્ત નહીં થાય. સરકારે તેના મૂળ સુધી જવું પડશે. શું આ દેશની અંદર કોઈ પ્રતિબંધિત ગ્રુપની સુનિયોજિત ચાલ તો નથી ને? શું તેમાં દુશ્મન પડોશી દેશોની ગુપ્તચર એજન્સીઓનો હાથ તો નથી ને? દેશની અંદર પણ કેટલાય વિધ્વંસક, અલગતાવાદી, આતંકી, નકસલવાદી, ઉગ્રવાદી તાકાતો છે, જે દુશ્મન દેશોની કઠપૂતળીઓ છે અને થોડા ટુકડા માટે પોતાના દેશને અસ્થિર કરવા તૈયાર થઈ જાય છે. સરકારે દરેક એંગલથી તપાસ કરવી જોઈએ. ભારતીય રેલવે અને વિમાન ક્ષેત્ર દુશ્મનોના નિશાના પર છે. વિમાન અને રેલ યાત્રાનું સુરિક્ષત હોવું જરૂરી છે. તે ભારતની લાઈફ લાઈન છે.વડાપ્રધાને હાલમાં જ પાંચ રાજ્યોના સાત એરપોર્ટ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કર્યું. સરકાર મેટ્રો શહેરોની સાથે ટિયર ટુ અને થ્રી શ્રેણીના શહેરોમાં પણ વિમાન સેવાનો વિસ્તાર કરી રહી છે. પરિવહનના વિભિન્ન ક્ષેત્રને ઉત્તેજન આપીને કનેક્ટિવિટીને તેજ અને મજબૂત બનાવવામાં આવે છે. તેના માટે સુરક્ષાનો માહોલ બહુ જરૂરી છે. વિમાનમાં બોમ્બ હોવાની ખોટી ધમકીઓને હળવાશથી ન લેવી જોઈએ, તેની પેટર્ન સમજવી જોઈએ અને તેની પાછળના આતંકી મોડ્યુલનો પર્દાફાશ કરવો જોઈએ. સરકાર પાસે તમામ પ્રકારનાં સુરક્ષા અને તપાસ તંત્ર છે. ઈઝરાયલ સાથે બહેતર સંબંધને કારણે પણ ભારત ઈઝરાયલ વિરોધી આતંકી જૂથોના નિશાના પર રહે છે. જે માત્રામાં ધમકીઓ મળી રહી છે, આપાત લેન્ડિંગ થઈ રહ્યાં છે, તેમાં મુસાફરો અને વિમાન કર્મીઓમાં અસુરક્ષાનો ભાવ પેદા થવો સ્વાભાવિક છે, કારણ કે આવી ધમકી આપનારા પકડાય નથી, જેનાથી તેની પાછળનો હેતુ ખબર પડે.

**અત્યારે સમાજમાં હિંસાનું મૂળ કારણ શિક્ષણ ન અભાવ, અથવા વસ્તુ પદાર્થનો કે લાગણીનો અભાવ, એ તારણ નીકળે!**

# કોઈપણ પ્રાર્થના હોય તે માત્ર સાર્વજનિક ભાવથી જ થવી જોઈએ





સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**આજે આ પ્રાર્થનાને યાદ કરવાનું કારણ એ જ છે કે આજે વિશ્વ આખું કેટકેટલી સમસ્યાઓથી ઘેરાયેલું છે, અને યુક્રેન અને રશિયા તેમજ ઈઝરાઈલ અને ગાઝા પટ્ટીમાં હજી પણ યુદ્ધ ચાલુ છે, દરેક દેશને પોતાની મહત્તા સાબિત કરવા માટે વિકાસની આંધળી દોડમાં દોડવું છે, પર્યાવરણના પ્રશ્નો છે, વધતી જતી વસ્તીને કારણે એમના ખોરાક પાણી અને રહેઠાણનાં પ્રશ્નો છે, તદુપરાંત આરોગ્ય પણ જેમ ક્રાંતિ કરે છે, એમ રોગ પણ નવાં નવાં અસ્તિત્વમાં આવતા જાય છે.**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. પૂજ્ય બાપુ પણ ગાંધી બાપુની જેમ રામરાજ્યની સ્થાપના થાય એવું ઈચ્છે છે, અને એટલે કથામાં લોકોને પોતાના વ્યક્તિગત સુધારા માટે જાગૃત કરે છે. મહાભારતના મોટાભાગના પાત્રોની ભૂમિકા મૂળ માનવીય માનસિકતા પર છે, અને ધૃત ક્રિયામાં સ્ત્રી ને હારી જવી એનું ચીરહરણ થવું એ બધું જ અત્યારે અપ્રાસંગીક પણ લાગે! અત્યારે સમાજમાં હિંસાનું મૂળ કારણ શિક્ષણ ન અભાવ, અથવા વસ્તુ પદાર્થનો કે લાગણીનો અભાવ, એ તારણ નીકળે! પણ આ બધાં કૌરવ પાંડવોના રાજકુમારો તો શિક્ષિત હતાં! અને રાજા તો ધર્મનો રક્ષક કહેવાય! ધર્મની સ્થાપના માટે શિક્ષા દીક્ષા વ્રત તપ વરદાન! અને પછી અધર્મ! એ કાળ! મહાભારત વ્યાસ દ્વારા લખાયું છે, અને એ બહુ ગર્ભિત ગ્રંથ છે ગુરુ વગર દરેકને નહીં સમજાય! પણ વિચારતાં કરે એવો મુદ્દો ખરો. ખેર છોડો, વ્યક્તિગત સુધારા માટે સાધના હોય, આરાધના હોય, ઉપાસના હોય, એ બધી ક્રિયામાં જીવ પોતે પોતાની આધ્યાત્મિક ક્ષમતા વધારવા માટે અને જીવ પણું ઓછું કરવા માટે કોશિશ કરે છે. પ્રકૃતિની કે ઈશ્વર તત્વની નજીકમાં નજીક જઈ તેને જોવા જાણવા કે માણવા માટે આ ત્રણ સ્તરે માનવી ઉપર ઉઠતો હોય છે. પરંતુ પ્રાર્થના એક એવું માધ્યમ છે કે, જેમાં આપણે જ્યાં અને જેવા છીએ તેવા રહીને જ ઈશ્વરને પોકારવાનો છે. પરંતુ શરત માત્ર એટલી જ છે કે, એમાં આપણે એકલા માટે કંઈ જ માગવાનું નથી, ટૂંકમાં માંગણી હોય તો પણ એ સાર્વજનિક હોવી જોઈએ. પ્રાર્થના શબ્દ બોલવાથી જ અંતરના ભાવ સ્વચ્છ થવા લાગે છે, અને એ આપણને પાછા નાનપણના એ વર્ગખંડમાં લઈ જાય છે, જ્યાં નિર્દોષતા અને નિખાલસતાનો ભાવ મુખ્ય હતો. હમણાં જ દશેરાનો તહેવાર ગયો અને સૌ કોઈએ રાવણ દહન જોયું, હવે રામરાજ્ય થશે, એવી સૌ કોઈની ઝંખના પણ રહી! પરંતુ એની તીવ્રતા ઓછી છે, એને કારણે એ થઈ શકતું નથી. આઝાદીના ૭૫ વર્ષ પહેલાં આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ રામરાજ્યનું સ્વપ્ન જોયું હતું, અને એને લઈને એમણે રઘુપતિ રાઘવના ગુણ દરેકમાં અંકિત થાય, એટલે એ ભજન ધૂન કે જેનો તે પ્રાર્થનામાં સમાવેશ કરતા હતાં.

**રઘુપતિ રાઘવ રાજારામ**
**પતિત પાવન સીતારામ**
**સીતારામ સીતારામ**
**ભજ પ્યારે તું સીતારામ**
**રઘુપતિ રાઘવ રાજા....**
**ઇશ્વર અલ્લા તેરે નામ**
**સબકો સન્મતિ દે ભગવાન**
**મંદિર-મસ્જિદ તેરે ધામ**
**સબકો દર્શન દે ભગવાન**
**રઘુપતિ રાઘવ રાજા....**
**રાત્રે નિંદરા દિવસે કામ**
**ક્યારે ભજશો શ્રીભગવાન ?**
**હાથ થી કરશું ઘરનાં કામ**
**મુખ થી બોલશું શ્રી ભગવાન**
**રઘુપતિ રાઘવ રાજા ...**

આજથી ૭૬ વર્ષ પહેલાં જેણે આપણા સૌના જીવનમાં ખુશાલી રહે, એ માટે રામરાજ્યનું સ્વપ્ન જોયું હતું એને પણ લોકો ભૂલી ગયા છે, અથવા તો અલગ રીતે નિંદા કરીને યાદ કરી રહ્યા છે, ત્યારે રામ રાવણની તો શું વાત કરવી! અને સમયનો આજનો સંદર્ભ જોતા રાવણ પણ પ્રમાણમાં ઘણો સજ્જન હતો, એવું સ્પષ્ટ પણે કહી શકાય. આ ધૂન પ્રાર્થનામાં રઘુપતિ રાઘવ એટલે કે નામ સ્મરણનો મહિમા ગવાયો છે. ભારત એક બિન સાંપ્રદાયિક દેશ હોવાથી અહીં તમામ ધર્મના લોકો વસે છે, અને દરેકની તેના ઈશ્વર પ્રત્યેની નિષ્ઠા ઓછી ન થાય, એટલે મંદિર મસ્જિદ તેરે ધામ એમ કહી બંને જગ્યાને આદર આપવો, અને દરેકે પોતાના ઈશ્વરને ત્યાં અનુભવો કે દર્શન થશે એવો ભાવ લઈને જવું, એવી વાત પણ કરી છે. જે કંઈ ખેલ છે એ બુદ્ધિના જ ખેલ છે, અને કુબુદ્ધિ કે દુર્બુદ્ધિ થાય ત્યારે સર્વનાશને નોતરે છે, માટે આપણી બુદ્ધિમાં સદભાવ રહે એ માટે નિરંતર હરિ સ્મરણ કરતા રહેવું જોઈએ. પરંતુ નામ સ્મરણનો અર્થ કોઈ એક જગ્યાએ બેસીને માળાઓ કરવી એવો અર્થ ન કાઢે! કે પછી કોઈ સમય નથી મળતો એવું બહાનું ન કાઢે, એટલે જ દરેક પ્રકારના ઘરનાં કે બહારનાં કામ કરતાં કરતાં મુખથી હરિ નામનું સ્મરણ કરવાનો ઉપદેશ

અહીં સ્પષ્ટ લખ્યું છે. પુરુષાર્થ કે પરિશ્રમ એ બંને પારસમણી છે, અને તમારા પરિવારની આજીવિકા માટે કોઈપણ કામ નાનું નથી, એને પુરાં હૃદયથી અપનાવીને કરવું તો એ પણ ઈશ્વર નજીક લઈ જનારુ સાધન બનશે, એવું મહાત્મા ગાંધીજી સ્પષ્ટ પણે માનતા હતા. એ પોતાનું દરેક કામ પોતે જ કરતાં હતાં અને સ્વાવલંબી તેમજ સ્વચ્છતાના આગ્રહી હતાં. આજે આ પ્રાર્થનાને યાદ કરવાનું કારણ એ જ છે કે આજે વિશ્વ આખું કેટકેટલી સમસ્યાઓથી ઘેરાયેલું છે, અને યુક્રેન અને રશિયા તેમજ ઈઝરાઈલ અને ગાઝા પટ્ટીમાં હજી પણ યુદ્ધ ચાલુ છે. દરેક દેશને પોતાની મહત્તા સાબિત કરવા માટે વિકાસની આંધળી દોડમાં દોડવું છે, પર્યાવરણના પ્રશ્નો છે, વધતી જતી વસ્તીને કારણે એમના ખોરાક પાણી અને રહેઠાણનાં પ્રશ્નો છે, તદુપરાંત આરોગ્ય પણ જેમ ક્રાંતિ કરે છે, એમ રોગ પણ નવાં નવાં અસ્તિત્વમાં આવતા જાય છે. જો કોઈ એક બે મુદ્દા પર વિશ્વ આખું સંમત થાય તો, પરિસ્થિતિને હજી પણ પહોંચી શકાય. પરંતુ એની માટે દરેક દેશે વસુદેવ કુટુંબની ભાવના મનમાં સ્થિર કરવી પડે, એટલે કે જગત આખાનાં કલ્યાણ માટે જ્યારે વિચારવામાં આવશે, ત્યારે એમાં કંઈક પરિણામ મળશે, અને આવો શુદ્ધ સંકલ્પ લઈને દર વર્ષે g20નું આયોજન પણ થઈ રહ્યું છે, એક આવકારવા લાયક બાબત છે. આમ પણ માનવી હું કરું નો મોરચો લઈને ગમે તેટલું દોડે એને હાથ કહી આવવાનું નથી, અંતે તો સર્વ શક્તિમાન પરમ કૃપાળુ પરમાત્માએ જે વિચાર્યું હશે એ જ થશે, પરંતુ આપણા અને એના વિચારોમાં સામ્યતા રહે, એવાં સૌના કલ્યાણના વિચારો આપણા મનમાં હોવા જોઈએ, અને એ ભાવ આપણે પ્રાર્થના દ્વારા હૃદયસ્થ કરીએ. ઘણીવાર એવો વિચાર આવે કે નાના હતાં ત્યારે પ્રાર્થના વખતે જે નિખાલસતા આવતી એ હવે નથી આવતી કારણ કે જવાબદારીઓનો ભાર ખભા પર વધી ગયો છે, અને એ અમુક અંશે સાચું પણ છે પરંતુ બીજી રીતે વિચારીએ તો પરિવારની જરૂરિયાતોને પૂરી કરવી એને આપણે જવાબદારી કહેતા હોઈએ છીએ!: તો શું એવું નથી લાગતું કે! આપણે જરૂરિયાતો જ એટલી બધી વધારી દીધી છે કે, એને કારણે જ આપણા ખભા નમી રહ્યા છે! વધતી જતી મોંઘવારી તેમજ અન્ય વિકટ પરિસ્થિતિઓનો સામનો કરવા માટે ગાંધીજી જેવું લિવિંગ વિથ લેસનું સૂત્ર અપનાવવું જોઈએ! બીજાને તો આપણે ન કહી શકીએ કે, કદાચ ન સમજાવી શકીએ, પરંતુ આપણાથી જ શરૂઆત કરીએ, અને ઓછામાં ઓછી જરૂરિયાતને જીવનમાં પ્રાધાન્ય આપીએ, તો બીજું કંઈ થાય કે ન થાય! પરંતુ દિવસે ને દિવસે વિકટ થતી જતી પરિસ્થિતિમાં આપણે આપણું અસ્તિત્વ જરૂર ટકાવી શકીશું. પ્રસન્નતા મેળવવાના અને આનંદ મેળવવાના જિંદગીમાં કેટલા પ્રયત્નો કર્યા, પરંતુ એમાં ધારી સફળતા મળતી નથી, એનું કારણ કદાચ આપણી વધુ પડતી અપેક્ષાઓ કે જરૂરિયાત હોઈ શકે એવું વિચારીને, આપણે સૌ આ વૈશ્વિક શાંતિનાં પ્રશ્ને એક થઈ, અને એકબીજાની ખુશી, એકબીજાની પ્રસન્નતા, કે એકબીજાના આનંદ માટેનું વિચારી શકીએ, એવી એક અન્ય પ્રાર્થના ઈશ્વર ચણી રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**રામચંદ્રજી કુટિલ સાથે પણ સરળ વ્યવહાર કરે છે ત્યારે શ્રીકૃષ્ણ સરળ સાથે સરળ અને કુટિલ સાથે કુટિલ વ્યવહાર રાખે છે**


# કોઇને સુખ ન આપો તો કંઈ વાંધો નહીં, પણ કોઇને દુઃખ આપશો નહીં, પૂજા એ જ કરી શકશે જેનું હૃદય વિશાળ છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**આખા જગતને કોઈ રાજી કરી શક્યું નથી, તેમ કરવું કઠણ છે, એક સમયે એક બાપ-દીકરો વોડા ને લઈ જતા હતા, દીકરાએ કહ્યું કે, બાપા, તમે ઘોડા ઉપર બેસો, હું ચાલીશ. બાપ ઘોડા ઉપર બેઠો, આગળ જતાં રસ્તામાં કેટલાક માણસો મળ્યા, કહે, બાપ કેવો નિર્દય છે! નાનો છોકરો તાપ માં ચાલે છે અને પોતે ઘોડા ઉપર બેઠા છે.**

જગતમાં કેટલાક તો તમે એમને માટે ઘણું કરશો તો પણ તમારું ખરાબ બોલવાના જ એટલે જગતને અને જગતના લોકોને સાંભળવાની કદી ઈચ્છા રાખશો નહીં,નહીં તો દુઃખી થશો.આ નિંદા પચાવી શકે તેમ નથી. સ્તુતિ પણ પચાવી શકે તેમ નથી. આખા જગતને કોઈ રાજી કરી શક્યું નથી,તેમ કરવું કઠણ છે. એક સમયે એક બાપ-દીકરો વોડા ને લઈ જતા હતા. દીકરાએ કહ્યું કે,બાપા,તમે ઘોડા ઉપર બેસો, હું ચાલીશ. બાપ ઘોડા ઉપર બેઠો. આગળ જતાં રસ્તામાં કેટલાક માણસો મળ્યા. કહે, બાપ કેવો નિર્દય છે!નાનો છોકરો તાપ માં ચાલે છે અને પોતે ઘોડા ઉપર બેઠા છે. આ સાંભળી પિતાએ પુત્રને કહ્યું, બેટા, તું થોડા ઉપર બેસ, હવે હું ચાલીશ. આગળ જતાં રસ્તામાં બીજા માણસો મળ્યા. તેઓ કહે, આ છોકરો નિર્લજ્જ છે! જુવાનજોધ થઈ પોતે ઘોડા ઉપર બેઠો છે અને પોતાના બુઢ્ઢા બાપને ચલાવે છે! આ સાંભળી પિતા–પુત્ર બંને ઘોડા ઉપર સાથે બેઠા. આગળ જતાં રસ્તામાં બીજા માણસો મળ્યા. તેઓ કહે, આ લોકો કેવા નિર્દય છે! બે પાડા જેવા આ બિચારા નાના ટટુ ઉપર ચડી બેઠા છે. હવે બાપ- દીકરો બંને ટટુ ઉપરથી નીચે ઊતરી ગયા. હવે તેઓ ઘોડાને દોરીને લઈ જતા હતા. આગળ જતાં રસ્તામાં બીજા માણસો મળ્યા. તેઓ કહે, આ લોકો કેવા મૂર્ખ છે?સાથે ઘોડો છે,પણ ચાલતા જાય છે. એક બેઠો તોય નિંદા,બે બેઠા તોય નિંદા! જગતમાં કેવું વર્તન રાખવું તે જ સમજ પડતી નથી. ત્યારે પરમાત્મા ને પ્રસન્ન કરવા એટલું કઠણ નથી. પરમાત્માને જે પ્રસન્ન કરી શકે તે જગતને પ્રસન્ન કરી શકે છે. કારણ ભગવાન જગતના ઉપાદાન કારણ છે. રામચંદ્રજી કુટિલ સાથે પણ સરળ વ્યવહાર કરે છે ત્યારે શ્રીકૃષ્ણ સરળ સાથે સરળ અને કુટિલ સાથે કુટિલ વ્યવહાર રાખે છે. આ છે બંને અવતારોનો તફાવત. જગતને પણ રાજી કરી શક્યા નથી તો મનુષ્ય શું રાજી થવાનો હતો? સમાજને રાજા સુધારી શકે નહીં. સમાજને સંત સુધારી શકે. માટે જગતને ખુશ કરવાની વૃત્તિ છોડી ઈશ્વરને ખુશ કરો,પ્રસન્ન કરો. પ્રભુને પ્રસન્ન કરવાના ત્રણ માર્ગો નારદજીએ ચોથા સ્કંધમાં બતાવ્યા છે. સર્વ જીવો ઉપર દયા રાખવી, જે કાંઈ મળે તેનાથી સંતોષ માનવો અને ઈન્દ્રિયો ઉપર સંયમ કરવો. આથી ભગવાન તરત પ્રસન્ન થાય છે. આ ત્રણ ઉપાય જે કરે તેના ઉપર ભગવાન કૃપા કરે છે. નથી. ત્યારે વિષયો એવા છે કે, ન ભોગવવા છતાં તેનું ચિંતન માત્ર




કરવાથી પણ મનુષ્યો મરે છે. ઝેર ખાવાથી જ મનુષ્ય મરે છે. તેનું ચિંતન કરવાથી કે ઝેર હાથમાં રાખવાથી મનુષ્ય માટે વિષયી વિષથી પણ બુરાં છે. એનો વિષવત ત્યાગ કરવો ઘટે. ધ્રુવનું દૃષ્ટાંત એ સ્પષ્ટ કરે છે કે, દેવો મંત્રાધીન છે.નામ સ્વતંત્ર છે. રૂપ સ્વતંત્ર છે,તેથી સંતો નામ સ્વરૂપ ને વધુ મહત્ત્વ આપે છે. નામ હોય ત્યાં રૂપને પ્રત્યક્ષ થવું જ પડે છે. હજાર શિક્ષક જે જ્ઞાન નથી આપી શકતા તે જ્ઞાન માતા બાળકને આપી શકે છે સુનીતી બાળકને તપ કરવા મોકલે છે. જ્યારે આજની માતા બાળકને રૂપિયા આપી સિનેમા જોવા મોકલે છે. બંનેને બાળક પર પ્રેમ છે, પણ સુનીતિનો પ્રેમ બાળકના અંતિમ કલ્યાણને નજરમાં રાખે છે, જ્યારે આજની માતા કેવળ પજવતો બંધ થાય એટલું જ ચાહે છે. જેને ભાઈમાં ભગવાન દેખાતા નથી એ ભગવાનની ભક્તિ કદી કરી શકતા નથી, અને કરે તો એમાં પણ એ ઈશ્વરને છેતરે છે. ભગવાનની પૂજા મંદિર માં થાય છે એવું નથી.ઈશ્વર તો સર્વવ્યાપક છે.એટલે પરમાત્માની પૂજા સર્વ ઠેકાણે થઈ શકે છે. કોઈપણ જીવને સુખ સંતોષ આપો એ પણ પૂજા છે, કારણ કે દરેક જીવ ઈશ્વર નો જ અંશ છે. જીવ અને ઈશ્વર જુદા નથી.સત્તા થી તો જીવ એ ઈશ્વરનું જ પ્રતિબિંબ છે. સૂર્ય એક હોવા છતાં જેમ પાણીનાં જુદાં જુદાં પાત્રોમાં સૂર્યનાં અનેક પ્રતિબિંબ દેખાય છે, તેમ ચેતન પરમાત્માનાં પણ અનેક જીવમાં પ્રતિબિંબ પડે છે. જીવ ઈશ્વરમાં જે ભેદછેએ ડાંગર અને ચોખા જેવો છે. ડાંગર અને ચોખામાં જેમ કોઈ ફેર નથી, એમ જીવ અને ઈશ્વરમાં પણ કંઈ ફેર નથી પણ ભાત ચોખાનો થાય છે, ડાંગરનો નથી થતો. ડાંગર થોડો ખંડાવા રૂપે માર ખાય છે ત્યારે એ ચોખ્ખો બને છે. એમ જીવ પણ તપ અને ભક્તિ કરે ત્યારે એ પરમાત્મા બને છે. માટે સર્વ શરીરમાં ચૈતન્યરૂપે ઈશ્વર જ રહેલો છે એમ માનીને સર્વને સુખ આપો એ પણ પૂજા છે. તમે કોઈને સુખ ન આપો તો કંઈ વાંધો નહીં, પણ કોઈને દુઃખ આપશો નહીં. પૂજા એ જ કરી શકશે જેનું હૃદય વિશાળ છે. જેની આંખમાં કામ અને પૈસો છે એ કઈ રીતે પરમાત્માની પૂજા કરી શકવાનો છે? ભિખારી ભીખ માગવા નથી આવતો પણ આપણને એ બોધ આપવા આવે છે કે, મેં ન આપ્યું તેથી મારી આવી દશા થઈ. તમે નહીં આપો તો તમારી પણ આવી દશા થશે. આમ ભિખારી પણ ગુરુ છે. એનામાં પણ ભગવદ ભાવ રાખો. જગતને રાજી કરવું મુશ્કેલ છે, પણ જે પરમાત્માને રાજી કરે છે તે જગતને રાજી કરે છે. વૃક્ષને લીલું રાખવા માટે પાંદડાં પર પાણી છાંટવાની જરૂર નથી, મૂળમાં પાણી છાંટવાની જરૂર છે. જગત એ વૃક્ષનાં પાંદડાં જેવું છે અને વૃક્ષનું મૂળ પરમાત્મા છે.એટલે જગતને રાજીરાખવાની વ્યર્થ ભાંજગડમાં પડશો નહીં. હું જ પુરંજન છું, એમ વિચારી આ લેખનું વારંવાર વાંચન ચિંતન કરજો.વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે ૨૪મી ઓક્ટોમ્બરને ગુરૂવારે દિવસ અને રાત્રી ગુરૂ પુષ્યામૃત યોગ છે.આજે આસો વદ આઠમના ગુરૂવારે સવારના ૬-૪૮ થી આખો દિવસ અને આખી રાત ગુરૂ પુષ્યામૃત યોગ છે.જે દિવાળી પૂર્વે આવતો હોવાથી ખરીદી માટે શુભ અને શ્રેષ્ઠ ગણાશે. આજે ગુરૂ પુષ્યામૃત યોગની સાથે સર્વાર્થ સિધ્ધ યોગ પણ દિવસ- રાતના છે.આમ બન્ને યોગનો સંયોગ અત્યંત લાભદાયી છે. આ બન્ને યોગમાં પૂજાપાઠ,જપ- તપ, આરાધના મંગલકારી બને તે ઉપરાંત નવી દુકાન,શો રૂમનું ઉદઘાટન, જમીન,મકાન, વાહન ની ખરીદી, સુવર્ણ-ચાંદીની ખરીદી વગેરે ઉત્તમ ફળ આપનાર બનશે. દિવસના શુભ ચોઘડીયા આજે તા.૨૪મી ઓક્ટોબરને ગુરૂવારના ગુરૂ પુષ્યામૃતના દિવસના શુભ ચોઘડીયામાં સવારે ૬-૪૮ થી ૮-૧૪સુધી ચલ,લાભ અને અમૃત બપોરના ૧૧-૦૫થી ૩-૨૨, બપોર ના ૪-૪૮ થી સાંજ ના ૬- ૧૩ સુધી શુભ મુહુર્તો છે. બપોરે ૧૨- ૦૮ થી ૧૨-૫૪ સુધી અભિજિત મુહુર્ત છે. રાત્રીના શુભ ચોડીયા સાંજે ૬-૧૩થી ૯-૨૨ સુધી અમૃત ચલ જે શુભ ચોઘડીયા છે. આ સમયમાં ખરીદી કરવી શ્રેષ્ઠ ફળ આપે. બસ મા શકિત ભવાની સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

# તેની ફિલ્મો નિષ્ફળ જતાં 'હેરા ફેરી' અટકી હતી

## અક્ષયમાં કશુંક ખાસ છે મેં અક્ષયને સાઇન કર્યો અને કહ્યું કે માત્ર મારી શરતો પર જ કામ થશે

છેલ્લાં ઘણા સમયથી અક્ષય કુમાર એક સફળ ફિલ્મની રાહ જોઈ રહ્યો છે. સૂર્યવંશી બાદ અક્ષયની કોઈ ફિલ્મ બોક્સ ઓફિસ પર કોઈ ખાસ દેખાવ કરી શકી નથી. તેમ છતાં તેને ફિલ્મોની ઓફર પણ મળી રહી છે અને તે સતત વ્યસ્ત પણ રહે છે. આ નિષ્ફળતાઓની તેની પર બહુ અસર થતી નથી, તેનું કારણ એ છે કે અક્ષય પહેલાં પણ આ પ્રકારની ચડતી-પડતી જોઈ ચૂક્યો છે. ખાસ તો જ્યારે અક્ષય ખિલાડી કુમારથી ઓળખાતો એ ૯૦ના દાયકામાં એક તબક્કો એવો આવેલો કે ઈન્ડસ્ટ્રીના લોકોને અક્ષય કુમાર પરથી વિશ્વાસ ઊઠી ગયો હતો. તેના કારણે તેની ફિલ્મો અધવચ્ચે અટકી જતી હતી. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં ફિલ્મ મેકર સુનીલ દર્શને દાવો કર્યો છે કે એ સમયે કોઈને અક્ષય સાથે કામ કરવું નહોતું. એ સમયે સુનીલે અક્ષય સાથે 'જાનવર' ફિલ્મ કરીને એક જોખમ ખેડ્યું હતું. સુનિલે આ ઈન્ટરવ્યૂમાં જણાવ્યું,"અક્ષયમાં કશુંક ખાસ



છે. મેં અક્ષયને સાઈન કર્યો અને કહ્યું કે માત્ર મારી શરતો પર જ કામ થશે. મેં કરિશ્માને સાઈન કરી અને તેની સાથે સ્પષ્ટતા પણ કરી કે બે પ્રોબ્લેમ થશે. પહેલું, તને બીજા લોકો પાસેથી મળતા હશે એટલા પૈસા હું આપી શકીશ નહીં. બીજું, અક્ષય કુમાર હિરો હશે. તેણે કહ્યું કોઈ વાંધો નહીં, તમારી કંપની એ અમારી કંપની છે. તેની માતા બબિતાએ પણ કહ્યું કે અમને તમારી સાથે કામ કરવું ગમશે.''સુનિલ માને છે કે એ અક્ષયની કારકિર્દીનો નબળો તબક્કો હતો. "કોઈ ડિસ્ટ્રીબ્યુટર એની ફિલ્મને હાથ લગાડવા માગતા નહોતા. અક્ષય મારી પાસે આવ્યો અને એની આંખોમાં આસું આવી ગયાં હતાં. તેણે મને કહ્યું કે તેણે અમુક પ્રોડ્યુસર્સને પૂછ્યું કે કે તેઓ તેની ફિલ્મના બેનર કેમ નથી મુકતાં, તો તમણે જવાબ આપ્યો હતો કે તારી ઔકાત નથી કે તારી ફિલ્મનું બેનર લગાવીએ. એનો નર્વસ ચહેરો જોઈને હું પણ નર્વસ થઈ ગયો. મેં જુહુમાં અક્ષયનો જ ચહેરો હોય એવું સૌથી મોટું બેનર લગાવ્યું. મને વિશ્વાસ હતો કે જે વ્યક્તિ બધા માટે ભારરૂપ બની ગયો હતો તે મારા માટે સૌથી મોટી તાકાત બની જશે.''સુનિલે કહ્યું કે 'જાનવર' ઘણા શહેરોમાં બહુ ચાલી, ઘણા થિએટરમાં તો ૧૦૦ દિવસ ચાલી, બિહારમાં ઘણી સફળ રહી હતી. તો એક પાર્ટીમાં યશ જોહરે મને કહ્યું હતું કે જો બિહારમાં કોઈ લાલુ યાદવને હરાવી શકે તો એ તું છે.

### વિજયના નેગેટિવ રોલથી મહિલાઓ ડરી જાય છે

# સુનિધી ચૌહાણ મારાથી ડરી હતી તો મને એ વાતનું બહુ દુઃખ થયું હતું

## અન્નુ કપૂરે પ્રિયંકા ચોપરા વિશે ફરી એ જ જૂની વાત કહી, જેના પર દેશી ગર્લ ૧૩ વર્ષ પહેલા ગુસ્સે થઈ હતી

વિજય વર્મા એક ઉમદા-વાસ્તવવાદી અભિનય કરતા કલાકાર તરીકે જાણીતો છે. તાજેતરમાં એક કાર્યક્રમમાં હાજર રહેલાં વિજયે ખુલાસો કર્યો હતો કે તેના રોલથી ઘણી મહિલાઓ અને તેના ચાહકો, તેમની માતાઓ ગભરાઈ જતી હોય છે. તેનાથી તેને દુઃખ થાય છે. આ વખતે તેણે તેની ફિલ્મ 'પિંક'ના ઓલ વીમેન સ્ક્રિનિંગની ઘટના યાદ



કરતા કહ્યું હતું કે ફિલ્મના અંત પછી માહોલ અચાનક જ બદલાઈ ગયો હતો. ત્યાં હાજર મોટાભાગની મહિલાઓ આ ગંભીર ફિલ્મના અંતે રડી પડી હતી. ખાસ કરીને તેને જ્યારે ખ્યાલ આવ્યો કે સુનિધી ચૌહાણ તેનાથી ડરી ગઈ હતી અને અને તે નહોતી ઈચ્છતી કે વિજય તેની નજીક જાય, આ વાતથી તેને ઘણું દુઃખ થયું હતું. આ પ્રતિભાવોથી તે તેના અભિનયની અસર વિશે વિચારવા લાગ્યો હતો. આ છતાં વિજય વૈવિધ્યસભર રોલ કરતો રહ્યો છે, જેમકે 'કાલકૂટ' અને 'આઈસી ૮૧૪ : ધ કંદહાર હાઈજેક'માં તેના અભિનયના ખુબ વખાણ થયા છે. ફિલ્મ હોય કે ઓટીટી પ્લેટફર્મ, બધા પર વિજય વર્માનો અભિનય યાદગાર રહ્યો છે. તાજેતરમાં જ રાજકુમાર હિરાનીએ વિજય વર્માને એક અદભૂત કલાકાર ગણાવીને તેની સાથે ફિલ્મ કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું, "મેં તેને હજુ કહ્યું નથી પણ અમે કશુંક લખી રહ્યા છીએ અને હું એને આ માટે કોલ પણ કરવાનું વિચારું છું.'' આ પહેલાં રાજકુમાર હિરાનીના પ્રોડક્શનમાં અને ડિરેક્શનમાં '૧૨ ફેઈલ' ફિલ્મ ઘણી સફળ રહી છે. તેથી હવે વિજય વર્મા સાથે કામ કરવાની વાતથી ફિલ્મ રસિકોની આતુરતા વધી છે.

### જો મારા બદલે કોઈ હીરો હોત તો તેણીએ ના નહીં પાડી હોતઃ અન્નુ કપૂર

# ફિલ્મના ઈન્ટીમેટ સીનને લઈને વિવાદ થયો હતો

## અન્નુ કપૂરે પ્રિયંકા વિશે ફરી એ જ જૂની વાત કહી, જેના પર દેશી ગર્લ ૧૩ વર્ષ પહેલા ગુસ્સે થતી

બોલિવૂડ એક્ટર અને બે વખત નેશનલ એવોર્ડ વિનર અન્નુ કપૂરનું એક પોડકાસ્ટ પણ ચર્ચામાં છે. અભિનેતા ચાર દાયકાથી આ ઈન્ડસ્ટ્રીમાં છે. તેમણે ઘણી ફિલ્મોમાં કામ કર્યું. ટીવીમાં પણ કામ કર્યુ અને કેટલાક શો પણ કર્યા. પોડકાસ્ટમાં તેમણે પ્રિયંકા ચોપરા અને દેશભક્તિ અને અમેરિકન નાગરિકતા વિશે વાત કરી છે. અન્નુ કપૂરે ન્યૂઝ એજન્સી છન્નૈના પોડકાસ્ટમાં દિલ ખોલીને વાત કરી હતી. જ્યારે તેમને દેશભક્તિ સંબંધિત પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું કે, દેશભક્તિ કોઈ પરફ્યુમ નથી કે તમારે કોઈ ફંક્શનમાં જવું હોય, લગ્નમાં જવું હોય તો સારું પરફ્યુમ લગાવવું પડે. દેશભક્તિ એ તમારા શરીરની ધમનીઓમાં ૨૪ કલાક વહેતા લોહીનો પ્રવાહ છે.અન્નુ કપૂરની પત્નીનું નામ અનુપમા પટેલ છે. તેમની પત્ની અને અમેરિકન નાગરિકતા અંગે અભિનેતાએ કહ્યું, 'મારી પત્ની



અમેરિકન છે. મેં ક્યારેય ગ્રીન કાર્ડ કે યુએસએની નાગરિકતા માટે અરજી કરી નથી. હું જીવનભર ભારતીય પાસપોર્ટ પર રહીશ. હું મરી જઈશ પણ ક્યારેય પાસપોર્ટ નહીં બનાવડાવું. એ મારી મજબૂરી છે. હું ખૂબ જ લોયાલિટી ટાઈપ સ્પર્મ છું. અન્નુ કપૂરે વિશાલ ભારદ્વાજની ફિલ્મ '૭ ખૂન માફ'માં પ્રિયંકા ચોપરા સાથે કામ કર્યું હતું. ફિલ્મના ઈન્ટીમેટ સીનને લઈને વિવાદ થયો હતો. હવે અભિનેતાએ કહ્યું, 'એક સમાચાર આવ્યા કે પ્રિયંકા ચોપરાએ અન્નુ કપૂરને કિસ કરવાનીના પાડી દીધી. જો હું હીરો હોત તો પ્રિયંકા ચોપરાને કોઈ વાંધો ન હોત. કોઈ હીરોઈનને હીરોને કિસ કરવામાં કોઈ વાંધો નથી. જ્યારે હું એવો વ્યક્તિ છું જેનો દેખાવ સારો નથી, ના કોઈ પર્સનાલિટી. એટલે પ્રોબ્લેમ થઈ!નોંધનીય છે કે, ૨૦૧૧માં પણ ફિલ્મના પ્રમોશન દરમિયાન અભિનેતાએ કંઈક આવું જ કહ્યું હતું, જેના પછી પ્રિયંકા ચોપરા ગુસ્સે થઈ ગઈ હતી. અન્નુ કપૂરે પ્રિયંકા વિશે ફરી એ જ જૂની વાત કહી, જેના પર દેશી ગર્લ ૧૩ વર્ષ પહેલા ગુસ્સે થતી, પ્રિયંકાએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, 'જો તેને ઈન્ટિમેટ સીન કરવા હોય અને આવી અભદ્ર વાતો કરવી હોય તો તેમણે અન્ય પ્રકારની ફિલ્મો કરવી જોઈએ. આવા દ્રશ્યો ક્યારેય અમારી ફિલ્મનો ભાગ નહોતા. હું ખૂબ જ ચિડાઈ ગઈ છું. મને નથી લાગતું કે તેમનું આવું કહેવું યોગ્ય છે. તેમના નિવેદનોએ મને ખરેખર પરેશાન કરી છે. તેમની વાત કરવાની રીત ખૂબ જ ખોટી હતી.




# પીઢ અભિનેતા શા માટે શશિ કપૂર પણ તેમની સાથે નારાજ

પીઢ અભિનેતા અન્નુ કપૂર જ્યારે ફિલ્મમાં અલગ-અલગ ભૂમિકાઓ શોધવાની વાત આવે છે ત્યારે તેને કોઈ સીમા નથી હોતી. ૧૯૮૪માં આવેલી ફિલ્મ ઉત્સવમાં કપૂરનું શાનદાર પ્રદર્શન હતું , જેનું નિર્માણ શશિ કપૂર દ્વારા કરવામાં આવ્યું હતું અને ગિરીશ કર્નાડ દ્વારા દિગ્દર્શિત કરવામાં આવ્યું હતું. જબ જબ ફૂલ ખીલેના અભિનેતા માટે અન્નુ કપૂર ખૂબ માન ધરાવતા હોવા છતાં , ફિલ્મના શૂટિંગ દરમિયાન બંને વચ્ચે ઝઘડો થયો હતો. ANI સાથેની એક્સક્લુઝિવ વાતચીતમાં, અભિનેતાએ યાદ કર્યું કે ખરેખર શું મતભેદો થયા અને શા માટે શશિ કપૂર તેમની સાથે નારાજ થયા. તેને ઉત્સવનું શૂટિંગ યાદ આવ્યું, જેમાં શશી કપૂર સિવાય શંકર નાગ, રેખા, અમજદ ખાન, અનુરાધા પટેલ, શેખર સુમન, અનુપમ ખેર, નીના ગુપ્તા, કુલભૂષણ ખરબંદા, સંજના કપૂર અને કુણાલ કપૂર હતા. "અમે ભરતપુરના એક ટૂરિસ્ટ લોજમાં પત્તા રમી રહ્યા હતા.

### રામ ચરણના એક સ્મોલ બજેટ ફિલ્મ જેટલું બજેટ એક સોંગનું

# એક રોમેન્ટિક સોંગનું બજેટ ૨૦ કરોડ

સાઉથ ઈન્ડિયન ફિલ્મોના ડિરેક્ટર શંકર વૈભવી અને ભવ્યાતિભવ્ય ફિલ્મો બનાવવા માટે જાણીતા છે, તેમની ફિલ્મો મોટા પડદે જોવી એ એક લ્હાવો હોય છે. તેમની આગામી ફિલ્મ 'ગેમ ચેન્જર' પણ આવી જ હોવાની અપેક્ષાઓ છે, જેમાં રામ ચરણ અને કિઆરા અડવાણી લીડ રોલમાં છે. હવે આ ફિલ્મ વિશે એક મહત્વની અપ ડેટ અંગેના અહેવાલો આવી રહ્યા છે, જે મુજબ શંકરે માત્ર એક ગીત માટે લગભગ ૨૦ કરોડ જેટલો ખર્ચ કર્યો છે.આ એક એવું ગીત છે, જેમાં રામ ચરણ અને કિઆરાને મોટા પડદે રોમાન્સ કરતા જોવા એ એક અલગ અનુભવ હશે. આરઆરઆરની સફળતા પછી રામ ચરણ ગ્લોબલી જાણીતો ચહેરો બની ગયો છે, ત્યારે હવે તેની ફિલ્મની આતુરતાથી રાહ







જોવાઈ રહી છે આ ગીત અદભૂત સ્થળો પર શૂટ થયું છે, તેમજ તેના માટે ખાસ કોરિયોગ્રાફી અને સિનેમેટોગ્રાફીની પણ મદદ લેવામાં આવી છે. ડિરેક્ટર શંકરનો હેતુ આ ગીતથી દર્શકોને એક ક્યારેય ન ભૂલી શકાય તેવો અનુભવ કરાવવાનો છે. શંકર આ પહેલાં પણ આવા ભવ્ય ગીતો બનાવી ચૂક્યા છે અને તેઓ આ પ્રકારના ગીતો માટે જાણીતા છે, દર્શકોને તેમના આવા ગીતો ગમે પણ છે. જેમાં વૈભવી સેટ સાથે કોસ્ચ્યુમ્સ પણ જાજરમાન હોય છે, આમ ગીતને ભવ્ય બનાવવામાં તે કોઈ બાંધછોડ કરતા નથી. હવે ફરી એક વખત 'ગેમ ચેન્જર'માં પણ તેઓ આ જ ફોર્મ્યુલા સાથે કામ કરી રહ્યા છે અને બની શકે કે આ ૨૦ કરોડનું ગીત ફિલ્મનો મહત્વનો ભાગ હોઈ શકે છે. આરઆરઆરની સફળતા પછી રામ ચરણ ગ્લોબલી જાણીતો ચહેરો બની ગયો છે. ત્યારે હવે તેની ફિલ્મની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. આ ફિલ્મ ૧૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ઉત્તરાયણ દરમિયાન રિલીઝ થશે, ત્યારે મોટા બજેટ અને રામ ચરણની લોકપ્રિયતાને કારણે ફિલ્મ બોક્સ ઓફિસ પર હિટ રહે તેવી દરેકની અપેક્ષા છે.

# પ્રભાસને એક રાતમાં સવા લાખ બર્થ ડે વિશ

## સમગ્ર દેશમાં પ્રભાસની લોકપ્રિયતા કેટલી છે તેનો વધુ એક પુરાવો સામે આવ્યા

સાઉથ સહિત સમગ્ર દેશમાં પ્રભાસની લોકપ્રિયતા કેટલી છે તેનો વધુ એક પુરાવો સામે આવ્યો છે. પ્રભાસને તેના ફૅન્સ 'ડાર્લિંગ' કહીને બોલાવે છે. પ્રભાસનો બર્થ ડે ૨૩ ઓક્ટોબરે આવી રહ્યો છે ત્યારે તેના ફૅન્સ માટે જાણે ઉત્સવનો માહોલ બની રહ્યો છે. સાથે જ તેના જન્મ દિવસ નિમિત્તે તેની કેટલીક ફિલ્મો રી-રિલીઝ પણ થઈ રહી છે. સાથે જ પ્રભાસના ફૅન્સ દ્વારા એક એવો નવો પ્રયોગ કરવામાં આવ્યો છે. ઈન્ડિયન સિનેમામાં કોઈ ફૅન તેમના સુપર સ્ટાર માટે કેટલા ઉત્સાહિત હોઈ શકે, તે દર્શાવવા નવા રેકોર્ડ્ઝ આ પ્રસંગે બની રહ્યા છે, આમ પ્રભાસે ડિજિટલ ટ્રેન્ડનો નવો રેકોર્ડ બનાવ્યો



છે.ફેન્ડેમિક દ્વારા એક ડિજીટલ કેમ્પેઈન શરૂ કરવામાં આવ્યું છે. જેમાં ફૅન્સ તેમના ગમતા સ્ટારને પર્સનલી બર્થ ડે વિશ મોકલી શકે છે. ૨૦ તારીખે રાત્રે આ પ્લેટફર્મ પર વિશ મોકલવાનું શરૂ થઈ ગયું હતું અને કલાકોમાં જ સમગ્ર વિશ્વમાંથી પ્રભાસ માટે લગભગ ૧,૨૫,૦૦૦ શુભેચ્છાઓનો વરસાદ થઈ ગયો હતો. આ કેમ્પેઈનનું લક્ષ્ય દસ લાખ બર્થ ડે વિશ મેળવવાનું છે. જો એ સિદ્ધ થઈ જાય તો આ કોઈ પણ સુપર સ્ટારને મળેલી સૌથી વધુ વિશનો રેકોર્ડ બની જશે. હજુ પ્રભાસના બર્થ ડેના બે દિવસ બાકી છે. અપેક્ષા મુજબની વિશ આવી જાય તો ફૅન્સ માટે ડિજિટલ પાર્ટીનું આયોજન કરવામાં આવશે. બાહુબલી ઉપરાંત, પ્રભાસની ફિલ્મોએ પણ બોક્સ ઓફિસ પર સારું પ્રદર્શન કર્યું, જેમાં એક્શન થ્રિલર સાહો અને સાલારઃ ભાગ ૧ - સીઝફાયરનો સમાવેશ થાય છે. આ બંને ફિલ્મો સૌથી વધુ કમાણી કરનારી ભારતીય ફિલ્મોમાં સામેલ છે. તમને જણાવી દઈએ કે પ્રભાસ એકમાત્ર એવો અભિનેતા છે જેણે ૧૦૦ કરોડની ઓપનિંગ સાથે ૫ ૫ ફિલ્મો આપી છે.

# વધુ એક સિંગર આવ્યો સલમાનના સપોર્ટમાં

## બોલિવૂડના ભાઈજાન કહેવાતા સલમાન ખાન આ દિવસોમાં મુશ્કેલીમાં છે

બોલિવૂડના ભાઈજાન કહેવાતા સલમાન ખાન આ દિવસોમાં મુશ્કેલીમાં છે. કાળિયાર શિકાર કેસને લઈને ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ લાંબા સમયથી તેનો પીછો કરી રહ્યો હતો. તાજેતરના દિવસોમાં તેને ઘણી વખત જાનથી મારી નાખવાની ધમકીઓ મળી છે. થોડા દિવસો પહેલા જ્યારે બાબા સિદ્દીકીની હત્યા કરવામાં આવી ત્યારે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે બાબાની હત્યા એટલા માટે કરવામાં આવી હતી કારણ કે તે સલમાનની નજીક હતો. લોરેન્સ



ગેંગની આ કથિત સોશિયલ મીડિયા પોસ્ટ છતાં પણ ઘણા લોકો સલમાનના સમર્થનમાં છે. હવે સિંગર મીકા સિંહે સલમાનના સમર્થનમાં નિવેદન આપ્યું છે. મીકા સિંહનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તે લાઈવ કોન્સર્ટ દરમિયાન સલમાન ખાનને સપોર્ટ કરતો જોવા મળી રહ્યો છે. મીકા સિંહે સ્ટેજ પરથી સલમાન માટે ફિલ્મ 'શૂટઆઉટ એટ લોખંડવાલા'નું પોતાનું ગીત ગાયું. તે કહે છે, "સલમાન ખાન માટે આ પંક્તિ છે 'ભાઈ મેં ભાઈ તુ ફિકર ના કર... કહો અપુન કો બાતા દે કભી હો ગયી ફંટર... સબકી અપને નામ સે અપુન જાયે જીધર.''મીકા સિંહના આ વીડિયો પર ઘણા લોકો કોમેન્ટ પણ કરી રહ્યા છે. પાપારાઝી વિરલ ભયાનીએ મીકાનો આ વીડિયો પોતાના ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો છે. એકે લખ્યું, "વિનાશ કાલ વિપરીત બુદ્ધિ.'' પંકજ શર્મા નામના યુઝરે લખ્યું, "આને આપણે પગમાં કુહાડી મારવી કહીએ છીએ.'' ઘણા લોકો કહી રહ્યા છે કે મીકાએ સલમાનને સપોર્ટ કરીને તેની મુશ્કેલીઓ વધારી છે. જો કે, ઘણા લોકો મીકા સિંહને રાજા કહી રહ્યા છે અને તેના જોરદાર વખાણ કરી રહ્યા છે.

### સોમી અલીએ પણ સલમાન ખાન વિશે ઘણા ખુલાસા કર્યા

# બિશ્નોઈ સમુદાયની માફી માંગવી જોઈએ

સલમાન ખાન આ દિવસોમાં મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. સલમાન ખાનને સતત ધમકીઓ મળી રહી છે. તેમના ઘરની બહાર પણ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. તાજેતરમાં તેમના મિત્ર અને NCP નેતા બાબા સિદ્દીકીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. બાબા સિદ્દીકીની હત્યાની જવાબદારી લોરેન્સ બિશ્નોઈ ગેંગે લીધી હતી. લોરેન્સ બિશ્નોઈ ગેંગનું કહેવું છે કે જો સલમાન ખાને કાળા હરણનું મારણ કર્યું હોય તો તેણે બિશ્નોઈ સમુદાયના મંદિરમાં જઈને માફી માંગવી જોઈએ. હવે ભજન સમ્રાટ અનુપ જલોટાએ એક ખાનગી ન્યૂઝ ચેનસ સાથે વાત કરતાં કહ્યું





કે સલમાન ખાને કાળા હરણનું મારણ કર્યું કે નહીં તે વાત બાજુ પર રાખો. સલમાન ખાને બિશ્નોઈ સમાજના મંદિરમાં જઈને માફી માંગવી જોઈએ. આ હવે ઈગોની વાત નથી. અનુપે કહ્યું- 'હું માત્ર એટલું કહેવા માંગુ છું કે કોણે માર્યું અને કોણે નહીં તે વિચારવાનો આ સમય નથી... તમને સમજવું જોઈએ કે સલમાનના નજીકના મિત્ર બાબા સિદ્દીકીની પણ કથિત રીતે હત્યા કરવામાં આવી હતી. હવે, આ વિવાદને ઉકેલવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. હું સલમાનને એક નાનકડી વિનંતી કરવા માંગુ છું કે તેણે મંદિરમાં જઈને તેની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને તેના પરિવાર અને નજીકના મિત્રોની સુરક્ષા માટે માફી માંગવી જોઈએ. સલમાનને ઘણી વખત જાનથી મારી નાખવાની ધમકીઓ મળી છે, એટલું જ નહીં તેના ઘર પર ગોળીઓ પણ ચલાવવામાં આવી છે, મને ખાતરી છે કે તે તેની માફી સ્વીકારશે. સલમાને જઈને ફરી સુરક્ષિત જીવન જીવવું જોઈએ. આ મામલાને જટિલ બનાવવાનો સમય નથી. તેણે હત્યા કરી છે કે નહીં, સલમાને માફી માંગવી જોઈએ. લડાઈમાં ફસાઈને કોઈને કંઈ જ મળશે નહીં.'નોંધનીય છે કે, સલમાન ખાનની એક્સ ગર્લફ્રેન્ડ સોમી અલીએ પણ સલમાન ખાન વિશે ઘણા ખુલાસા કર્યા છે. તેણીએ કહ્યું કે સલમાન ખાને કાળા હરણને મારી નાખ્યું હતું. જ્યારે સલમાન જોધપુરથી પાછો ફર્યો ત્યારે તેણે સોમી અલીને આ વિશે જણાવ્યું. સોમીએ કહ્યું કે તે સમયે તે અને સલમાન ખાન રિલેશનશિપમાં હતા. પરંતુ સોમીએ એમ પણ કહ્યું કે સલમાન ખાનને ખબર ન હતી કે બિશ્નોઈ સમુદાયમાં કાળા હરણની પૂજા કરવામાં આવે છે.

### માંડલ ખાતે બાગાયતી પાકોમાં પ્રાકૃતિક કૃષિ અંગેનો પરિસંવાદ યોજાયો

## પરિસંવાદમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો, પાક સંરક્ષણ, મિશ્ર ખેતી, આંતરપાક સહિતની બાબતો વિશે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું

। (માહિતી) અમદાવાદ, તા.૨૩ ।

નાયબ બાગાયત નિયામકની કચેરી, અમદાવાદ દ્વારા જિલ્લાના ખેડૂતો માટે માંડલ ખાતે બાગાયતી પાકોમાં પ્રાકૃતિક કૃષિ અંગે એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં ખેડૂતોને બીજામૃત અને જીવામૃત જેવા આયામો, આચ્છાદન, વાપસા જેવી કૃષિ પદ્ધતિઓ સહિત પાક સંરક્ષણ અને આંતરપાક સહિતની પ્રાકૃતિક કૃષિ પદ્ધતિઓ બાબતે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.



પરિસંવાદ અંતર્ગત મદદનીશ બાગાયત નિયામક શ્રી જે. જે. પરમારે ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના આયામો વિશે માહિતગાર કરીને બાગાયતી સહાય યોજનાઓનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો. બાગાયત અધિકારી શ્રી આર. એ . ગોસ્વામી દ્વારા ખેડૂતોને **Grow More Fruit Crop** કેમ્પેઈન અંતર્ગત તાલુકામાં વધુમાં વધુ ફળઝાડનું વાવેતર થાય તે માટે સમજ આપવામાં આવી. ગૂજરાત વિદ્યાપીઠના નાયબ કુલસચિવ (મહેકમ શાખા) ડૉ. હેમુભાઈ જાંબુકિયાએ પણ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી વિશે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતુ. આ પ્રસંગે પ્રગતિશીલ ખેડૂત શ્રી મનહરભાઈએ પ્રાકૃતિક ખેતી અંગે પોતાના અનુભવો વર્ણવ્યા હતા. કૃષિ નિષ્ણાંત શ્રી ભગુભાઈ એસ. પટેલે વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિના અભિગમ અંગે ચર્ચા કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ જિલ્લામાં બાગાયતી પાકોમાં ખેડૂતો દ્વારા અપનાવવામાં આવેલી પ્રાકૃતિક કૃષિના પરિણામે જિલ્લામાં બાગાયતી પાકોમાં વાવેતર સારા એવા પ્રમાણમાં વધ્યું છે. પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ જેવા કાર્યક્રમો જિલ્લાના ખેડૂતોને વધુ પ્રમાણમાં પ્રાકૃતિક કૃષિ અપનાવવા તરફ પ્રોત્સાહિત કરે છે. આ પ્રસંગે ગામનાં આગેવાનશ્રીઓ તેમજ આત્મા, ખેતીવાડી, બાગાયત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. માંડલ તાલુકાના અંદાજે ૩૫૦થી વધુ ખેડૂતોએ બહોળી સંખ્યામાં આ પરિસંવાદનો લાભ મેળવ્યો હતો.

## સ્મીમેર હોસ્પિટલની વોલેન્ટરી બ્લડ બેન્ક દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં રક્તદાન થકી સૌથી વધુ રક્ત એકત્ર કરનાર ૨૬૨ સંસ્થાઓનું સન્માન કરાયું

। (માહિતી) સુરત, તા.૨૩ ।

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલની વોલેન્ટરી બ્લડ બેંક દ્વારા વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૩ સુધીમાં રક્તદાન થકી સૌથી વધુ રક્ત એકત્ર કરનાર સંસ્થાઓને સુરત પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતના હસ્તે પ્રશંસાપત્ર આપી સન્માનિત કરાઈ હતી. છેલ્લા ત્રણ વર્ષમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવનાર સંસ્થાઓને શિલ્ડ એનાયત કરાયા હતા. છેલ્લા ત્રણ વર્ષમાં નવ કે તેથી વધુ વખત રક્તદાન કરનાર રક્તદાતાઓને સન્માનિત કરાયા હતા. નોંધનીય છે કે, રક્તદાનના મહાયજ્ઞમાં ૨૬૨ જેટલી સંસ્થાઓના પ્રતિનિધિઓને પ્રશંસાપત્ર અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. બ્લડ બેંકના હેડ અંકિતા શાહના માર્ગદર્શન હેઠળ રક્તદાન કેમ્પ યોજાઈ રહ્યા છે. આ પ્રસંગે ડે. મેયર નરેન્દ્ર પાટીલ, દંડક ધર્મેશ વાણીયાવાલા, શાસક પક્ષ નેતા શશીબેન ત્રિપાઠી, હોસ્પિટલસમિતિનાચેરમેનમનિષાઆહિર, સ્મીમેરના ડીન ડો. દિપક હોવાલે, સુપ્રિટેન્ડન્ટ ડો. જીતેન્દ્રભાઈ, કોર્પોરેટર્સ, વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ, રક્તદાતાઓ, મમનપાના અધિકારી-કર્મચારીઓ, તબીબો, નર્સિંગ સ્ટાફ, બ્લડ બેંક સ્ટાફ ગણ ઉપસ્થિત રહ્યા હતા.

### ધોળકા ખાતે બાગાયતી પાકોમાં પ્રાકૃતિક કૃષિ અંગેનો પરિસંવાદ યોજાયો

## પૂર્વ કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ અમદાવાદ જિલ્લાના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધવા આહવાહન કર્યું



। (માહિતી) અમદાવાદ, તા.૨૩ ।

નાયબ બાગાયત નિયામકની કચેરી, અમદાવાદ દ્વારા જિલ્લાના ખેડૂતો માટે ધોળકા તાલુકાના અરણેજ ગામે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે બાગાયતી પાકોમાં પ્રાકૃતિક કૃષિ અંગે એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં ખેડૂતોને બીજામૃત, જીવામૃત જેવા આયામો, આચ્છાદન, વાપસા જેવી કૃષિ પદ્ધતિઓ સહિત પાક સંરક્ષણ અને આંતરપાક સહિતની પ્રાકૃતિક કૃષિ પદ્ધતિઓ બાબતે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

પરિસંવાદ અંતર્ગત વિવિધ તજજ્ઞશ્રીઓએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના આયામો વિશે માહિતગાર કરેલ. જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી એચ.આઈ. પટેલે ખેતીવાડી વિભાગની વિવિધ યોજના વિશે ખેડૂતોને વિસ્તૃત માહિતી આપી હતી. પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્મા, શ્રી કે. કે. પટેલ એ પ્રાકૃતિક ખેત પેદાશોની વેચાણ વ્યવસ્થા વિશે માર્ગદર્શન આપ્યું.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ ના વૈજ્ઞાનિક અને વરિષ્ઠ વડા શ્રી ભરત પંચાલે કે.વી.કે. દ્વારા ચાલતી વિવિધ પ્રવૃતિઓ વિશે માહિતગાર કરેલ. આ પ્રસંગે મહાનુભાવોના વરદ હસ્તે ઔષધિય પાકોનાં બિયારણની કીટ વિતરણ, ખેતીવાડી અને બાગાયત વિભાગના વિવિધ યોજનાઓના લાભાર્થીઓને મંજૂરી પત્ર તેમજ ચુકવણા હુકમનું વિતરણ કરવામાં આવેલ.

આ પ્રસંગે જિલ્લા સંયોજક શ્રી ગજેન્દ્રસિંહ વાઘેલા પ્રાકૃતિક ખેતી અંગેનો પોતાના અનુભવ વર્ણવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ જેવા કાર્યક્રમો જિલ્લાના ખેડૂતોને વધુ પ્રમાણમાં પ્રાકૃતિક કૃષિ અપનાવવા તરફ પ્રોત્સાહિત કરે છે.

આ પ્રસંગે ધોળકા તાલુકાના સ્થાનિક આગેવાનશ્રીઓ તેમજ આત્મા, ખેતીવાડી, બાગાયત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા તેમજ ધોળકા તાલુકાના ૪૦૦ ખેડૂતોએ આ પરિસંવાદનો લાભ મેળવ્યો હતો.

# નવા ભારતનું નવું સ્ટેશન : પશ્ચિમ રેલવેનું વડોદરા મંડળ અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ૧૮ સ્ટેશનોનું કાયાકલ્પ કરશે

। અમદાવાદ, તા.૨૩ ।

પશ્ચિમ રેલ્વેએ ૧૨૪ રેલ્વે સ્ટેશનોને પુનઃવિકાસ કરવાની મહત્વાકાંક્ષી યોજના શરૂ કરી છે. જેનો ઉદ્દેશ્ય મુસાફરોને અત્યાધુનિક સુવિધાઓ અને વધુ સારી સુવિધાઓ પૂરી પાડવાનો છે. આ પુનઃવિકાસ પ્રોજેક્ટમાં મુંબઈ સેન્ટ્રલ મંડળ ના ૩૦ સ્ટેશન, વડોદરા મંડળના ૧૮, રતલામના ૧૯, અમદાવાદ અને ભાવનગર મંડળના ૨૦-૨૦ સ્ટેશન અને રાજકોટ મંડળના ૧૭ સ્ટેશનનો સમાવેશ થાય છે. સ્ટેશનોને આધુનિક સુવિધાઓ અને વિશ્વ કક્ષાની ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે અપગ્રેડ કરવામાં આવશે, જેથી મુસાફરો માટે મુસાફરીના અનુભવમાં સુધારો થશે અને રેલવે કામગીરી વધુ કાર્યક્ષમ બનશે. તે જ દિશામાં વડોદરા મંડળ માં ગુજરાતમાં આવેલા ડાકોર, પ્રતાપનગર અને ગોધરા સ્ટેશનના અપગ્રેડેશનની કામગીરી ઝડપથી આગળ વધી રહી છે. આ પહેલનો ઉદ્દેશ્ય મુસાફરોની સુવિધાઓમાં સુધારો, ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપતી વખતે પર્યાવરણીય સ્થિરતા સુનિશ્ચિત કરવાનો છે.



ડાકોર સ્ટેશનને અંદાજે રૂ. ૯ કરોડના ખર્ચે અમૃત સ્ટેશન તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે. અપગ્રેડેશન કાર્યમાં મુસાફરોની સુવિધાઓ સુધારવા માટે આધુનિક વેઈટિંગ રૂમ અને રેસ્ટરૂમ, સુધારેલ શૌચાલય અને પીવાના પાણીના કિઓસ્કનો સમાવેશ થાય છે. તેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટનો પણ સમાવેશ થાય છે, જેમ કે કવર્ડ શેડનું બાંધકામ, વધારાના ફૂટ ઓવર બ્રિજ (એફઓબી), વધુ ટ્રેનો અને મુસાફરોને કાર્યક્ષમ રીતે હેન્ડલ કરવા માટે પ્લેટફોર્મનું અપગ્રેડેશન. સુલભતા સુધારવા માટે એસ્કેલેટરની જોગવાઈ પણ કરવામાં આવી રહી છે. પીક અવર્સ દરમિયાન ભીડનું સંચાલન કરવા માટે વધારાના પ્રવેશ/બહાર નીકળવાના સ્થળોની સ્થાપના કરવામાં આવી હતી. સ્ટેશનની ડિઝાઈનમાં ભીંતચિત્રો અને શિલ્પો સહિત સ્થાનિક કલા અને સંસ્કૃતિને પ્રતિબિંબિત કરતા તત્વોનો સમાવેશ થશે. સ્ટેશન પરિસરને બગીચાઓ અને પર્યાવરણને અનુકૂળ જગ્યાઓથી સુશોભિત કરવામાં આવી રહ્યું છે. ગ્રીન પહેલના ભાગરૂપે સોલાર પેનલ, વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમ, વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ વગેરે સ્થાપિત કરવામાં આવી રહ્યા છે. વધુમાં, સલામતી અને સુરક્ષા વધારવા માટે, વધુ સારી સીસીટીવી દેખરેખ પણ તૈનાત કરવામાં આવી રહી છે. એક તીર્થ સ્થળ હોવાના કારણે, બહેતર સ્ટેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવિધાઓ મુલાકાતીઓના અનુભવમાં સુધારો કરશે અને વધુ પ્રવાસનને પ્રોત્સાહિત કરશે. બહેતર કનેક્ટિવિટી સ્થાનિક વ્યવસાયોને વેગ આપશે અને રોજગારીની તકો ઊભી કરશે. ડાકોર સ્ટેશનના આધુનિકીકરણના પ્રયાસો પ્રસિદ્ધ રણછોડરાય મંદિરની મુલાકાત લેતા પ્રવાસીઓ, પ્રવાસીઓ અને યાત્રાળુઓ માટે પેસેન્જર-ફ્રેન્ડલી વાતાવરણ બનાવવામાં મદદ કરશે.

પ્રતાપનગર સ્ટેશન રિડેવલપમેન્ટ પ્રો-જેક્ટ એક આધુનિક, યાત્રી અનુકૂળ રેલવે સ્ટેશન બનાવશે જેમાં અનેક નવી સુવિધાઓ હશે, જેમાં એક નવું સ્ટેશન બિલ્ડીંગ અને પૂરતી પાર્કિંગ જગ્યા, એક સમર્પિત ઓટો પાર્કિંગ વિસ્તાર સહિત.લગભગ ૪૩ કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે આ કામ કરવામાં આવી રહ્યું છે. સ્ટેશનના અગ્રભાગની ડિઝાઈનમાં વડોદરા શહેરના સમૃદ્ધ સાંસ્કૃતિક ઈતિહાસને દર્શાવવા માટે કમાનો, પથ્થરનું કામ, લક્ષ્મી વિલા પેલેસના ચિત્રો જેવા સ્થાપત્ય તત્વો હશે. સ્ટેશનના મુખ્ય પ્રવેશદ્વાર પર એક પોર્ચ હશે જે પ્રવેશ અને નિકાસ દ્વાર માટે સમર્પિત હશે અને મુસાફરોની પહોંચ અને આરામમાં સુધારો કરવા માટે ૧૨ મીટર પહોળો ફૂટ ઓવર બ્રિજ (FOB) હશે. તે દિવ્યાંગજનોને કોઈપણ મુશ્કેલી વિના ક્ષેત્રમાં નેવિગેટ કરવામાં મદદ કરવા માટે સ્પર્શેન્દ્રિય ફ્લોરિંગથી સજ્જ હશે. એન્ટ્રી/એક્ઝિટ પોઈન્ટ પર અડચણો ઓછી કરવા, અંદર અને બહાર જતા મુસાફરો અને વાહનોને અલગ કરવા, રાહદારીઓની સરળતા માટે ફૂટ ઓવર બ્રિજનું એકીકરણવગેરેનુંઆયોજનકરવામાંઆવ્યુંછે. પુનઃવિકાસનો હેતુ પ્રતાપનગરની વધતી જતી વસ્તીની જરૂરિયાતોને પહોંચી વળવા સ્ટેશનની ક્ષમતાને વિસ્તૃત કરવાનો છે. આમાં પાર્કિંગની જગ્યાઓ, અલગ રાહ જોવાના વિસ્તારો, વધુ બુકિંગ કાઉન્ટરો અને ભાવિ વ્યાપારી વિકાસ માટેની જોગવાઈઓમાં સુધારાનો સમાવેશ થાય છે. સ્ટેશનની ચારે તરફ ગ્રીન એરિયા વિકસાવવામાં આવશે, પાર્કિંગમાં ઈફ ચાર્જિંગ પોઈન્ટ બનાવવામાં આવી રહ્યા છે. હાલના સ્ટેશન બિલ્ડિંગની સામેના હેરિટેજ પાર્કને વિસ્તારના સાંસ્કૃતિક ઈતિહાસની ઓળખ તરીકે સુધારવામાં આવશે. જૂના એન્જિન, બોગી અને અન્ય જૂની કલાકૃતિઓ ના ઉપકરણો સાથે હેરિટેજ પાર્કનો પુનઃવિકાસ પ્રતાપનગર સ્ટેશનના ઐતિહાસિક મહત્વને ઉજાગર કરશે. પશ્ચિમ રેલવે અમૃત સ્ટેશન પ્રોજેક્ટ હેઠળ ગોધરા સ્ટેશન પર ટિકિટિંગ સુવિધા સાથેનો બીજો પ્રવેશ દ્વાર વિકસાવી રહી છે, જેનો અંદાજિત ખર્ચ ૬.૧૮ કરોડ રૂપિયા છે. આ નવું પ્રવેશદ્વાર મુસાફરોને સ્ટેશન સુધી વધુ સરળતાથી પહોંચવામાં મદદ કરશે, જે તેમને શહેરના ગીચ વિસ્તારથી બહાર નીકાળવામાં મદદ કરશે. વધુમાં, તે ગોધરા સ્ટેશનના મુખ્ય પ્રવેશદ્વાર પરની ભીડભાડમાં પણ ઘટાડો કરશે.

## કેન્દ્ર સરકારના વિકસિત ભારતજ૨૦૪૭નાં સંકલ્પને રજૂ કરતું ચિત્ર પ્રદર્શન ખુલ્લું મૂકાયું



। રાજપીપળા, તા.૨૩ ।

કેન્દ્રીય સંચાર બ્યુરો અને વીર નર્મદ યુનિવર્સિટીનાં સંયુક્ત ઉપક્રમે વિકસિત ભારત @2047 વિષય પર આયોજિત ચિત્ર પ્રદર્શનને VNSGUના કુલસચિવ ડૉ આર. સી. ગઢવીએ ખુલ્લું મૂક્યું હતું. ભારત સરકારનાં માહિતી અને પ્રસારણ મંત્રાલય અંતર્ગત કાર્યરત કેન્દ્રીય સંચાર બ્યુરો અને VNSGU દ્વારા ૨૩ ઓક્ટો. સુધી શ્રીમદ્ રાજચંદ્ર પ્રાર્થના હૉલ ખાતે આયોજિત ચિત્ર પ્રદર્શનને સુરતવાસીઓ તા.૨૩ ના સવારે ૧૦.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી નિઃશુલ્ક નિહાળી શકશે. આ પ્રસંગે કુલસચિવશ્રીએ જણાવ્યું હતું કે, વિકસિત ભારતની સંકલ્પનાને સાકાર કરવા માટે યુવાનોએ કટિબદ્ધ થવું જોઈએ. અહીં પ્રદર્શનમાં રજૂ કરેલી માહિતી પરથી પણ કોઈ સંશોધનનો વિષય મળી શકે તો એ કરવું જોઈએ. ભારતનાં વિકાસ બાબતે જાત અનુભવનું વર્ણન પણ તેમણે કર્યું હતું. આ પ્રદર્શનમાં વિકસિત ભારતના નિર્માણ માટેની લોકકલ્યાણની વિવિધ યોજનાઓ, વિવિધ ક્ષેત્રોનું પ્રદાન અને અન્ય માહિતી રજૂ કરવામાં આવી છે. સાથે જ રોજગાર વિનિમય કચેરી અને પોસ્ટ વિભાગ દ્વારા મુલાકાતીઓને તેમની કામગીરીની માહિતી અપાઈ રહી છે. પ્રદર્શનમાં વિદ્યાર્થીઓને સહભાગિતા વધારવા કાયદાશાસ્ત્ર અને જૈવવિજ્ઞાન વિભાગમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. જેના વિજેતાઓને પુરસ્કાર અને પ્રમાણપત્ર અપાયા હતા. યુવાનો-શહેરીજનો સેલ્ફી લઈ શકે એ માટે પ્રદર્શનમાં પ્રતિજ્ઞા સેલ્ફી બુથ ઉભું કરાયું હતું. આ વેળાએ 'એક પેડ મા કે નામ' યુનિ. કેમ્પ સમાં વૃક્ષારોપણ કરાયું હતું. પ્રદર્શનને સફળ બનાવવા અમૃતભાઈ સોનેરી અને રોશનભાઈ પટેલે જહેમત ઉઠાવી છે. કાર્યક્રમની રૂપરેખા ક્ષેત્રિય પ્રચાર અધિકારી ઈન્દ્રવદનસિંહ ઝાલાએ આપી હતી.

## કાંકરેજ તાલુકાના ઉણ ગામે ચાર મંદિરો સહીત પાંચ જગ્યાએ તસ્કર ટોળકી ત્રાટકીને ચાંદીના છત્તર આભુષણો અને મૂર્તિ ઓ અને રોકડ રકમની ચોરી કરી ફરાર





। (પ્રતિનિધી) થરા, તા.૨૩ ।

કાંકરેજ તાલુકાના થરા પોલીસ સ્ટેશનમાં એક પીઆઈ બે પીએસઆઈ સહિત મોટો સ્ટાફ હોવા છતાં ચોરીના બનાવો ટ્રાફિક સમસ્યા દારૂ વરલી મટકા સહિત અનેક પ્રવૃત્તિઓમાં વધારો થયો છે. જાણવા મળતી માહિતી પ્રમાણે કાંકરેજ તાલુકાના થરા પોલીસ સ્ટેશનના ઉણ આઉટ પોસ્ટ ગામમાં આવેલ ચામુંડા માતાજીના મંદિરમાં ચોરી કરતા ચોરો થયા સી સી ટીવી કેમેરામાં કેદ થતાં સમગ્ર મામલો થરા પોલીસ સ્ટેશનમાં પહોચ્યો છે.

કાંકરેજ તાલુકાના ઉણ ખાતે ઉણેચા પરિવારના ચામુંડા માતાજીના મંદિર માં દાનપેટી તોડીને રકમ ની ચોરી તેમજ ચાંદીના છ નંગ છતર જેનું વજન આશરે એક કિલાની ચોરી તેમજ ગોગા મહારાજના મંદીરમાંથી ગોગા મહારાજની ચાંદીની મૂર્તિ બે આશરે ત્રણસો ગ્રામની ચોરી તેમજ પ્રજાપતિ વાસમાં આવેલ ચામુંડા માતાજીના મંદિરના દર વાજાનું તાળું તોડીને ચાંદીનાં છતર નંગ ચાર તેમજ માતાજીના ચાંદીના મુગટ ચાર તેમજ ચાંદીની મુર્તિ પાંચ અને બે ત્રિશુલ સાથે આશરે ત્રણેક કિલો ચાંદીની ચોરી ખેતરમાં આવેલ ગોગામહારાજના મંદિરની મૂર્તિ તેમજ હાઈવે રોડ ઉપર આવેલ પાનના ગલ્લાનો દરવાજો તોડીને પરચુરણ માલ સમાનની ચોરી કરી ચોર ટોળકી ફરાર થઈ ગઈ હતી ત્યારે એક રાતમાં પાંચ અલગ અલગ જગ્યા એ ચોરીનો અંજામ આપતી ચોર ટોળકી ગેંગ સક્રિય થઈ છે પાંચ અલગ અલગ જગ્યાએ તાળા તૂટતા ગામ લોકોમાં ભય અને ભારે રોષ ફેલાયો છે શિયાળાની શરૂઆત



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

અને દિવાળીના તહેવારો પહેલાં જ ચોર ટોળકી સક્રિય બની અને પોલીસને પડકાર આપ્યો છે થરા પોલીસે સીસી ટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી છેજેમાં લાખો રૂપિયાના આભુષણોની ચોરીથી ગામમાં ધાર્મિક લાગણીઓ દુભાઈ છે ત્યારે હવે જિલ્લા પોલીસ વડા દ્વારા તાત્કાલીક અસરથી આવી ચોર ટોળકીને પકડી સબક શીખ વાડે એવી માંગ બુલંદ બની છે.

જોકે હવે આ બાબતે જાગૃતિ નાગરિક અને ગ્રામજનોએ અને ઠાકોર રામજીભાઈ સરપંચ રામપુરા ઠાકોર વાસ ગ્રામ પંચાયત દ્વારા થરા પોલીસ સ્ટેશનમાં જાણ કરી ફરિયાદ દાખલ કરાવી હતી ત્યારે હવે કેટલા સમયમાં થરા પોલીસ દ્વારા ચોર ટોળકીને પકડી પાડવામાં આવશે એ જોવું રહ્યું ઉણ ગામ માં અનેકવાર ચોરીના બનાવો સામે આવેલા છે ત્યારે આ ચોર ગેંગને કેટલા સમયમાં થરા પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા પી.આઈ.આર એચ જારીયા તેમજ બે પીએસઆઈ તેમજ પોલીસ સ્ટાફ દ્વારા ક્યારે આ ચોરોને પકડવામાં સફળ થશે ?

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે આજે તમે જે કેટલાક ભોતિક ફેરફારો કરશો તે ચોક્કસ જ તમારા દેખાવનો ઓર નીખારશે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે અને એ દેખાડશ કે તમે કેવું સુંદર કામ કર્યું છે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે. તમારે તમની સલાહ પર ધ્યાન આપવાની જરૂર છે. બધાને આહત કરવા કરતાં કહ્યાગરા બનવું સારૂં.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો? પરિવારના સભ્યોની લાગણીને દુભાવવી ન હોય તો તમારા ગુસ્સા પર કાબૂ રાખજો.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે ભય તમારી ખુશીને હાનિ પહોંચાડી શકે છે. તમારે એ સમજવાની જરૂર છે કે એ તમારા જ વિચારો અને કલ્પનાનું ઉત્પાદન છે. તે સ્વયંસ્ફૂરિતાને મારી નાખે છે-જીવનના આનંદને નુકસાન કરે છે અને આપણી કાર્યક્ષમતાન પંગુ બનાવે છે-આથી એ તમને બીકણ બનાવે એ પૂર્વે જ તેને ઉગતો જ ડામો. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. તમારા જીવનમાં જેમનું સૌથી વધુ મહત્વ છે એવા લોકોને તમારી વાત સમજાવવામાં તમને સૌથી વધુ મુશ્કેલી થશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તેલ અને મસાલાથી ભરપૂર આહાર ટાળો. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. તમને એકલવાયું લાગે ત્યારે તમારા પરિવારની મદદ લો. એ તમને હતાશાથી બચાવશે. વળી, એ તમને સમજદારીભર્યા નિર્ણયો લેવામાં પણ મદદ કરશે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારે ફાજલ સમય તમારા શોખ પોષવા માટે અથવા જે પ્રવૃત્તિઓ કરવી તમને સૌથી વધુ ગમે છે તે કરવામાં ફાળવવો જોઈએ. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. ઘર ના કોઈપણ સભ્ય ના વર્તન ને કારણે તમે પરેશાન થઈ શકો છો. તમારે તેમની સાથે વાત કરવા ની જરૂર છે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. એકવાર તમે તમારા જીવનના પ્રેમને મળશો એ પછી કોઆ બાબચની જરૂરૂ નહીં રહે. આજે તમને આ વાસ્તવિકતાની અનુભૂતિ થશે. તમે જો એક દિવસની રજા પર જતા હો તો તમારે ચિંતા કરવાની જરૂર નથી.



**મકર (ખ,જ) :**

આજના દિવસે ઘરનું ટૅન્શન તમને ગુસ્સે કરશે.તેને દબાવવાથી શારીરિક સમસ્યા વધશે. શારીરિક પ્રવૃત્તિ દ્વારા તેનાથી છૂટકારો મેળવો. હેચેન કરનારી પરિસ્થિતિને છોડી દેવી જ બહેતર છે. આર્થિક જીવન ની સ્થિતિ આજે સારી નહિ કહી શકાય? જયારે બચત કરવા માં મુશ્કેલી આવી શકે છે. ઘરમાં કોઈક વિધી કરાવશો. આજનો દિવસ તમારી આસપાસ ગુલાબની સુગંધ લાવશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. સમય અને ધન ની કિંમત કરતા શીખો નહીંતર આવનારા સમય માં તમને તકલીફ પડી શકે છે. તમારા વધુ પડતા ઉદાર સ્વભાવનો સંબંધીઓ ગેરફાયદો ઉપાડવાનો પ્રયાસ કરશે. તમારી જાત પર અંકુશ રાખો અન્યથા તમે છેતરાઈ શકો છો.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે માનસિક શાંતિ માટે તમારા ટૅન્શનનો ઉકેલ લાવો. બહાર કોઈ ચીજ ખરીદવા દોડવાને બદલે તમારી પાસે જે હો તેનો ઉપયોગ પહેલા કરો. આજે કુટુંબ ની પરિસ્થિતિ તમે જે રીતે વિચારો છો તેવી રહેશે નહીં. આજે ઘર માં કોઈ બાબત ને લઈ ને વિવાદ ની સંભાવના છે, આવી સ્થિતિ માં પોતાને નિયંત્રિત રાખો. પ્રેમની ઊર્જા તમને પ્રેમ કરવાનું કારણ આપે છે.

# ‘દાના’ ચક્રવાત : ઓડિશા, બંગાળમાં લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવા સૂચના


## ઓડિશા-પશ્ચિમ બંગાળ ‘દાના’ ચક્રવાત સામે ઝઝૂમવાની તૈયારી કરી રહ્યા છે ત્યારે બંને રાજ્યની સરકારોએ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાનો નિર્ણય

। (એજન્સી) ભુવનેશ્વર, તા.૨૩ ।

ઓડિશા અને પશ્ચિમ બંગાળ ‘દાના’ ચક્રવાત સામે ઝઝૂમવાની તૈયારી કરી રહ્યા છે ત્યારે બંને રાજ્યની સરકારોએ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાનો નિર્ણય લીધો છે. ઉપરાંત, જોખમી વિસ્તારોમાં શૈક્ષણિક સંસ્થાઓ બંધ રાખવામાં આવશે. ભારતીય તટરક્ષક દળને પણ હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું છે. પુરી અને પશ્ચિમ બંગાળના સમગ્ર પૂર્વ કિનારાને અસર થશે, ‘દાના’ ચક્રવાતથી પ્રભાવિત વિસ્તારોમાં ભારે વરસાદની આશંકા છે. હવામાન વિભાગના ડિરેક્ટર જનરલ મૃત્યુંજય મોહાપાત્રએ જણાવ્યું હતું કે, “પુરી અને પશ્ચિમ બંગાળના સમગ્ર પૂર્વ કિનારાને ચક્રવાતની અસર થશે. બંગાળની ખાડી પરનું ડિપ્રેશન તીવ્ર ચક્રવાતી તોફાનમાં ફેરવાય તેવી



શક્યતા છે, જે ૨૫ ઓક્ટોબરે પ્રતિ કલાક ૧૦૦ -૧૧૦ કિમી.થી ૧૨૦ કિમી. સુધીની ઝડપે પુરી અને સાગર ટાપુ વચ્ચે ઓડિશા-પશ્ચિમ બંગાળના કિનારાને વટાવે તેવી શક્યતા છે. ઓડિશાના મંત્રીએ જણાવ્યું હતું કે, જોખમી વિસ્તારોમાંથી ખસેડવામાં આવનારા લોકો માટે ૮૦૦ આશ્રય સ્થાન તૈયાર કરાયા છે.’’ઓડિશના મંત્રી સુરેશ પુજારીએ જણાવ્યું હતું કે, “અત્યાર સુધીમાં અધિકારીઓએ દ્વારા લોકો માટે ભોજન, પાણી, દવા, વીજળી અને અન્ય જરૂરી ચીજો તૈયાર રાખવામાં આવી છે.’’ ‘દાના’ ચક્રવાતને પગલે દક્ષિણ પૂર્વ ઝોનમાંથી પસાર થતી ૧૫૦થી વધુ એક્સપ્રેસ અને પેસેન્જર ટ્રેન રદ કરી દેવામાં આવી છે. રેલવે અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું કે, રદ કરાયેલી ટ્રેન્સમાં હાવડા-સિકંદરાબાદ ફલકનુમા એક્સપ્રેસ, કામાખ્યા-યસવંતપુર એસી એક્સપ્રેસ, હાવડા-પુરી શતાબ્દી એક્સપ્રેસ, હાવડા-ભુવનેશ્વર શતાબ્દી એક્સપ્રેસ અને હાવડા -યસવંતપુર એક્સપ્રેસનો સમાવેશ થાય છે.



# યુએસના પ્રમુખપદના ઉમેદવાર હેરિસની ભારતીય મૂળના નેતાઓએ ટીકા કરી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૩ ।

અમેરિકામાં ડેમોક્રેટિકની ટિકિટ પર પ્રમુખપદની ચૂંટણીમાં ઝુંકાવનાર ભારતીય મૂળના કમલા હેરિસ સામે ભારતીય મૂળના જ ત્રણ રિપબ્લિકન નેતાઓએએ બાંયો ચડાવી છે. આ નેતાઓમાં બોબી જિંદાલ, નિક્કી હેલી અને વિવેક રામસ્વામીનો સમાવેશ થાય છે. તેમણે હેરિસની ઈમીગ્રેશન, આર્થિક અને વિદેશી નીતિઓની ભારે ટીકા કરી છે. સોશિયલ મીડિયા પર એક એડવર્ટાઇઝમેન્ટ તરીકે પ્રકાશિત એક વીડિયોમાં લુઈસિયાનાના પૂર્વ ગવર્નર બોબી જિંદાલે દાવો કર્યો છે હેરિસની મેડિકેર યોજના ૧.૨ કરોડ ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને “ગોલ્ડ-પ્લેટેડ’’ હેલ્થકેર આપશે. આને કારણે ગેરકાયદેસર ઈમીગ્રેન્ટ્સનો અમેરિકામાં ધસારો થશે. લુઈસિયાનાના જ પૂર્વ ગવર્નર બોબી જિંદાલે હવે ટ્રમ્પને સમર્થન કરવાનું શરૂ કર્યું છે. આ ઉપરાંત દક્ષિણ કેરોલિનાના ગવર્ન નિક્કી હેલીએ અને બિઝનેસમેનમાંથી રાજકારણી બનેલા વિવેક રામસ્વામીએ પણ ટ્રમ્પના પ્રમુખપદની દાવેદારીને સમર્થન આપ્યું છે. રામસ્વામી છેલ્લાં ઘણાં વખતથી ટ્રમ્પ માટે પ્રચાર કરી રહ્યા છે. હેલીએ કહ્યું હતું કે બન્ને નેતાઓ વચ્ચેનું અંતર જોવું છે ત્યારે એમાં કોઈ શંકા નથી કે અમેરિકાના આગામી પ્રમુખ તરીકે ટ્રમ્પને જોવા માગું છું.

# ભાજપની પ્રથમ યાદીને લઈને મહાવિકાસ આઘાડીની ખેંચતાણ વધુ વધી ગઈ છે

। (એજન્સી) મુંબઈ, તા.૨૩ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. આવી સ્થિતિમાં તમામ રાજકીય પક્ષોના નેતાઓ પોતાની તાકાત બતાવવામાં વ્યસ્ત છે. મહારાષ્ટ્રમાં એક મહિના પછી વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. આ અંગે તમામ રાજકીય પક્ષોએ તૈયારીઓ કરી લીધી છે. જો કે, રાજ્યમાં બેઠકોની વહેંચણીને લઈને મહા વિકાસ અઘાડી (MVA) માં વસ્તુઓ સારી રીતે ચાલી રહી નથી. આ દરમિયાન ભાજપની પ્રથમ યાદીને લઈને મહાવિકાસ આઘાડીની ખેંચતાણ વધુ વધી ગઈ છે. હકીકતમાં, એકનાથ શિંદેની આગેવાનીવાળી શિવસેનાનો દાવો છે કે ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના અને કોંગ્રેસ વચ્ચે જોરદાર લડાઈ ચાલી રહી છે. જોકે, શિવસેના (UBT) સાંસદ સંજય રાઉતે આ વાતનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. આ અણબનાવ વચ્ચે આજે મહાવિકાસ અઘાડીની સંયુક્ત પત્રકાર પરિષદ યોજાવાની છે. સંજય રાઉતે કહ્યું કે કોંગ્રેસના કારણે વિલંબ નથી થયો. કોંગ્રેસ હાઈકમાન્ડ દિલ્હીમાં છે. તેમના નિર્ણયો દિલ્હીમાં લેવામાં આવે છે. ભાજપના નેતાઓ અને શિંદે જૂથના નેતાઓ પણ દિલ્હીમાં છે.



નવી દિલ્હી સંસદ પરિસરમાં પ્રેરણા સ્થળ ખાતે લોકસભાના સ્પીકર ઓમ બિરલા, ઉર્જા મંત્રી પ્રહલાદ જોશી અને અન્ય મહાનુભાવો સાથે રાણી ચેન્નમ્માને તેમની જન્મજયંતિ પર પુષ્પાંજલિ અર્પણ કરી.

# એક જ દિવસમાં વધુ ૫૦ ફ્લાઈટ્સને બોમ્બની ધમકી : વિમાનોને મળેલી ધમકી અફવા પૂરવાર થઇ

। (પ્રતિનિધી) નવી દિલ્હી, તા.૨૩ ।

દેશમાં ડોમેસ્ટિક અને આંતરરાષ્ટ્રીય વિમાનોને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી યથાવત રહી છે. છેલ્લાં ૨૪ કલાકમાં આશરે ૮૦ વિમાનોને ઉડાવી દેવાની ધમકી મળી છે. મંગળવારે જ ૫૦થી વધુ વિમાનોને મળેલી ધમકી અફવા પૂરવાર થઈ હતી. જેને પગલે ત્રણ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ ડાયવર્ટ કરવાની ફરજ પડી છે. જોકે આને કારણે હજારો મુસાફરો અને સલામતી સંસ્થાઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. એક અંદાજ પ્રમાણે આ ધમકીને કારણે વિમાની કંપનીઓને રૂ. ૬૦૦ કરોડનું નુકસાન થયું હતું. મંગળવારે જ લગભગ ૫૦ ફ્લાઈટ્સ, જેમાં ઈન્ડિગો અને એર ઈન્ડિયાની ૧૩ ફ્લાઈટને બોમ્બની ધમકીઓ મળી હતી. અકાસા એરની ૧૨થી વધુ ફ્લાઈટ્સ માટે



અને વિસ્તારાની ૧૧ જેટલી ફ્લાઈટ્સને પણ ધમકીઓ મળી હતી. ઈન્ડિગો, એર ઈન્ડિયા અને વિસ્તારાની આશરે ૩૦ જેટલી ફ્લાઈટ્સને બોમ્બની ધમકી મળી હતી. ઉલ્લેખનીય છે કે માત્ર નવ દિવસોમાં જ ભારતીય વિમાની કંપનીઓને ૧૭૦થી વધુ ફ્લાઈટ્સ મળતાં ભારે ચકચાર મચી જવા પામી છે. સોશિયલ મીડિયામાંથી મળતી ધમકીઓનો સિલસિલો અટકવાનું નામ નથી લેતું. ડોમેસ્ટિક ફ્લાઈટમાં વિક્ષેપ માટે આશરે રૂ. ૧.૫ કરોડનું નુકસાન થાય છે.

### શાળા મેનેજમેન્ટને મળેલા ઈમેલથી સર્જાયો ભયનો માહોલ

# CRPF શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની મળી ધમકી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

દેશમાં CRPF દ્વારા સંચાલિત ઘણી શાળાઓને બોમ્બની ધમકી મળી છે. ધમકી મળ્યા બાદ પોલીસ ફોર્સ એલર્ટ પર છે અને ધમકીઓની તપાસ કરવામાં આવી રહી છે. જે શાળાઓને ધમકીઓ મળી છે તેમાં બે દિલ્હીમાં અને એક હૈદરાબાદમાં છે. ઉલ્લેખનીય છે કે આ દિવસોમાં દેશની વિવિધ એરલાઈન્સને પણ બોમ્બની ધમકીઓ મળી રહી છે. જેના કારણે વિવિધ એરલાઈન્સને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે.પોલીસે જણાવ્યું કે સ્કૂલ મેનેજમેન્ટને ઈમેલ દ્વારા બોમ્બની આ ધમકીઓ મળી હતી. નોંધનીય છે કે આ ધમકીઓ દિલ્હીના રોહિણી સ્થિત CRPF સ્કૂલની દિવાલ પાસે બોમ્બ વિસ્ફોટના એક દિવસ બાદ મળી હતી. બોમ્બ વિસ્ફોટમાં કોઈ જાનહાની થઈ



ન હતી, પરંતુ આસપાસની દુકાનો અને વાહનોના કાચ તૂટી ગયા હતા. પોલીસ આ બોમ્બની ધમકીઓની તપાસ કરી રહી છે અને હાઈ એલર્ટ પર છે. દિલ્હીમાં CRPF સ્કૂલ પાસે થયેલા બોમ્બ બ્લાસ્ટની દિલ્હી પોલીસ ખાલિસ્તાન એંગલથી તપાસ કરી રહી છે. વાસ્તવમાં, સોશિયલ મીડિયા પર શેર કરાયેલ એક પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે CRPF સ્કૂલ પાસે બોમ્બ બ્લાસ્ટ ભારતીય એજન્ટો દ્વારા ખાલિસ્તાન સમર્થકોને નિશાન બનાવવાના જવાબમાં કરવામાં આવ્યો હતો.

### હમાસ સાથે યુદ્ધવિરામની સંભાવના વધી: બંધકોને છોડાવવા વાતચીત કરાશે

# હમાસ-હિઝબુલ્લાહ સાથેના યુદ્ધ વચ્ચે અમેરિકી વિદેશ મંત્રી ઈઝરાયેલ પહોંચ્યા

। (એજન્સી) તેલ અવીવ, તા.૨૩ ।

ઈઝરાયેલ હાલ અનેક મોરચે યુદ્ધ લડી રહ્યું છે. આતંકી સંગઠનો હિઝબુલ્લાહ અને હમાસ સાથેની તેની લડાઈ ભીષણ તબક્કામાં છે ત્યારે અમેરિકાના વિદેશ મંત્રી એન્ટોની બ્લિન્કન ઈઝરાયેલની મુલાકાતે પહોંચ્યા છે. જેને પગલે એવી આશા બંધાઈ છે કે બ્લિન્કન યુદ્ધવિરામ માટે પ્રયાસો કરશે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ લડાઈને વધુ ભીષણ બનાવવાની તેમજ આતંકી સંગઠનોને નેસ્તનાબૂદ કરવાની ચીમકી ઉચ્ચારી હતી. તેમણે ઈરાનને પણ આકરી ચેતવણી આપી હતી. ઈઝરાયેલ-હમાસ યુદ્ધ પછી બ્લિન્કન ૧૧મી વખત ઈઝરાયેલ પહોંચ્યા છે. જોકે તેમણે જેઓ ઈઝરાયેલમાં પગ મુક્યો હિઝબુલ્લાએ મોટો હુમલો કરી દેતાં સ્થિતિ વણસી છે. જેને પગલે



તત્કાળ સાયરનો વાગવા લાગી હતી. જોકે આ હુમલામાં કોઈને ઈજા પહોંચી નહતી. ઈઝરાયેલ હાલ અનેક મોરચે યુદ્ધ લડી રહ્યું છે, આતંકી સંગઠનો હિઝબુલ્લાહ અને હમાસ સાથેની તેની લડાઈ ભીષણ તબક્કામાં છે, તેઓ ઈઝરાયેલના અનેક મંત્રીઓને મળવાના છે. અમેરિકાના વિદેશ વિભાગનું કહેવું છે કે બ્લિન્કન ગાઝામાં યુદ્ધનો અંત લાવવા પર ધ્યાન આપશે. જોકે તેની સાથે હમાસ દ્વારા બંધક બનાવવામાં આવેલાં ઈઝરાયેલના લોકોને છોડવા અંગે પણ ચર્ચા કરશે. ગાઝાને મળતી સહાયમાં પણ વધારો કરવાની તેમની યોજના છે. લેબનોન સ્થિત આતંકવાદી સંગઠન હિઝબુલ્લાહે ઈઝરાયેલના તેલ અવીવ ક્ષેત્ર પર એક સાથે ૨૦ રોકેટથી હુમલો કર્યો હતો. ઈઝરાયેલની ડિફેન્સ ફોર્સે એક નિવેદનમાં કહ્યું કે, લેબનનથી તેલ અવીવ ક્ષેત્રની તરફ જનારી પાંચ પ્રોજેક્ટાઈલની ઓળખ કરાઈ, જેમાંથી મોટાભાગના રોકેટને હવામાં જ રોકી નાખવામાં આવ્યા હતા. આ હુમલામાં કોઈ ઘાયલ થયું નથી. અપર ગેલિલી અને ઉત્તર ગોલાન હાઈટ્સ તરફ પણ લગભગ ૧૫ રોકેટ અને પ્રોજેક્ટાઈલ છોડ્યા હતા. ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સે કહ્યું કે, કેટલાક પ્રોજેક્ટાઈલને રોકી દેવાયા હતા અને બાકીના ખુલ્લા વિસ્તારમાં પડ્યા હતા. જોકે, હાઈફાના દક્ષિણમાં છરા લાગવાથી એક વ્યક્તિને નજીવી ઈજા થઈ છે.

# વટવામાં મોબાઈલ ચોર યુવકને ટોળાએ ઢોર માર મારી પતાવી દીધો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

વટવાના દુર્ગાનગર નજીક આવેલા બુલેટ ટ્રેનના પીલ્લર પાસે મંગળવારે સવારે એક યુવકની લાશ મળી આવી હોવાની જાણ સ્થાનિક પોલીસને કંટ્રોલ રૂમ તરફથી મળી હતી. તપાસ કરવા ગયેલી વટવા પોલીસને જાણવા મળ્યું કે મરણ જનાર યુવક રાજ ડબગર (ઉં.૨૨)ને ટોળાએ હિંસક હુમલો કરીને મોતને ઘાટ ઉતારી દીધો હતો અને બાદમાં ટોળામાં આવેલા શખ્સો ફરાર થઈ ગયા હતા. વધુ તપાસમાં સામે આવ્યું કે મૃતક યુવક મોબાઈલ ચોરીને નાસી રહ્યો હતો તેથી લોકોએ તેને પકડીને ઢોર માર મારીને મોંઢાના ભાગે, પગના ભાગે તથા પીઠના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી. આ મામલે ૭ શંકાસ્પદ શખ્સને વટવા પોલીસ પૂછપરછ માટે પોલીસ સ્ટેશન લાવીને વધુ તપાસ આરંભી છે. વટવા વિસ્તારમાં આવેલા બુલેટ ટ્રેનના પીલ્લર પાસે મંગળવારે સવારે કેટલાક શખ્સોનું ટોળું એક યુવકને ઢોર માર મારી રહ્યું હતું. આ જોઈને સ્થાનિક દુકાનદારને લાગ્યું કે લોકો ઝઘડો કરી રહ્યા છે.

### આ વર્ષે અમદાવાદને મળેલા ૫૦ લાખના લક્ષ્યાંક સામે ૬૮.૨૫ લાખનું ભંડોળ એકઠું કરવામાં સફળતા મળી

# સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળમાં સવિશેષ સહયોગ આપનાર શાળાઓ અને સરકારી કચેરીઓનું કલેક્ટર કચેરી ખાતે સન્માન કરાયું

। (માહિતી) અમદાવાદ ।

જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, અમદાવાદ દ્વારા દર વર્ષે સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળમાં સવિશેષ યોગદાન આપનાર સરકારી કચેરીઓ, શાળાઓ તથા સામાન્ય લોકોનું સન્માન કરવામાં આવતું હોય છે. કલેક્ટર કચેરી ખાતે સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળમાં માતબર આર્થિક સહયોગ આપનારાનો સન્માન સમારંભ યોજાયો હતો. જેમાં નિવાસી અધિક કલેક્ટર શ્રી સુધીરભાઈ પટેલ તથા જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી શ્રી કર્નલ અંજનીકુમાર સિંઘના હસ્તે સવિશેષ યોગદાન આપનાર કચેરીઓના વડા તથા શાળાના આચાર્યોનું ટ્રોફી અને પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નિવાસી અધિક કલેક્ટર શ્રી સુધીરભાઈ પટેલે જણાવ્યું હતું કે અમદાવાદ જિલ્લો છેલ્લાં ચાર વર્ષથી તેને અપાતા રૂ. પચાસ લાખના લક્ષ્યાંક કરતાં પણ વધારે ભંડોળ એકઠું કરે છે, તેનો આનંદ છે અને ગૌરવ પણ છે. દેશની સુરક્ષા માટે દિવસ-રાત તૈનાત રહેતા વીર જવાનો અને તેમના પરિવારને સહાય કરવી આપણા સૌની મોટી જવાબદારી છે, એવું તેમણે ઉમેર્યું હતું. શ્રી પટેલે વધુમાં જણાવ્યું હતું કે ભારતીય સેનાએ દેશના આંતરિક અને



બાહ્ય દુશ્મનોથી હંમેશાં દેશનું અને નાગરિકોનું રક્ષણ કર્યું છે. સશસ્ત્ર સેના ધ્વજદિનને આપણે સૌએ એક રાષ્ટ્રીય તહેવાર તરીકે ઊજવવો જોઈએ. નાગરિકોમાં આ દિવસ અંગે જાગૃતિ વધે એવા પ્રયાસો પણ કરવા જોઈએ. સશસ્ત્ર સેનાના અમૂલ્ય યોગદાનને વીસરી શકાય નહીં, એવું તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીના વડા શ્રી કર્નલ અંજનીકુમાર સિંઘે જણાવ્યું હતું કે આપણી પરંપરા અનુસાર દાન કદી નાનું કે મોટું હોતું નથી. દર વર્ષે ૭મી ડિસેમ્બરે ઊજવાતા સશસ્ત્ર સેના ધ્વજદિન નિમિત્તે જિલ્લામાં નાનાં બાળકોથી માંડીને નાગરિકો અને સરકારી કર્મચારીઓ યોગદાન આપતાં હોય છે. અમદાવાદ જિલ્લામાં દર વર્ષે આ યોગદાનનો આંકડો વધતો જ જાય છે, એ આનંદની વાત છે અને આ માટે હું સૌનો આભારી છું, એવું તેમણે ઉમેર્યું હતું.

આ વર્ષે અમદાવાદને મળેલા રૂ. ૫૦ લાખના લક્ષ્યાંક સામે ૬૮.૨૫ લાખનું ભંડોળ એકઠું કરવામાં સફળતા મળી છે. અમદાવાદ જિલ્લો છેલ્લાં ચાર વર્ષથી સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળના લક્ષ્ય કરતાં પણ વધારે યોગદાન આપતો રહ્યો છે. ૫૦ લાખના લક્ષ્યાંક સામે વર્ષ ૨૦૨૧માં ૫૧.૦૪ લાખ, વર્ષ ૨૦૨૨માં ૫૨.૧૧ લાખ, વર્ષ ૨૦૨૩માં ૬૮.૦૦ લાખ અને આ વર્ષે રૂ. ૬૮.૨૫ લાખ એકત્ર થઈ શક્યા છે. અમદાવાદ જિલ્લાની દસથી વધારે કચેરીઓ એવી છે, જેણે સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળમાં એક લાખ કરતાં વધારે યોગદાન આપ્યું છે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (શહેર) કચેરી દ્વારા રૂ. ૨૦,૬૩,૯૭૦ એકત્રિત કરાયા તો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (ગ્રામ્ય) દ્વારા રૂ. ૭,૨૯,૫૦૭ તો જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (ગ્રામ્ય)ની કચેરી દ્વારા ૩,૯૬,૬૫૧નું ભંડોળ એકત્રિત કરાયું છે. આ કચેરીઓએ પોતાના હસ્તકની શાળાઓમાંથી આ રકમ એકત્રિત કરી છે, જેમાં વિદ્યાર્થીઓ ઉપરાંત શિક્ષકોનો પણ ફાળો નોંધાયેલો છે. સરકારી કચેરીઓની વાત કરીએ તો અમદાવાદ પોલીસ કમિશનરશ્રીની કચેરી દ્વારા ૧૦,૧૩,૩૦૧, અમ્યુકો દ્વારા ૨,૨૭,૫૭૫, નિયામકશ્રી, બોઈલરોની કચેરી દ્વારા ૨,૧૭,૦૦૦ અને ઔડા દ્વારા ૨,૧૦,૦૦૦નું યોગદાન આપવામાં આવ્યું છે. આરટીઓ (વસ્ત્રાલ), સંયુક્ત રાજ્યવેરા કમિશનરશ્રી, વિભાગ-૧, સંયુક્ત રાજ્યવેરા કમિશનર શ્રી, વિભાગ-૨ની કચેરીઓ દ્વારા એક લાખથી વધારે યોગદાન આપવામાં આવ્યું છે. સિટી મામલતદાર કચેરી, વટવા અને પોલીસ અધિક્ષકશ્રી (ગ્રામ્ય)ની કચેરી દ્વારા રૂ. ૯૦,૦૦૦થી વધારેનું યોગદાન આપવામાં આવ્યું છે. મણિનગરની જય સોમનાથ હાયર સેકન્ડરી સ્કૂલે એકલા હાથે અધધ રૂ. ૧૧,૫૧,૧૧૧નું તો દસ્ક્રોઈની શેઠ અમુલખ વિદ્યાલયે રૂ. ૩,૨૮,૫૭૯નું માતબર યોગદાન આપ્યું છે. જિલ્લાની અન્ય પાંચ શાળાઓ એવી છે, જેણે એક લાખ કરતાં વધારે યોગદાન આપેલું છે. આ તમામ કચેરીઓના વડાઓ અને શાળાઓના આચાર્યોની સાથે સાથે વ્યક્તિગત રીતે રૂ. ત્રણ લાખનું યોગદાન આપનારા શ્રી શંકરલાલ એલ. પટેલનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, અમદાવાદના કાર્યક્ષેત્ર હેઠળ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાનો સમાવેશ થાય છે. આ કચેરી દ્વારા ૮૧૮૦ પૂર્વ સૈનિકો, ૧૦૩૭ સદગત સૈનિકોની ધર્મપત્નીઓ તથા ૨૬,૬૧૪ સૈનિકોના આશ્રિતોને વિવિધ યોજનાઓ થકી લાભ પહોંચાડવામાં આવે છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા સૈનિક કલ્યાણ અ પુનર્વસવાટ કચેરીના મદદનીશ અધિકારી શ્રી ભરતસિંહ કે. ચાવડા, કાર્યાલય અધિક્ષક શ્રી નરેન્દ્રસિંહ જાડેજા, હોસ્ટેલ અધિક્ષક શ્રી રાજુભાઈ ચૌહાણ તથા શ્રી ગજેન્દ્રસિંહ ચવડા, શ્રી સરદારસિંહ પરમાર સહિતના કર્મીઓએ જહેમત ઉઠાવી હતી.





અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઉત્તર ઝોનના નરોડા કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ખાતે પી.પી.પી મોડલથી ડાયાલીસીસ સેન્ટરનું લોકાર્પણ અને કુલ ૨.૫ લાખ ફ્રી સેનિટરી પેડ વિતરણ (એન.જી.ઓ.ના સહયોગથી) કાર્યક્રમ નરોડા કોમ્યુનિટી હેલ્થ સેન્ટર, નરોડા ગામ ખાતે યોજાયો હતો.

## સીએમ ભુપેન્દ્ર પટેલ બન્યા ભાજપના સક્રિય સભ્ય

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી આર. પાટિલની ઉપસ્થિતિમાં ભાજપા ના સક્રિય સભ્ય બન્યા છે. આ પ્રસંગે ગુજરાત ભાજપના પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી, પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ, સંસદદિનેશભાઈ મકવાણા તથા સભ્યપદ નોંધણી અભિયાન સંયોજકો ભરત પંડ્યા, શ્રીમતી બીજલ પટેલ, પ્રજ્ઞેશભાઈ બ્રહ્મભટ્ટ અને પક્ષના પદાધિકારીઓ-અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપ દ્વારા હાલ સક્રિય સભ્ય તરીકે નોંધણી ડ્રાઈવ હાથ ધરવામાં આવી રહી છે. આ ડ્રાઈવમાં આજે બુધવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સક્રિય સભ્ય તરીકે પોતાનું નામાંકન કરાવ્યું હતું. રાજ્યમાં ભાજપના સભ્યપદ અભિયાનમાં જોઈએ તો સૌથી વધુ સભ્ય જયેશ રાદડિયાએ બનાવ્યા છે.

રાદડિયાએ ૬૦ હજારથી પણ વધુ સભ્ય બનાવ્યા છે. આ બતાવે છે કે જયેશ રાદડિયાની કેટલી પક્કડ છે. આ સિવાય ભાજપના બીજા વિધાનસભ્યો અપેક્ષા મુજબના સભ્યો બનાવવામાં નિષ્ફળ બનાવવામાં આવેલા છે. આના પરથી તે સાબિત થયું છે કે ભાજપના જે જે વિધાનસભ્યો સભ્યપદ નોંધણી અભિયાનમાં અપેક્ષા મુજબની કામગીરી બજાવી શક્તા નથી અથવા તો બજાવી જ નથી તે વિધાનસભ્યોને આગામી સમયમાં વિધાનસભા ચૂંટણીથી લઈને બોર્ડ નિગમોની નિમણૂક બધામાં તકલીફોનો સામનો કરવો પડી શકે છે. આ વિધાનસભ્યો માટે આગામી વિધાનસભા ચૂંટણીની ટિકિટ મેળવવી અત્યંત કપરી સાબિત થશે. વાસ્તવમાં આ સભ્યપદ અભિયાન તે વિધાનસભ્યોની વાસ્તવિક તાકાત કેટલી છે તે ચકાસી જોવાનો પક્ષનો પ્રયાસ છે. પક્ષ આ સ્થિતિમાં કામગીરીમાં નબળા પડતા વિધાનસભ્યોની ટિકિટ કાપશે તો આશ્ચર્ય નહીં થાય.



### ન્યૂઝ બ્રિફ

## ખો-ખો, કબડ્ડી ઉપરાંત યોગનો સમાવેશ ઓલિમ્પિકમાં કરવા રજૂઆત કરાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

અમદાવાદમાં આજે આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ દરમિયાન ઓલિમ્પિકની શરૂઆત અને યજમાનીની જાહેરાત પહેલાં મહત્વના સમાચાર સામે આવ્યા છે. ઓલિમ્પિકમાં ભારતીય રમતોનો સમાવેશ કરવાની રજૂઆત કરવામાં આવશે. ખાસ કરીને ભારતીય રમત ખો – ખો, કબડ્ડી ઉપરાંત યોગનો આગામી ઓલિમ્પિક રમતોત્સવમાં સમાવેશ કરવા માટે રજૂઆત કરવાનુ નક્કી કરવામાં આવ્યું છે. આ માટે ઇન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન તરફથી સત્તાવાર રીતે ઓલિમ્પિક એસોસિએશન સમક્ષ પ્રસ્તાવ રજૂ કરવામાં આવશે. ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશનના વાઈસ પ્રેસિડન્ટ અજય પટેલ, દ્વારા જાહેરાત કરાઈ છે કે, ભારત જ્યારે ઓલિમ્પિકની યજમાની કરે તેમાં ત્રણ

## ચિલોડામાં વિધર્મીએ હિંદુ દેવતા પર વિવાદાસ્પદ ટિપ્પણી કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

ગાંધીનગરના ચિલોડાના સાદરા ગામે વિધર્મીએ હિન્દુ દેવી- દેવતા પર વિવાદીત ટિપ્પણી કરી હોવાની ઘટન સામે આવી છે. ભગવાન રામ અને માતા સીતા પર વિવાદાસ્પદ ટિપ્પણી કરતા લોકોમાં રોષ જોવા મળ્યો છે. સોશિયલ મીડિયા પર ટિપ્પણી કરતા મામલો ગરમાયો છે. બજરંગ દળ અને સાદરા ગામના સ્થાનિકો દ્વારા ગામમાં સજ્જડ બંધ છે. બજરંગ દળના સભ્યો ચિલોડા પોલીસ સ્ટેશનમાં ઉમટ્યાં છે. જવાબદાર સામે યોગ્ય કાર્યવાહી કરવા માગ કરી છે. બીજી તરફ ભાવનગરના સ્મશાનમાંથી વાંધાજનક હરકતો કરતા બાવાનો વીડિયો વાયરલ થયો છે.

## "દાના" ચક્રવાતી તોફાનને કારણે પુરી-ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેન રદ્દ રહેશે

। અમદાવાદ, તા.૨૩ ।

પૂર્વ તટ રેલવેમાં ચક્રવાત "દાના" ને કારણે મુસાફરોની સલામતી અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને પુરી-ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેન રદ્દ રહશે. તારીખ ૨૬ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ પુરીથી ચાલનારી ટ્રેન સંખ્યા ૨૨૯૭૪ પુરી-ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેન રદ્દ રહેશે. મુસાફરો ટ્રેનોના સમય અને સ્ટોપેજ સંબંધિત વિગતવાર માહિતી માટે કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

### અમદાવાદમાં લુખ્ખા તત્વો બેફામ બન્યા

## અમરાઈવાડીમાં અપશબ્દો બોલવાનું ન કહેતા અસામાજિક તત્વોએ મચાવ્યો આતંક

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

અમદાવાદમાં લુખ્ખા તત્વો બેફામ બન્યા છે. ચાણક્યાપુરી અને જૂના વાડજ પછી હવે અમરાઈવાડીના લુખ્ખા તત્વો બેફામ બન્યા છે. અમદાવાદમાં ગાળાગાળી ન કરવાનું કહેવાની અદાવત રાખીને એક ટોળાએ અમરાઈવાડીમાં રહેલા વ્યક્તિના ઘર અને તેના વાહન પર તલવાર વડે હુમલો કર્યો હોવાની ઘટના ઘટી હતી. જે ઘટનાના તમામ દ્રશ્યો કેમેરામાં કેદ થયા હતા. આ લુખ્ખા તત્વોને ખુલ્લી તલવાર સાથે ફરતાં જોઈને એમ જ લાગે કે શહેરમાં કાયદા જેવું કંઈ રહ્યું જ નથી. અમદાવાદમાં દિવસેને દિવસે લુખ્ખા તત્વોનો આતંક વધી રહ્યો છે. જેને લઈ શહેરીજનોમાં ડરનો માહોલ ફેલાયો છે. ત્યારે ગતરાત્રિએ શહેરના અમરાઈવાડી વિસ્તારમાં સામાજિક તત્વોનો આતંક જોવા મળ્યો હતો. જેના તમામ દ્રશ્યો કેમેરામાં કેદ થયા હતા. આ વિડીયો વાઈરલ થયા પછી પોલીસે ત્વરિત કાર્યવાહી કરી હતી અને લુખ્ખા તત્વોને પકડીને તે વિસ્તારમાં ફેરવ્યા હતા. અમદાવાદ શહેરના અમરાઈવાડી વિસ્તારમાં અસમાજિક તત્વોએ આતંક મચાવ્યો હતો. તેમાં શેઠની ચાલીમાં કેટલાક લુખ્ખા તત્વોએ તલવાર સાથે ત્રાસ ફેલાવ્યો હતો. ત્યારે તલવાર સાથે અરાજક્તા ફેલાવતા આરોપીઓના દ્રશ્યો કેમેરામાં કેદ થયા હતા. જેમાં નવલ રાજપૂત નામના વ્યક્તિએ ગાળાગાળી ન કરવાનું કહેતા લુખ્ખા તત્વો તલવાર સાથે આવીને નુકશાન પહોંચાડ્યું હતું. ઘટનામાં આરોપીઓએ ફરિયાદીના ઘરમાં ઘૂસી તલવારથી ઘરવખરીને નુકસાન પહોંચાડ્યું હતું. આ ઉપરાંત લુખ્ખા તત્વોએ ફરિયાદીનું વાહન તોડીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જેને લઇ ફરિયાદીએ પોલીસ સમક્ષ ૬ શખ્સો સામે ગુનો નોંધાવ્યો હતો.

### ફૂડ વિભાગે ૧૧૮ ઘીના ડબ્બા કર્યા સીઝ

## ગુજરાતમાં પનીર બાદ નકલી ઘીની ફેક્ટરી ઝડપાઈ ગઈ

। (એજન્સી) કડી, તા.૨૩ ।

દિવાળીના તહેવારના ગણતરીના દિવસોમાં બાકી છે, ત્યારે ગુજરાતમાં ફૂડ વિભાગની ટીમ દ્વારા ઠેર-ઠેર દરોડા પાડીને બનાવટી વસ્તુઓ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે, ત્યારે મહેસાણા જિલ્લાના કડી તાલુકામાંથી એક મહિનામાં બીજી વાર શંકાસ્પદ ઘી ઝડપાયું છે. જ્યારે થોડા દિવસ પહેલા પણ મહેસાણાની ક્રિષ્ના અને નમન ડેરીમાંથી શંકાસ્પદ ૮૦૦ કિ.લો. પનીર જપ્ત કરાયું હતું. કડીની બુડાસણ GIDCમાં આવેલી એક ફેક્ટરીમાં નકલી-ભેળસેળવાળું ઘી બનાવવામાં આવતું હોવાની ફૂડ વિભાગની બાતમી મળતા પોલીસ સાથે રાખીને દરોડા પાડવામાં આવ્યાં. જેમાં આશરે ૧૦ લાખ કિંમતનું ૨૫૦૦ કિ.લો. શંકાસ્પદ ૧૧૮ ઘીના ડબ્બા જપ્ત કરવામાં આવ્યાં. ફૂડ વિભાગે શંકાસ્પદ ઘીના સેમ્પલ લઈને પરીક્ષણ માટે લેબમાં મોકલ્યા છે. જ્યારે શંકાસ્પદ ઘીનો રિપોર્ટ સામે આવ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે. મહેસાણાના કડીમાંથી અગાઉ પણ શંકાસ્પદ ઘી ઝડપાયું હતું. જેમાં કડી GIDCના ૫ ગોડાઉનમાં શંકાસ્પદ ઘી બનાવવાના કાળો કારોબાર પર ગત ૧૪ ઓક્ટોબરે ફૂડ વિભાગની ટીમ ત્રાટકીને ૪૩૦૦૦ કિ.લો.થી વધુ શંકાસ્પદ ઘીનો મસમોટો જથ્થો ઝડપી પાડ્યો હતો.

મહેસાણા ફૂડ વિભાગ અને LCBની ટીમે બાતમીના આધારે કરેલી રેડમાં અંદાજે રૂપિયા ૧ કરોડ આસપાસનો શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કર્યો હતો અને સેમ્પલ લીધા હતા. જેમાં ફૂડ વિભાગે કુલ ૨૪,૨૯૭ કી.લો, લુઝ ઘી, ૪૯૭૯ કિ.લો. લુઝ પામોલિન, ૮૦૩૬ કિ.લો. રિફાઈન પામોલિન અને ૫૭૯૮ કિ.લો. ફોરેન ફેટનો જથ્થો સ્થળ પર જપ્ત કર્યો છે.

## વડોદરામાં એક તરફ સ્વચ્છતા અભિયાન બીજી તરફ રસ્તાઓની હાલત ખરાબ

। (એજન્સી) વડોદરા, તા.૨૩ ।

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વડાપ્રધાનના આગમન પૂર્વે પાંચ દિવસમાં તમામ ૧૯ વોર્ડમાં સ્વચ્છતાના ૧૯ કાર્યક્રમ હાથ ધરવા અને દિવસમાં બે વખત સફાઈ કરી શહેરને સ્વચ્છ રાખવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

નેતાઓ અને અધિકારીઓ હાથમાં ઝાડુ પકડી દેખાડા પૂરતી સફાઈ કરી ફોટોસેશન કરવામાં વ્યસ્ત છે. જોકે સફાઈ ઝુંબેશ બાદ પરિસ્થિતિ જેસે થે ઊભી થઈ જાય છે.

વિરોધ પક્ષ કોંગ્રેસના નેતા ભથ્થુએ કહ્યું છે કે વડાપ્રધાન આવવાના હોય, ત્યારે જ સફાઈ અભિયાન કરવામાં આવે છે તેનો અર્થ શું સમજવો ? હજુ ગયા અઠવાડિયે મુખ્યમંત્રી વડોદરા આવ્યા ત્યારે ટકોર કરી હતી કે પીએમ અને સીએમ આવે ત્યારે જ સફાઈ કરવાનું કેમ સૂઝે છે? વિપક્ષના નેતાએ કહ્યું હતું કે શાસકોએ શહેરની હાલત એવી કરી દીધી છે કે લોકો બેહાલ બની ગયા છે. કમર તોડ વેરો ભરતા લોકોની કોઈ કાળજી લેવાતી નથી.

સ્વચ્છતા અભિયાનની ટીકા કરતા તેમણે કહ્યું હતું કે સમગ્ર ગાજરાવાડી વિસ્તારની હાલત જુઓ. શહેરની ઝૂંપડપટ્ટીઓની સ્થિતિ જુઓ તો ખ્યાલ આવે કે શહેરમાં સ્વચ્છતા કેવી છે. સ્લોટર હાઉસની આસપાસની પરિસ્થિતિ નિહાળો તો ખ્યાલ આવે કે નર્કાગાર શું છે ? સુએજ પમ્પિંગ સ્ટેશનની આસપાસનો વિસ્તાર પણ ગંદકીથી ખદબદે છે. મુખ્ય માર્ગો પર સફાઈ કરવામાં આવે છે, જ્યારે આંતરિક રસ્તાઓ પર કોઈ ધ્યાન અપાતું નથી. શહેરના ઘણા વિસ્તારોમાં ગંદા પાણીનો પ્રશ્ન છે તે હલ કરવામાં આવતો નથી. સ્વચ્છતા અભિયાનના નામે ધુમાડો કરવામાં આવી રહ્યો છે. આજે યોગા સર્કલ વિસ્તારમાં સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કોર્પોરેશન દ્વારા કર્યો ત્યારે એ જ રોડ પર એટલે કે યોગાસર્કલ થી અકોટા રોડ પર કચરાના ઢગલા જોવા મળ્યા હતા અને બીજી બાજુ સફાઈ અભિયાન ચાલતું હતું, એટલે કે માત્ર પ્રતિકાત્મક સફાઈ કામગીરીનો કોઈ અર્થ રહેતો નથી. મકરપુરા ડેપો સામે ગંદકીએ સફાઈ અભિયાનના ધજાગરા ઉડાડ્યા હતા.

## સુરતમાંથી રોજ ૩૫૦થી વધુ ટ્રક માલ થાય છે સપ્લાય

### કાપડ મંડીના વેપારીઓ દ્વારા દિવાળી, છઠ પૂજા અને લગ્નસરાની એડવાન્સ ખરીદી કરવામાં આવી રહી છે

। (માહિતી) સુરત, તા.૨૩ ।

કોરોનાકાળ બાદ સતત મંદીના માહોલમાંથી પસાર થતાં સુરતના ટેક્સટાઇલ ઉદ્યોગને સામી દિવાળીએ ભારે તેજી છે. જ્યાં છેલ્લા આઠ વર્ષનો રેકોર્ડ આ દિવાળીએ તૂટવા જઈ રહ્યો છે. જેની પાછળનું કારણ અલગ અલગ રાજ્યમાંથી આવેલી કાપડ મંડીના વેપારીઓ દ્વારા દિવાળી, છઠ પૂજા અને લગ્નસરાની એડવાન્સ ખરીદી કરવામાં આવી રહી છે. જ્યાં પ્રતિદિવસ કાપડની ૩૫૦ જેટલી ટ્રક ટ્રાન્સપોર્ટ મારફતે અન્ય રાજ્ય બહાર જઈ રહી છે. જેની સાથે સાથે એર કાર્ગો, ટ્રેન અને ટ્રાવેલ્સ મારફતે પણ કાપડ રાજ્ય બહાર મોકલવામાં આવી રહ્યો છે. જ્યાં ચાલુ વર્ષે ૧૫ હજાર કરોડના વેપારની આશા વેપારીઓએ વ્યક્ત કરી છે.

એશિયાની સૌથી મોટી ટેક્સટાઇલ માર્કેટ સુરતમાં આવેલી છે. સુરતને ટેક્સટાઇલ તરીકેનું હબ ગણવામાં આવે છે. જેથી અલગ અલગ રાજ્યના વેપારીઓ અહીં ખરીદી માટે આવે છે. સુરતનું ટેક્સટાઇલ ઉદ્યોગ વર્ષ ૨૦૧૬ ના કોરોના કાળ બાદ મંદિરના માહોલમાંથી પસાર થતો આવ્યો છે. સતત મંદીના માહોલમાંથી પસાર થતાં ટેક્સટાઇલ ઉદ્યોગને આ વખતની દિવાળી ફળે તેવી આશા જાગી છે. ટેક્સટાઇલ ઉદ્યોગનો મુખ્ય વેપાર નવરાત્રી, દુર્ગા પૂજા, દિવાળી, છઠ પૂજા અને લગ્નસરા ની સીઝનમાં રહેલો છે. ગત વર્ષે માત્ર ૬૦ દિવસ દરમિયાન સુરતના ટેક્સટાઇલ ઉદ્યોગના વેપારીઓ દ્વારા ૧૨,૦૦૦ કરોડનો વેપાર કરવામાં આવ્યો હતો. જે ચાલુ વર્ષે ૧૫૦૦૦ કરોડને પાર કરી જાય તેવી આશા વેપારીઓએ વ્યક્ત કરી છે.

સુરતના રીંગરોડ વિસ્તારમાં ૧૬૫થી પણ વધુ ટેક્સટાઇલ માર્કેટ આવેલી છે. જે માર્કેટની અંદર ૭૫ હજારથી વધુની દુકાનોનો સમાવેશ થાય છે. દિવાળીને હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે આ માર્કેટમાં તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. ટેક્સટાઇલ માર્કેટના વેપારીઓના જણાવ્યા પ્રમાણે છેલ્લા આઠ વર્ષની અંદર આવો દિવસ ક્યારેય જોયો નથી. જ્યાં પ્રતિ દિવસ ૩૫૦થી વધુ ટ્રક માલ ભરી રાજ્ય બહાર જઈ રહી છે. એટલું જ નહીં પરંતુ રાજ્યની અલગ અલગ કપડા મંડીમાંથી આવતા વેપારીઓ દ્વારા આપવામાં આવતા મબલક ઓર્ડરોને લઈ ટ્રેન,એર કાર્ગો,ટ્રાવેલ્સ સહિતના માધ્યમો દ્વારા પણ માલ અન્ય રાજ્યો બહાર મોકલવામાં આવી રહ્યો છે. ઓર્ડરની સામે પ્રોડક્શન પણ ઓછું પડી ગયું છે. કારણ કે મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાંથી વેપારીઓને મોટા ઓર્ડરો પ્રાપ્ત થઈ ગયા છે. જે ઓર્ડરને પહોંચી વળવામાં પણ વેપારીઓના પાસે સમય ઓછો છે. છતાં પણ પ્રોડક્શન વધારી આ ઓર્ડરને પૂરો કરવા માટે વેપારીઓ સક્ષમ છે. ટેક્સટાઇલ ઉદ્યોગનો પ્રમુખ તહેવાર એ દિવાળીનો છે. માત્ર ૬૦ દિવસના સમયગાળા દરમિયાન વેપારીઓ સંપૂર્ણ વર્ષનો વેપાર કરી લે છે. ગત વર્ષે ૧૨૦૦૦ કરોડનો વેપાર થયો હતો જે ચાલુ વર્ષે ૧૫૦૦૦ને પાર કરી જાય તેવી આશા છે. મહત્વનું છે કે દિવાળીના વેકેશન બાદ માર્કેટની દુકાનો ઝડપથી ખુલતી નથી. જેના કારણે અન્ય રાજ્યની કાપડ મંડીના વેપારીઓ સુરત આવતા નથી. જેથી હાલ જ એડવાન્સમાં આ વેપારીઓ દિવાળી, છઠ પૂજા, લગ્નસરા જેવી સીઝનની એડવાન્સ ખરીદી કરી રહ્યા છે. જેનો સીધો લાભ હાલ સુરતના ટેક્સટાઇલ ઉદ્યોગને થઈ રહ્યો છે. ટેક્સટાઇલ ઉદ્યોગ સાથે સંકળાયેલા વેપારીઓએ આ વખતે ૧૫૦૦૦ કરોડનો વેપાર થવાની આશા વ્યક્ત કરી છે.

### ગુજરાતના સરકારી કર્મચારીઓ માટે ખુશીના સમાચાર

## દિવાળીના તહેવાર પર ચાર દિવસની રજા જાહેર

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

રાજ્ય સરકારના કર્મચારીઓ માટે ખુશીના સમાચાર આવ્યા છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા કર્મચારીઓ માટે ચાર દિવસની રજા જાહેર કરવામાં આવી છે. જેમાં દિવાળી બાદ પડતર દિવસે પણ રજા જાહેર કરાઈ છે. જેને લઈને સરકારી કર્મચારીઓમાં ખુશીનો માહોલ છે. રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલ પરિપત્ર અનુસાર, કેલેન્ડર વર્ષ ૨૦૨૪ મુજબ તા.૩૧-૧૦-૨૦૨૪ ગુરુવારે દિવાળીની રજા, તા.૨-૧૧-૨૦૨૪ શનિવારના રોજ નૂતન વર્ષની રજા તથા તા.૩-૧૧-૨૦૨૪ રવિવારના દિવસે ભાઈબીજ નિમિત્તે જાહેર રજા આવે છે. આ વચ્ચે તા.૧-૧૧-૨૦૨૪ શુક્રવારના રોજ સરકારી કચેરીઓ ચાલુ રહેવાની હતી. જોકે, દિવાળી પર્વમાં સરકારી કર્મચારી/અધિકારીઓ તહેવારો માણી શકે તે હેતુથી તા.૧-૧૧-૨૦૨૪ શુક્રવારના રોજ તમામ સરકારી કચેરીઓ (જેમાં પંચાયત અને રાજ્ય સરકારના બોર્ડ / કોર્પોરેશન સહિત) બંધ રહેશે અને તેના બદલામાં ૯-૧૧-૨૦૨૪ બીજા શનિવારના રોજ આ તમામ કચેરીઓ ચાલુ રહેશે.

